દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 243 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 October 2024, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૨ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# યુદ્ધથી સમસ્યા નહિ ઉકેલાયઃ મોદી

## ભારત ‘બુદ્ધની ભૂમિ’ અને ‘વિશ્વબંધુ’ છેઃ વડા પ્રધાન

વિએટિએન (લાઓસ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં પૂર્વ એશિયાના દેશોની ૧૯મી પરિષદને શુક્રવારે સંબોધતા જણાવ્યું હતું કે યુદ્ધથી કોઇ સમસ્યા નહિ ઉકેલાય. વિશ્વમાં પ્રગતિ માટે શાંતિ અને સ્થિરતા સ્થાપવી જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત ‘વિશ્વબંધુ’ છે અને તે પોતાની જવાબદારી સમજીને દરેક જરૂરિયાતમંદોને બનતી દરેક પ્રકારની સહાય કરે છે. ભારત ‘ઓપરેશન સદ્ભાવ’ હેઠળ માનવતાના ધોરણે મદદ કરે છે.

મોદીએ જણાવ્યું હતું કે હું બુદ્ધની ભૂમિનો વતની છું અને અવારનવાર કહું છું કે યુદ્ધથી સમસ્યા ઉકેલી નથી શકાતી. શાંતિ અને સલામતી સામે ત્રાસવાદ મોટો ગંભીર પડકાર છે.

તેમણે રશિયા - યુક્રેન અને ઇઝરાયલ - હમાસ વચ્ચે ચાલતી લડાઇ તાત્કાલિક બંધ કરાવવા દરેક પ્રકારના પગલાં લેવા અનુરોધ કર્યો હતો. મોદીએ અગ્નિ એશિયાના દેશો અને ચીનમાં વાવાઝોડાથી થયેલા જાનમાલના નુકસાન બદલ દુઃખ વ્યક્ત કર્યું હતું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે અમે મ્યાનમારમાં હિંસા બંધ કરાવીને લોકશાહી ફરી સ્થાપવા વિનંતિ કરીએ છીએ. ભારત એક પાડોશી તરીકે મદદ કરવાની દરેક ફરજ નિભાવી રહ્યું છે.

મોદીએ જણાવ્યું હતું કે હિંદ - પ્રશાંત મહાસાગરના વિસ્તારની પ્રગતિ અને સમૃદ્ધિ માટે શાંતિ, સલામતી તેમ જ સ્થિરતા સ્થાપવી મહત્ત્વની છે. આપણા સૌનો અભિગમ વિસ્તારવાદનો નહિ, પણ વિકાસનો હોવો જોઇએ. (એજન્સી)



**પરિષદઃ** લાઓસના વિએન્ટિઅનમાં પૂર્વ એશિયાના દેશોના નેતાઓની ૧૯મી બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી. તેમણે વિશ્વમાં અનેક દેશના ચાલી રહેલા યુદ્ધ બંધ કરાવવા અનુરોધ કર્યો હતો. (પીટીઆઇ)

# ભારતીય સેના દેશની સૌથી વિશ્વાસુ અને પ્રેરણાદાયીઃ રાજનાથ સિંહ

ગંગટોકઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે પ્રશંસા કરતાં કહ્યું હતું કે ભારતીય સેના દેશની સૌથી વિશ્વાસુ અને પ્રેરણાદાયી સંસ્થા છે. તેમણે કહ્યું હતું કે જરૂરના સમયે દેશની સરહદોની સુરક્ષા, આતંકવાદ પર અંકુશ અને નાગરિકી વહીવટીતંત્રને સહાયરૂપ થવામાં ભારતીય સેના સદા અગ્રેસર રહે છે અને મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ખરાબ હવામાનને કારણે તેમનું હૅલિકોપ્ટર સિક્કિમ પહોંચી શક્યું ન હોવાને કારણે પ. બંગાળના સુકમામાં યોજાયેલી આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સને વર્ચ્યુઅલી સંબોધન કરતાં રાજનાથ સિંહે દેશના તમામ સૈનિકે આપેલા યોગદાનની પ્રશંસા કરી હતી અને દેશ માટે બલિદાન આપનારાં જવાનોને યાદ કરી તેમનું બહુમાન કર્યું હતું.

દેશની સુરક્ષા અને સલામતી અંગેની વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીને ધ્યાનમાં રાખીને સેનાનું અત્યાધુનિકિકરણ અને સશક્તિકરણ કરવા બદલ સેનાના નેતૃત્વની તેમણે પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું હતું કે આ કોન્ફરન્સમાં છેલ્લાં પાંચ વર્ષથી હું ભાગ લઈ રહ્યો છું અને તેમાં થતી ઉચ્ચ સ્તરીય ચર્ચાને કારણે દેશ અને સૈન્ય બંનેને લાભ થયો છે.

દેશની પશ્ચિમ અને ઉત્તર સરહદો સાથે રોડની કનેક્ટિવિટી વધારવામાં સહાયરૂપ થવા બદલ તેમણે બૉર્ડર રોડ ઑર્ગેનાઈઝેશન (બીઆરઓ)ની પણ પ્રશંસા કરી હતી.

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધની લડતમાં પોલીસ અને સીઆરપીએફ વચ્ચેના સમજદારીપૂર્વકના જોડાણની પણ તેમણે પ્રશંસા કરી હતી. (એજન્સી)■

# યમનના બળવાખોરોનો જહાજ પર હુમલો

દુબઈઃ યમનના હુતી બળવાખોરોએ રાતા સમુદ્રમાં લાઇબેરિયાના ધ્વજવાળા રસાયણોના ટેન્કર પર ગુરુવારે હુમલો કર્યો હતો.

હુતી બળવાખોરો રાતા સમુદ્રમાંથી પસાર થતાં જહાજો પર અવારનવાર હુમલા કરે છે. આ જળવિસ્તારમાંથી એક સમયે દર વર્ષે એક ટ્રિલ્યન ડૉલરથી વધુના મૂલ્યના માલસામાનની હેરફેર થતી હતી. ગાઝા પટ્ટીમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હોવાથી આ જળવિસ્તારમાંથી જહાજોની અવરજવર ઘટી છે.

બ્રિટિશ લશ્કરના યુનાઇટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે જણાવ્યું હતું કે રાતા સમુદ્રમાં થઇને પૂર્વ આફ્રિકા જઇ રહેલા જહાજ પર ‘પ્રોજેક્ટાઇલ’ની મદદથી હુમલો કરાયો હતો. એક ‘પ્રોજેક્ટાઇલ’ જહાજને લાગતા તેને નુકસાન થયું હતું, જ્યારે અન્ય ત્રણ ‘પ્રોજેક્ટાઇલ’ જહાજની નજીક પડ્યા હતા.

હુતી બળવાખોરો હોડેઇડા બંદર પર નિયંત્રણ ધરાવે છે. તેઓએ અત્યાર સુધીમાં ૮૦થી વધુ જહાજ પર મિસાઇલો અને ડ્રોનની મદદથી હુમલા કર્યા હતા. હુતી બળવાખોરો ઇઝરાયલ, અમેરિકા અને યુકે સાથે સંબંધ ધરાવતાં જહાજોને ખાસ લક્ષ્ય બનાવી રહ્યા છે. (એજન્સી)■

# ડૉલર સામે રૂપિયો ગબડીને પહેલી વાર ૮૪ સુધી પહોંચ્યોઃ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૦.૧ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ૮૪.૧૦ની ઐતિહાસિક તળિયે પહોંચ્યો હતો. હાલમાં મધ્યપૂર્વના દેશોની રાજકીય-ભૌગોલિક તણાવની સ્થિતિના ચડાઉ-ઉતારને કારણે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહે તેમ હોવાથી ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં ગત ઑગસ્ટ મહિનામાં ખાસ કરીને ખનન અને પાવર ઉત્પાદન ક્ષેત્રે કામગીરી મંદ પડતાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ૦.૧ ટકા ઘટ્યો હોવાના અહેવાલ હતા.

સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૯૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નવા ઐતિહાસિક ૮૪.૧૦ના તળિયા સુધી ગબડ્યા બાદ અંતે સર્વોચ્ચ ૮૪.૧૦ની જ સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ગત આઠમી ઑગસ્ટ, ૨૦૨૪થી ડૉલર સામે રૂપિયો ૮૩.૯૯ સુધીની નીચી સપાટી સુધી રૂપિયાને જાળવી રાખ્યા બાદ આજે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૪૯૨૬.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં રિઝર્વ બૅન્કે ડૉલર સામે રૂપિયાને ૮૪ની સપાટી પાર કરવા દીધો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી વિભાગના હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાલીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં દરેક ઘટાડે આયાતકારોની ડૉલરમાં લેવાલી, ઈરાન-ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના તણાવને ધ્યાનમાં લેતાં ક્રૂડતેલમાં મક્કમ વલણ રહે તેમ હોવાથી ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ડૉલર સામે રૂપિયામાં ૮૪.૨૫ સુધીની આગેકૂચ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ૧૦૨.૮૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૮.૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૦.૦૫ પૉઈન્ટનો અને ૩૪.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવવાથી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



**દરિયાઈ મોજાંઃ** ક્યુબાના હવાનામાં મેક્સિકોના અખાત પરથી પસાર થયેલા વાવાઝોડા વખતે બહુ ઊંચાઇએ ઊછળેલા દરિયાના મોજાંની મજા માણતા ફોટા પાડી રહેલા લોકો. આવી મજા માણતા જાન ગુમાવી પણ શકાય છે. (એપી / પીટીઆઇ)

# જાપાનના સંગઠનને શાંતિનું નોબેલ પારિતોષિક

## અણુશસ્ત્રો-વિરોધી ઝુંબેશ ચલાવવા બદલ પસંદગી

ઓસ્લોઃ અણુશસ્ત્રો-વિરોધી ઝુંબેશ ચલાવતા જાપાનના સંગઠન નિહોન હિડાન્ક્યોને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક આપવાની શુક્રવારે જાહેરાત કરાઇ હતી.

અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર અણુબૉમ્બ ફેંક્યા હતા, તેમાં બચી ગયેલા લોકોએ શરૂ કરેલું આ સંગઠન અણુશસ્ત્રો-વિરોધી ઝુંબેશ ચલાવી રહ્યું છે.

રશિયાએ થોડા સમય પહેલાં યુક્રેન સાથેના યુદ્ધમાં જો પશ્ચિમના દેશો વધુ દખલ દેશે, તો અણુશસ્ત્રો વાપરવાની આપેલી ચીમકીને લીધે વિશ્વભરમાં અણુયુદ્ધની ચિંતા ફેલાઇ છે અને આવા સંજોગમાં અણુશસ્ત્રો-વિરોધી ઝુંબેશ ચલાવતા જાપાનના સંગઠનને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક આપવાની જાહેરાત કરાઇ હતી.

અગાઉ, જૉન હોપફિલ્ડ અને જેફ્રી હિલ્ટનને ‘મશીનના બિલ્ડિંગ બ્લોક્સ’ને લગતી શોધ માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક આપવાની જાહેરાત કરાઇ હતી.

નોબેલ પારિતોષિક માટેની સમિતિએ જણાવ્યું હતું કે મશીનની કામગીરી શીખવામાં મદદરૂપ થાય એવી પદ્ધતિ વિકસવામાં પાયાનું કામ કરનારા બે ભૌતિકશાસ્ત્રીને આ વખતે અવૉર્ડ અપાશે.

જૉન હોપફિલ્ડે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં અને જેફ્રી હિલ્ટને ટોરન્ટો યુનિવર્સિટીમાં સંશોધન કર્યું હતું.

ગયા વર્ષે ત્રણ ભૌતિકશાસ્ત્રીને અણુની નાભિને ફરતે ભ્રમણ કરતા ઇલેક્ટ્રોન્સ અંગેના સંશોધન બદલ નોબેલ પારિતોષિક અપાયું હતું.

અમેરિકાના વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકનને મેડિસિન માટે નોબેલ પારિતોષિક આપવાની સોમવારે જાહેરાત કરાઇ હતી.

ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતાને ૧.૧ કરોડ સ્વિડિશ ક્રોનોર (અંદાજે દસ લાખ ડૉલર) અપાય છે.

અર્થશાસ્ત્ર માટેના પારિતોષિક વિજેતાનું નામ ૧૪ ઑક્ટોબરે જાહેર કરાશે. (એજન્સી)■

# ગુજરાતમાં એક મહિનામાં સ્વાઈન ફ્લૂના ૨૦૩ કેસ, પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના સતત વધી રહેલા કેસ ચિંતાનો વિષય બન્યો છે. એક જ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૨૦૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે પાંચ વ્યક્તિનાં મૃત્યુ થયાં છે. ગુજરાતમાં આ વર્ષે જાન્યુઆરીથી ઓગસ્ટ એમ ૮ મહિનામાં સ્વાઇન ફ્લૂના કુલ ૧૨૯૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૩ વ્યક્તિના મૃત્યુ થઈ ચુક્યા છે. સ્વાઈન ફ્લૂના સૌથી વધુ કેસ મામલે ગુજરાત ચોથું સ્થાન ધરાવે છે.

ગુજરાતમાં ૨૦૧૮થી ઓગસ્ટ ૨૦૨૪ સુધી સ્વાઇન ફ્લૂના કુલ ૧૦૭૭૮ કેસ નોંધાયેલા છે. જ્યારે ૩૫૯ વ્યક્તિનાં મૃત્યુ થયાં છે. આ સ્થિતિએ ગુજરાતમાં દર મહિને સ્વાઈન ફ્લૂના સરેરાશ ૧૩૫ કેસ સામે આવે છે અને લગભગ ચારથી વધુ દર્દી જીવ ગુમાવે છે. આ વર્ષે સ્વાઈન ફ્લૂના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યમાં કેરળ ૨૯૨૯ સાથે મોખરે છે, દિલ્હી, પંજાબ, કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્ર પાંચમાં સ્થાને છે. ■

# ફ્લોરિડામાં વાવાઝોડા મિલ્ટનને કારણે આઠનાં મૃત્યુ

સેન્ટ પીટર્સબર્ગઃ મિલ્ટન વાવાઝોડાએ દરિયાકાંઠાના વિસ્તારોમાં અથડાયા પછી ગુરુવારે ફ્લોરિડાના રહેવાસીઓને હરિકેનના કેરમાંથી બચાવી લીધા હતા જ્યાં તેણે ઘરોને ધ્વસ્ત કરી દીધાં હતાં, કાદવથી ભરેલી શેરીઓ અને ઘાતક ટોર્નેડોની આડશ ઊભી કરી હતી જેમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા, પણ બેનો ચમત્કારિક બચાવ થયો હતો.

આ ચમત્કારિક બચાવોમાં, હિલ્સબોરો કાઉન્ટીના અધિકારીઓએ એક ૧૪ વર્ષના છોકરાને લાકડાંના ટૂકડા પરના ટુકડા પર તણાતો જોયો હતો અને તેને બોટ પર ખેંચી લીધો હતો.

કોસ્ટ ગાર્ડ હેલિકોપ્ટર ક્રૂએ એક માણસને બચાવ્યો હતો જે મેક્સિકોના અખાતમાં તેની માછીમારીની બોટ હરિકેન મિલ્ટન દ્વારા પાણીમાં ફસાયા પછી જેણે બરફની લાદી પર ચોંટીને પોતાનો જીવ બચાવ્યો હતો .

એજન્સીનો અંદાજ છે કે આ માછીમાર ૧૨૧ થી ૧૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવન અને રાત દરમિયાન પર ૨૫ ફૂટ ઊંચા ઊછળતાં મોજાંથી પાણમાં બચી ગયો હતો.

હરિકેન હેલેન દ્વારા સર્જાયેલી દુર્ઘટનાના માત્ર બે અઠવાડિયાં પછીના મિલ્ટન વાવાઝોડાએ ૩૦ લાખથી વધુ ગ્રાહકોને વીજળી વિહોણા કર્યા છે.

વિનાશ વેરાયો હોવા છતાં, ઘણા લોકોએ રાહત વ્યક્ત કરી કે મિલ્ટન વધુ ખરાબ નહોતું. વાવાઝોડાએ ટામ્પાને સીધો ફટકો મારતા બચાવ્યો હતો, અને વૈજ્ઞાનિકોને ભય હતો એટલું ઘાતક તોફાન નહોતું. ■



**દશેરાઃ** દેહરાદૂન ખાતે દશેરાને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા રાજા રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પૂતળા. (પીટીઆઇ)



**હિમવર્ષાઃ** ઉત્તરાખંડના ચમોલીમાં શ્રી હેમકુંડ સાહિબ ગુરુદ્વારા ખાતે થયેલી પ્રથમ હિમવર્ષા. શિયાળામાં આ ગુરુદ્વારાના દ્વાર બંધ કરી દેવાય છે. (પીટીઆઇ)

# અમેરિકાના કોલોરાડોમાં સોનાની ખાણમાં ફસાયેલા ૧૨ લોકોનો બચાવ, એકનું મોત

ડેનવરઃ અમેરિકાના કોલોરાડોમાં મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે ઉપયોગમાં લેવાતી સોનાની ખાણમાં લિફ્ટમાં ખામી સર્જાતા કલાકો સુધી ભૂગર્ભમાં ફસાયેલા ૧૨ લોકોને ગુરુવારે રાત્રે સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. જ્યારે આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ટેલર કાઉન્ટીના શેરીફ જેસન મિકસેલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ક્રિપલ ક્રીક શહેર નજીક આવેલી મોલી કેથલીન ગોલ્ડ માઇનમાં લિફ્ટ નીચે તરફ જઇ રહી હતી. ત્યારે સપાટીથી લગભગ ૫૦૦ ફૂટ(૧૫૦ મીટર) નીચે યાંત્રિક ખામી સર્જાઇ હતી, જેના કારણે લિફ્ટમાં હાજર લોકો ફસાઇ ગયા હતા અને તેમાંથી એકનું મૃત્યુ થયું હતું. ફસાયેલા બાર પુખ્ત વયના લોકો જમીનથી લગભગ ૧૦૦૦ ફૂટ(૩૦૫ મીટર) નીચે હતા. મિકસેલે જણાવ્યું કે તેઓ સુરક્ષિત હતા અને રાહ જોતી વખતે અધિકારીઓ સાથે સંપર્કમાં હતા.

મિકસેલે રાત્રે પત્રકારોને જણાવ્યું કે અધિકારીઓને હજુ સુધી એ જાણવા મળ્યું નથી કે લિફ્ટ કેવી રીતે ખરાબ થઇ હતી. એન્જિનિયરોએ ફસાયેલા લોકોને ફરી ઉપર લાવતા પહેલા લિફ્ટ ફરીથી સુરક્ષિત રીતે કામ કરી રહી છે તે સુનિશ્ચિત કર્યું હતું. તેમણે કહ્યું કે મામલાની તપાસ ચાલુ છે. મિકસેલે મૃતકોની ઓળખ જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે લિફ્ટમાં હાજર ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી ચાર લોકોને સામાન્ય ઇજા થઇ છે.

નોંધનીય છે કે આ ખાણ ૧૮૦૦ના દાયકામાં ખૂલી અને ૧૯૬૧માં બંધ થઇ ગઇ હતી. પરંતુ હજુ પણ તેનો ઉપયોગ પ્રવાસન માટે થાય છે અને પર્યટકોને ખાણની અંદર લઇ જવાની સુવિધા છે. જેમાં પ્રવાસીઓ ખાણમાં ૧૦૦૦ ફૂટ નીચે જઇ શકે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઉમરની તાજપોશી, કાશ્મીર ફરી ૨૦૧૪ પહેલાંની સ્થિતિમાં

જમ્મુ અને કાશ્મીરમાં ફરી ઉમર અબ્દુલ્લાની મુખ્ય મંત્રીપદે તાજપોશીનો તખ્તો તૈયાર છે. વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સે બહુમતી મેળવી પછી ઉમર અબ્દુલ્લા મુખ્ય મંત્રી બનશે એ નક્કી જ હતું. ૯૫ સભ્યો ધરાવતી જમ્મુ કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સે ૪૨ બેઠકો જીતી છે જ્યારે તેના સાથી પક્ષ કૉંગ્રેસે ૬ બેઠકો જીતી છે તેથી ૪૮ બેઠકો સાથે બંને પાસે સ્પષ્ટ બહુમતી હતી. હવે ઉમરને ૪ અપક્ષ સભ્યોએ ટેકો જાહેર કર્યો છે.

નેશનલ કોન્ફરન્સના સાથી પક્ષ એવા સીપીએમે પણ એક બેઠક જીતી છે. આમ નેશનલ કોન્ફરન્સને કુલ ૫૩ ધારાસભ્યોનો ટેકો છે તેથી ઉમરની તાજપોશીનો તખ્તો તૈયાર જ હતો ને ચૂંટાયેલા ધારાસભ્યો ઉમરને નેતા તરીકે ચૂંટે એ ઔપચારિકતા બાકી હતી. ગુરુવારે નેશનલ કોન્ફરન્સ વિધાનસભા પક્ષની બેઠક તેમાં તમામ ધારાસભ્યોએ સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને પોતાના નેતા તરીકે પસંદ કર્યા એ સાથે જ એ ઔપચારિકતા પણ પૂરી થઈ ગઈ.

નેશનલ કોન્ફરન્સ પાસે વિધાનસભામાં બહુમતી હોવાથી પોતાના જોરે જ સરકાર રચી શકે તેમ છે પણ ઓમર અબ્દુલ્લા કૉંગ્રેસના સમર્થન પત્રની રાહ જોઈ રહ્યા હતા. શુક્રવારે કૉંગ્રેસનો સમર્થન પત્ર પણ મળી જતાં ઉમરે રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી દીધો ને લેફ્ટનન્ટ ગવર્નરે નિમંત્રણ આમંત્રણ આપતાં હવે ઉમરની તાજપોશી નક્કી જ છે.

ઉમરની તાજપોશી સાથે જમ્મુ અને કાશ્મીરનું રાજકારણ પાછું ૨૦૧૪ પહેલાંના સમયમાં આવી ગયું છે. મોદી સરકારે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી પછી ભાજપ છવાઈ જશે અને વંશવાદી રાજકારણ ચલાવતા પરિવારો ફેંકાઈ જશે એવું કહેવાતું પણ એવું થયું નથી. કમ સે કમ અબ્દુલ્લા પરિવારના કિસ્સામાં તો એવું નથી જ થયું. અબ્દુલ્લા પરિવાર વરસોથી કાશ્મીરના રાજકારણમાં અડિંગો જમાવીને બેઠેલો છે ને સત્તા ભોગવે છે. દેશ આઝાદ થયો ત્યારે ફારુકના પિતા શેખ અબ્દુલ્લાએ પાકિસ્તાનની સામે પડીને ભારતને મદદ કરેલી.

અબ્દુલ્લા અઠંગ ખેલાડી હતા ને લાભ વિના લોટે એમ નહોતા. કાશ્મીરના રાજા હરિસિંહ સામે તેમને વાંધો હતો એટલે દેશ આઝાદ થયો એ પહેલાંથી એ હરિસિંહને તગેડવા મથ્યા કરતા હતા. કાશ્મીરમાં તેમણે પહેલાં જ લોકોને હરિસિંહ સામે ભડકાવી રાખેલા. પાકિસ્તાને અચાનક આક્રમણ કર્યું તેમાં જવાહરલાલ નહેરુ બઘવાઈ ગયેલા ને દોડતા થઈ ગયેલા.

સરદાર વલ્લભભાઈ પટેલ ગૃહ મંત્રી ને નાયબ વડા પ્રધાન હતા પણ એ ઠંડે કલેજે બેઠેલા હતા. રાજા હરિસિંહ હિંદુ હતા પણ ભારત સાથે ગદ્દારી કરેલી. દેશના મોટા ભાગના હિંદુ રાજા ભારત સાથે ભળી ગયેલા પણ હરિસિંહને કાશ્મીરને અલગ દેશ બનાવીને તેના પર રાજ કરવાના અભરખા હતા તેથી ભારત સાથે નહોતા ભળ્યા. કાશ્મીરની મોંકાણ મંડાઈ તેના મૂળમાં રાજા હરિસિંહ છે. આપણે ત્યાં હિંદુવાદીઓ ને બીજા બધા પાકિસ્તાનને ગાળો આપે છે, જવાહરલાલ નહેરુને ચોપડાવે છે પણ કાશ્મીર સમસ્યાના અસલ વિલન હરિસિંહ છે. તેમના પાપે આપણા માથે કાયમનો કકળાટ લખાઈ ગયો.

પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે સરદાર પહેલાં કશું ના કર્યું કેમ કે તેમને ખબર હતી કે હરિસિંહના બાપનો પણ આપણા પગ પકડ્યા વિના છૂટકો નથી. હરિસિંહ સત્તાલાલસુ હતા પણ મૂરખ નહોતા કે પાકિસ્તાન કાશ્મીર પર કબજો કરી લે એટલે પોતે નવરા થઈને બેસી રહેવું પડશે એ ના સમજે. તેમણે તરત સરદારના પગ પકડ્યા. સરદારે કાશ્મીરનું જોડાણ ભારત સાથે કરવાના કરાર પર સહી કર્યા પછી ભારતીય લશ્કર મોકલ્યું પણ ત્યાં લગીમાં પાકિસ્તાનના પીઠ્ઠુ અંદર લગી ઘૂસી આવેલા.

આપણા લશ્કરે પાકિસ્તાનના પીઠ્ઠુઓને ખદેડવા માંડેલા. નહેરુએ યુનાઈટેડ નેશન્સમાં જવાની મૂર્ખામી ના કરી હોત તો આખું જમ્મુ અને કાશ્મીર આપણા કબજામાં હોત. એ વખતે શેખ અબ્દુલ્લા તક જોઈને આપણા પડખામાં ઘૂસી ગયેલા તેથી નહેરુ તેમના પર ફિદા હતા. તેમણે અબ્દુલ્લાને જમ્મુ અને કાશ્મીરના વઝીર એ આઝમ એટલે કે વડા પ્રધાન બનાવી દીધા. ત્યારથી અદુલ્લા પરિવાર જમ્મુ અને કાશ્મીર તેમના બાપની મિલકત છે ને તેના પર રાજ કરવાનો હક તેમના સિવાય કોઈને નથી એમ માનીને વર્તતો રહ્યો છે.

શેખ અબ્દુલ્લાએ હરિસિંહ સામેના આંદોલનનું નેતૃત્વ કરેલું તેથી લોકપ્રિયતા હતી. તેના કારણે જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં કેન્દ્રસ્થાને રહ્યા અને વરસો લગી તેમણે રાજ કર્યું. કાશ્મીરમાં વચ્ચે વચ્ચે બીજા પક્ષો સત્તામાં આવી જાય છે ખરા પણ પછી પાછું અબ્દુલ્લા પરિવારનું જ રાજ આવી જાય છે ને અત્યારે પાછું એ જ થયું છે. શેખ અબ્દુલ્લા ગયા પછી તેમનો દીકરો ફારુક આવ્યો ને પછી ઉમર અબ્દુલ્લા આવ્યો. એ રીતે અબ્દુલ્લા પરિવારની ત્રણ પેઢીએ કાશ્મીર પર રાજ કર્યું છે અને ફરી પાછું તેમનું રાજ આવી ગયું.

અબ્દલ્લા પરિવાર ફરી બેઠો થયો તેમાં ભાજપનું યોગદાન મોટું છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી દેશભરમાં સ્થિતિ બદલાઈ. તેની અસર કાશ્મીર પર પણ પડી હતી. કાશ્મીર કાશ્મીર ખીણ, જમ્મુ અને લેહ-લદાખ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું. આ પૈકી જમ્મુમાં હિન્દુઓની બહુમતી હોવાથી ભાજપે ખિલા ઠોકી દીધા છે પણ માત્ર જમ્મુના જોરે ભાજપ કાશ્મીર પર રાજ ના કરી શકે તેમ હોવાથી ભાજપે મહેબૂબા મુફતીની પીડીપી સાથે જોડાણ કર્યું.

પીડીપી અને ભાજપ બંનેએ કાશ્મીરના વિકાસને પ્રાધાન્ય આપવાની જરૂર હતી પણ તેના બદલે બંને પોતપોતાના રાજકીય એજન્ડાને વળગી રહ્યાં. મહેબૂબા મુફતીને મુસ્લિમ મતબેંક અને કાશ્મીર ખીણની ભાજપ વિરોધી માનસિકતા ધરાવતાં પરિબળોને સાચવવામાં રસ હતો જ્યારે ભાજપને પોતાની હિંદુ મતબેંક સાચવવામાં રસ હતો તેથી એ પ્રમાણે નિર્ણય લીધા તેમાં જોડાણ તૂટ્યું.

મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરીને કાશ્મીરનું વિભાજન કર્યું પણ તેના કારણે જમ્મુ અને કાશ્મીરનાં રાજકીય સમીકરણો ના બદલાયાં. આ કારણે અબ્દુલ્લા પરિવારને ફરી બેઠા થવાની તક મળી ગઈ. કાશ્મીર ખીણમાં મહેબૂબાનો પ્રભાવ વધારે હતો પણ ભાજપ સાથે જોડાણ કર્યું તેમાં મહેબૂબા અપ્રિય થયાં અને અબ્દુલ્લા પરિવાર સિવાય બીજા કોઈ વિકલ્પ કાશ્મીર ખીણના કારણે ના રહ્યો. કાશ્મીરમાં પીડીપી ને ભાજપનું જોડાણ હતું ત્યારે લાગતું હતું કે, ફારુક કે ઉમર ફરી ગાદી પર આવી શકે એમ નથી પણ મહેબૂબાના ભાજપ સાથેનો જોડાણે એ તક આપી દીધી ને ઉમર ફરી મુખ્ય મંત્રીપદે બેસે તેનો તખ્તો તૈયાર છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શનિવાર, તા. ૧૨-૧૦-૨૦૨૪, વિજયાદશમી, દશેરા પર્વ

- ભારતીય દિનાંક ૨૦, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી (તા. ૧૩મી), પછી ધનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૩ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૦૭-૧૮, રાત્રે ક. ૧૯-૩૦,
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૧ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - નવમી. મહાનવમી નાં નૈવેદ્ય, વિજયાદશમી, નવરાત્રોત્થાપન પારણા, દશેરા, સરસ્વતી વિસર્જન, શ્રી હરિજયંતી, શસ્ત્ર-આયુધ પૂજા, વિજય મુહૂર્ત ક. ૧૪-૨૧ થી ૧૫-૦૭, બુદ્ધ જયંતી, સમી પૂજન. મન્વાદિ, બુદ્ધ જયંતી, શુક્ર વૃશ્ચિકમાં ક.૩૦-૦૨, સૂર્ય મહાનક્ષત્ર ચિત્રા, વાહન મહિષી.

• શુભાશુભ દિનશુદ્ધિઃ મુહુર્તરાજ પર્વ શ્રેષ્ઠ દિન. • મુહૂર્ત વિશેષઃ તર્પણ શ્રાદ્ધ. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, વિદ્યારંભ,માલ લેવો, પ્રયાણ શુભ, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચાના કામકાજ, ધજા-કળશ-પતાકા ચઢાવવી, ધાન્ય ભરવું, ગૃહપ્રવેશ, વાસ્તુ, ખાત, ભૂમિપૂજન, ચોપડા બાંધવા આપવા તથા દશેરા પર્વ પૂજનનાં મુહૂર્તોઃ યંત્ર, કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ટેબલેટ, સ્ટેશનરી, પ્રિન્ટર, ફેક્સ, આદિ સાધન પૂજા તથા સમીવૃક્ષ, શસ્ત્ર પૂજન. પૂજન મુહૂર્ત સમય આ પ્રમાણે છે.(૧) સવારે ક. ૦૮-૦૫ થી સવારે ક. ૦૯-૨૯ (શુભ) (૨) બપોરે ક. ૧૨-૨૫ થી બપોરે ક. ૧૩-૫૩ (ચલ) (૩) બપોરે ક. ૧૩-૫૩ થી બપોરે ક. ૧૫-૨૧ (લાભ) (૪) બપોરે ક. ૧૫-૨૧ થી સાંજે ક. ૧૬-૪૯ (અમૃત) (૫) સાંજે ક. ૧૮-૧૭ થી રાત્રે ક. ૧૯.૪૯ (લાભ) (૬) રાત્રે ક. ૨૧-૨૧ થી રાત્રે ક.૨૨-૫૩ (શુભ) (૭) રાત્રે ક.૨૨-૫૩ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૫(તા.૧૩)(અમૃત) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૫ થી ક. ૦૧-૫૭ (તા. ૧૩) (ચલ) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૧ થી ક. ૦૬-૩૩ (તા. ૧૩) (લાભ) • નવરાત્રિ મહિમાઃ હનુમાન ચાલિસા,સુંદરકાંડ,રામચરિતમાનસનો પાઠ ,રામ દરબારની સ્થાપનાં કરી ફૂલ માળા તિલક, ધૂપ ,દીપ સહિત પૂજન કરવું.જે મનુષ્ય શ્રદ્ધાથી ઉપાસના-આરાધના, હવન, પાઠ કરે છે તે દૈવી સિદ્ધિ કક્ષા પ્રાપ્ત કરે છે. ક્યારેય તેનો પરાજય થતો નથી. દસેય દિશાઓથી રક્ષણ થાય છે. તમામ પ્રકારના કષ્ટોથી મુક્તિ મળે છે. સુખસંપત્તિની પ્રાપ્તિ થાય છે. પગના નખથી લઈ માથાના વાળ સહિત તમામ અંગોની રક્ષા થાય છે.અરોગ્ય પ્રાપ્ત થાય છે. ત્રિવિધ તાપ, ત્રિદોષથી રક્ષા થાય છે. ઐશ્વર્યપ્રાપ્તિ થાય છે. • આચમનઃ સૂર્ય-ગુરુ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી. • ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ • ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-તુલા/ વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઈઝરાયલે બૈરુત પર કરેલા હવાઈહુમલામાં બાવીસથી વધુનાં મોત

બૈરુતઃ ઈઝરાયલે ગુરુવારે સાંજે સેન્ટ્રલ બૈરુત પર કરેલા હવાઈહુમલામાં બાવીસથી વધુ લોકોનાં મોત અને ૯૨ જણ ઘાયલ થયા હતા, એમ લેબેનોનના આરોગ્ય ખાતાએ કહ્યું હતું.

પહેલો હુમલો રાસ-એલ-નાબાસ્થિત આઠ માળની એક ઈમારત પર કરવામાં આવ્યો હતો. ઈમારતમાં અનેક વિસ્ફોટ થયા હતા અને સંખ્યાબંધ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી.

બીજો હુમલો બુર્જ અબી હૈદરસ્થિત એક ઈમારત પર કરવામાં આવ્યો હતો. હુમલાને પગલે આ ઈમારત સંપૂર્ણપણે ધરાશાયી થઈ હતી. સામાન્ય રીતે ઈઝરાયલ બૈરુતના દક્ષિણ વિસ્તાર પર અવારનવાર હુમલો કરતું રહે છે, પરંતપ સેન્ટ્રલ બૈરુત પર ભાગ્યે જ હુમલો કરે છે.

ઈઝરાયલ દ્વારા બૈરુતસ્થિત સંયુક્ત રાષ્ટ્રસંઘના વડામથક પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં સંયુક્ત રાષ્ટ્રસંઘના બે શાંતિદૂત પણ ઘાયલ થયા હતા.

યુદ્ધ બાદથી અત્યાર સુધીમાં ઈઝરાયલ દ્વારા લેબેનોન પર કરવામાં આવેલા હુમલામાં ૨,૧૬૯નાં મોત થયાં હોવા ઉપરાંત ૧૦,૨૧૨ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. હિઝબુલ્લા દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં અત્યાર સુધીમાં ઈઝરાયલના ૨૮ નાગરિકો અને ૩૯ સૈનિકનાં મોત થયાં છે. (એજન્સી) ■

### આરજી કર કેસઃ

# છઠ્ઠા દિવસે જુનિયર તબીબોના આમરણાંત ઉપવાસ ચાલુ, એકની હાલત ગંભીર

કોલકાતાઃ આરજી કર હૉસ્પિટલમાં તેમના સાથી મહિલા તબીબ સાથે બળાત્કાર અને હત્યાના વિરોધમાં આંદોલન કરી રહેલા જુનિયર ડોક્ટરોએ શુક્રવારે છઠ્ઠા દિવસે પણ આમરણાંત ઉપવાસ ચાલુ રાખ્યા હતા, જ્યારે હોસ્પિટલમાં દાખલ ભૂખ હડતાળ પર બેઠેલા એક ડોક્ટરની સ્થિતિ ગંભીર હોવાનું આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું.

અનિકેત મહતોને રવિવારથી સતત ભૂખ હડતાળને કારણે તબિયત લથડતા ગુરુવારે રાત્રે સરકારી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે મહતોની સારવાર પર નજર રાખવા માટે પાંચ સભ્યોનું મેડિકલ બોર્ડ બનાવવામાં આવ્યું છે. હૉસ્પિટલના સીસીયૂ ઇન્ચાર્જ ડો.(પ્રોફેસર) સોમા મુખોપાધ્યાયે જણાવ્યું કે તેમને બેભાન અવસ્થામાં હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર છે. તેમને ઓક્સિજન અને અન્ય જરૂરી સારવાર આપવામાં આવી છે, કારણ કે છેલ્લા કેટલાક દિવસોથી તેમણે પાણી પણ પીધું નથી. તેમની હાલત એકદમ અસ્થિર છે.

તેમણે જણાવ્યું કે અમે આશા રાખીએ છીએ કે આગામી થોડા દિવસોમાં તેમની સ્થિતિમાં સુધારો થશે. અમે પાંચ સભ્યોની એક ટીમ બનાવી છે. આ દરમિયાન ભૂખ હડતાળ પર બેઠેલા અન્ય છ લોકોની તબિયત લથડવાના સંકેતો દેખાઇ રહ્યા છે. આ જાણકારી સેન્ટ્રલ કોલકાતાના એસ્પ્લાનેડ વિસ્તારમાં વિરોધ સ્થળ પર હાજર એક અન્ય જુનિયર ડોક્ટર દેબાશિષ હલદરે આપી હતી. વિરોધ કરી રહેલા ડોક્ટર આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મૃત મહિલા તબીબ માટે ન્યાય અને આરોગ્ય સચિવ એનએસ નિગમને તાત્કાલિક હટાવવાની માંગ કરી રહ્યા છે. ■

# દશેરાના શુભ મુહૂર્ત

**વિજયાદશમી (દશહરા-દશેરા),**

આશ્વિન સુદ-૯, સંવત ૨૦૮૦, શનિવાર, તા.૧૨-૧૦-૨૪,નવરાત્રોત્થાપન પારણા,સરસ્વતી વિસર્જન,શ્રી હરિ જયંતી,મન્વાદિ,આયુધ પૂજા,બુદ્ધ જયંતી,શુક્ર વૃશ્ચિકમાં ક.૩૦-૦૨

યંત્ર, કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ, ટેબલેટ, સ્ટેશનરી, પ્રિન્ટર, ફેક્સ, આદિ સાધન પૂજા તથા સમીવૃક્ષ, શસ્ત્ર પૂજન

(વિજય મુહૂર્ત બપોરે ક. ૧૪-૨૧ થી ક. ૧૫-૦૭)

ચોપડા બાંધવા આપવા તથા પર્વ પૂજનનાં મુહૂર્તો

(૧) સવારે ક. ૦૮-૦૫ થી સવારે ક. ૦૯-૨૯ (શુભ)
(૨) બપોરે ક. ૧૨-૨૫ થી બપોરે ક. ૧૩-૫૩ (ચલ)
(૩) બપોરે ક. ૧૩-૫૩ થી બપોરે ક. ૧૫-૨૧ (લાભ)
(૪) બપોરે ક. ૧૫-૨૧ થી સાંજે ક. ૧૬-૪૯ (અમૃત)
(૫) સાંજે ક. ૧૮-૧૭ થી રાત્રે ક. ૧૯.૪૯ (લાભ)
(૬) રાત્રે ક. ૨૧-૨૧ થી રાત્રે ક.૨૨-૫૩ (શુભ)
(૭) રાત્રે ક.૨૨-૫૩ થી ક. ૦૦-૨૫ (તા.૧૨/૧૩) (અમૃત)
(૮) ક. ૦૦-૨૫ થી ક. ૦૧-૫૭ (તા. ૧૩) (ચલ)
(૯) ક. ૦૫-૦૧ થી ક. ૦૬-૩૩ (તા. ૧૩) (લાભ)

-પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા, જ્યોતિર્વિદ

# આગામી સપ્તાહે પંચકુલામાં નવી ભાજપ સરકારનો શપથગ્રહણ સમારોહ યોજાશે

ચંડીગઢઃ હરિયાણામાં ભાજપની નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૫ ઓક્ટોબરે પંચકુલામાં યોજાય તેવી શક્યતા છે. એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે પંચકુલામાં આ કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી છે. અધિકારીએ જણાવ્યું હતું કે શપથગ્રહણ માટેની કામચલાઉ તારીખ ૧૫ ઓક્ટોબર છે. પંચકુલાના ડેપ્યુટી કમિશનર (ડીસી) ડો યશ ગર્ગે જણાવ્યું હતું કે, ''અમે કાર્યક્રમ માટે સ્થળ તૈયાર કરી રહ્યા છીએ.''

શપથ સમારોહ માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે ડીસીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય સમિતિની પણ રચના કરવામાં આવી છે. ભાજપે ચૂંટણી દરમિયાન સંકેત આપ્યો હતો કે જો તે જીતશે તો નયબ સિંહ સૈની (જે અન્ય પછાત વર્ગોમાંથી આવે છે)ને ટોચના પદ માટે તેમની પસંદગી હશે. ■

# કોકેઈન કેસઃ દિલ્હી પોલીસે છ જણ વિરુદ્ધ જારી કર્યું લૂકઆઉટ સરક્યૂલર

નવી દિલ્હીઃ જપ્ત કરવામાં આવેલા રૂ. ૭,૦૦૦ કરોડનું કોકેઈન સંબંધિત કેસને મામલે દિલ્હી પોલીસે ભારતીય મૂળ ધરાવતા બ્રિટિશ નાગરિક સવિન્દર સિંહ સહિત છ જણ વિરુદ્ધ લૂકઆઉટ સરક્યૂલર જારી કર્યું છે.

જોકે દિલ્હીમાં તાજેતરમાં જ ૨૦૮ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું તે અગાઉ જ ભારતીય મૂળ ધરાવતો બ્રિટિશ નાગરિક દેશ છોડીને ભાગી ગયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર દક્ષિણ અમેરિકાના દેશમાંથી લાવવામાં આવેલા ૨૦૮ કિલો ડ્રગ્સના ટ્રાન્સપોર્ટેશન અને ડિલિવરી પર નજર રાખવા સવિન્દર સિંહ ગયા મહિને ભારત આવ્યો હતો. પચીસ દિવસના નિવાસ દરમિયાન સવિન્દર દિલ્હીના જુદા જુદા ત્રણ સ્થળે રહ્યો હતો. જોકે બે ઑક્ટોબરે સિંડિકેટના પહેલા ચાર સભ્યની ધરપકડ કરવામાં આવ્યાનાં તુરંત બાદ તે યુકે નાસી ગયો હતો. ■



**વિનાશઃ** લેબેનોનના બૈરુતમાં શુક્રવારે ઈઝરાયલે કરેલા હવાઈ હુમલાને કારણે વેરાયેલો વિનાશ. ઈઝરાયલ અને લેબેનોનના યુદ્ધમાં જાનમાલની ભારે હાનિ થઇ હતી. (એપી / પીટીઆઇ)

# ૧૫૦ આતંકવાદીઓ એલઓસી પર ઘૂસણખોરીની ફિરાકમાંઃ બીએસએફ

શ્રીનગરઃ શિયાળો નજીક આવતાંની સાથે કાશ્મીર ખીણમાં ઘૂસણખોરી કરવા માટે લગભગ ૧૫૦ આતંકવાદીઓ નિયંત્રણ રેખા (એલઓસી) પરના લોન્ચપેડ પર રાહ જોઈ રહ્યા છે, પરંતુ સુરક્ષા દળો આવા કોઈપણ દાવને નિષ્ફળ કરશે, એમ બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

બીએસએફના ઇન્સ્પેક્ટર જનરલ (કાશ્મીર ફ્રન્ટિયર) અશોક યાદવે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, ''ઘૂસણખોરીના પ્રયાસો સતત થતા રહે છે. અમને વિવિધ એજન્સીઓ પાસેથી મળેલી ગુપ્ત માહિતીના આધારે, અમે સરહદ પર વર્ચસ્વની યોજના સ્થાપિત કરવા માટે સેના સાથે સંકલન કરીએ છીએ.''

''અમે લોન્ચિંગ પેડ્સ પર આતંકવાદીઓની સંખ્યાને પણ ધ્યાનમાં રાખીએ છીએ, જે અમને અમારી વ્યૂહરચના અને વર્ચસ્વની યોજનાને આકાર આપવામાં મદદ કરે છે એ રીતે અમે એમની કોઈપણ યોજનાને નિષ્ફળ બનાવીએ છીએ.''

તેમણે કહ્યું કે સુરક્ષા દળો ઘૂસણખોરીના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવાની ખાતરી કરશે. ■

# પાકિસ્તાનમાં ખાણિયાઓ પર હુમલામાં ૨૦નાં મોત

કરાચીઃ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં શુક્રવારે સવારે અજાણ્યા હથિયારધારી લોકોએ કોલસાની ખાણ પર હુમલો કર્યો હતો. જેમાં ૨૦ ખાણિયાઓનાં મોત થયાં હતાં. જ્યારે આઠ ઘાયલ થયા હતા. દુન્યા ન્યૂઝના અહેવાલ અનુસાર આ ઘટના પ્રાંતના દુક્કી વિસ્તારમાં બની હતી. પાકિસ્તાનમાં હિંસાની શ્રેણીમાં આ તાજો હુમલો છે. આ હુમલો રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાનારી શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટની ઠીક પહેલા થયો છે. જિલ્લા પ્રમુખ દુક્કી હાજી ખૈર ઉલ્લાહ નાસિરના જણાવ્યા અનુસાર હુમલાખોરોએ હુમલામાં હેન્ડ ગ્રેનેડ અને રોકેટ લોન્ચરનો ઉપયોગ કર્યો હતો. આ વિસ્તારમાં દસ કોલસાની ખાણો આવેલી છે. નાસિરે જણાવ્યું કે હુમલાખોરોએ ઘટનાસ્થળેથી ભાગતા પહેલા માઇનિંગ મશીનરીને પણ આગ ચાંપી હતી. આ હુમલામાં ૨૦ ખાણિયાનાં મોત અને આઠ ઘાયલ થયા હતા.

હુમલા બાદ પોલીસ, અર્ધલશ્કરી ફ્રન્ટિયર કોર્પ્સ(એફસી) અને બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકોની સંખ્યા વધી શકે છે, કારણ કે કેટલાક ઘાયલ સગીરોની હાલત ગંભીર છે. ■

# આસામની જેલમાંથી પાંચ અંડરટ્રાયલ કેદી ફરાર

મોરીગાંવઃ આસામના મોરીગાંવ જિલ્લા જેલમાંથી શુક્રવારે વહેલી સવારે પાંચ અંડરટ્રાયલ કેદીઓ ભાગી ગયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

મોરીગાંવના જિલ્લા કમિશ્નર દેવાશિષ શર્માના જણાવ્યા અનુસાર જેલમાંથી ભાગી જવાની ઘટના સવારે ૧ થી ૨ વાગ્યાની વચ્ચે બની હતી. તેમણે જણાવ્યું કે પાંચ અંડરટ્રાયલ કેદી પોક્સો એક્ટ(પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં આરોપી હતા. તેમની મોરીગાંવ અને સોનિતપુર જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી. એક અન્ય અધિકારીએ જણાવ્યું કે કેદીઓએ તેમના સેલની લોખંડની ગ્રીલ તોડી નાખી અને પછી ચાદર, ધાબળા અને લુંગીનો ઉપયોગ કરીને દોરડું બનાવ્યું અને જેલની ૨૦ ફૂટ ઊંચી દિવાલ પરથી નીચે ઊતર્યા હતા. તેની ધરપકડ કરવા માટે શોધખોળ ચાલુ છે. શર્માએ કહ્યું કે આ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે તપાસમાં એ પણ જોવામાં આવશે કે જેલના સુરક્ષાકર્મીઓ દ્વારા કોઇ ભૂલ થઇ છે કે નહીં. પાંચમાંથી ત્રણની લહરીઘાટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસ માટે ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે એકની મોઇરાબારી અને એકની તેજપુર પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ■

# કેરળ વિધાનસભામાં બદનક્ષીપૂર્ણ ટિપ્પણી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહીની આરએસએસની ચેતવણી

તિરુવનંતપુરમઃ શાસક અને વિપક્ષના સભ્યો દ્વારા કેરળ વિધાનસભામાં આરએસએસ અંગે કરવામાં આવેલી બદનક્ષીપૂર્ણ ટિપ્પણીને મામલે કેરળસ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કાયદેસર કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

આ વરસે થ્રિસુર પુરમ ખોરવી નાખવા પાછળ આરએસએસનો હાથ હોવાના જવાબદાર હોદ્દા પર બેઠેલા લોકો વિધાનસભાની અંદર તેમ જ બહાર આ પ્રકારના પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યા છે એ ખરેખર વખોડવાલાયક બાબત છે. ક્યા આધારે આ લોકો આ પ્રકારના આક્ષેપો કરી રહ્યા છે એવો સવાલ કેરળસ્થિત આરએસેસના નેતા એન. ઈશ્વરન અને પ્રાન્થા કાર્યવાહકે કર્યો હતો. સંઘના નેતાઓ આ મામલે ચર્ચા કરવા જલદી જ ગવર્નર આરિફ મોહમ્મદ ખાન અને સ્પીકર એ. એન. શમશિરને મળશે. પ્રધાન, વિધાનસભ્ય અને વિપક્ષના નેતાઓ રાજકીય લાભ માટે બિનજરૂરી રીતે આરએસએસના નામનો ઉપયોગ કરી રહ્યા છે એવો આક્ષેપ તેમણે કર્યો હતો. (એજન્સી) ■

# કચ્છમાં ચોમાસુ ફરી સક્રિય થયું?: ભુજ, ભચાઉ, નખત્રાણા અને માંડવી સહિતનાં મથકોમાં છૂટોછવાયો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મોસમ વિભાગે નૈઋત્ય ચોમાસાની સત્તાવાર વિદાય જાહેર કરી દીધી હોવા છતાં ગુજરાત પર સર્જાયેલાં સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ આગામી પાંચ દિવસ દરમ્યાન મિનિ વાવાઝોડાં સાથે છુટોછવાયો વરસાદ થવાની આગાહી કરાઈ છે ત્યારે દસેક દિવસનો વિરામ રાખ્યા બાદ રણપ્રદેશ કચ્છના ભુજ અને તેની આસપાસના વિસ્તારો, નખત્રાણા, ભચાઉ અને બંદરીય માંડવી સહિતના સ્થળોએ ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસતાં અસહ્ય તાપથી ઉષ્ણ બની ગયેલાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

ભુજ ઉપરાંત માતાના મઢ ખાતે પણ ઝરમર ઝાપટું વરસતાં અંતિમ પડાવમાં પહોંચેલી આસો નવરાત્રી નિમિતે દર્શનાર્થે આવેલા ભાવિકોને ગરમીમાંથી છુટકારો મળ્યો હતો. પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના કાંઠાળ ગામોમાં પણ અષાઢી માહોલ સર્જાયો હતો અને જંગી ગામમાં ઝાપટું થતાં માર્ગો પરથી પાણી વહી નીકળ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં આ વર્ષે ચોમાસાએ અદ્‌ભુત માહોલ ખડો કરી દીધો છે અને સમગ્ર ગુજરાતની જેમ કચ્છમાં પણ જ્યાં દુનિયાનો સૌથી વધારે વરસાદ પડે છે તે પૂર્વનાં રાજ્યો મેઘાલય અને આસામ જેવો માહોલ ખડો કર્યો છે. આટલું લાબું અને યાદગાર ચોમાસું કચ્છમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં નોંધાયું નથી. નવરાત્રી પર્વ પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે રાજ્યની સાથે સાથે રણપ્રદેશ કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના ભારે ઝાપટાઓ વરસતા આસો મહિનામાં અષાઢી માહોલ ખડો થયો છે.

હજુ જામેલા ચોમાસાને પગલે ગરબીના આયોજકોને પણ મુશ્કેલી ઊભી થવા પામી છે. ખેલૈયાઓને કાદવ-કીચડમાં ગરબા રમવા પડે તેવો તાલ સર્જાયો છે.જો વધુ વરસાદ થશે તો ખરીફ પાકને નુકશાન થવાની સ્થિતિ સર્જાઇ છે. મગફળી, બાજરી, ગુવાર, કપાસ વગેરેને નુકસાનીની શંકા છે. ■

# ગુજરાતમાં ૨.૬ કરોડ લોકોને આયુષ્માન કાર્ડ અપાયા

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શાસનધુરા સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીએ જનજનના આરોગ્ય અને સુખાકારી સુનિશ્ચિત કરતાં વિવિધ યોજનાઓ અને પહેલો લોન્ચ કરી હતી. બે દાયકા પહેલાં દર્દીઓ આધુનિક સારવાર કે મોંઘી શસ્ત્રક્રિયાથી વંચિત રહેતા હતા, જ્યારે આજે ગુજરાતના કરોડો નાગરિકો આયુષ્માન કાર્ડ થકી નિ:શુલ્ક તબીબી સારવાર મેળવી રહ્યા છે. ગુજરાતમાં તમામ નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે મજબૂત આરોગ્ય માળખું વિકસિત કરવામાં આવ્યું છે. ખાસ કરીને રાજ્યના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી ક્ષેત્રોના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસતા ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોની આરોગ્ય સુખાકારી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વડા પ્રધાનશ્રીએ સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાતના મંત્રને આત્મસાત કરતાં કરોડો નાગરિકોના સ્વાસ્થ્યમાં ગુણવત્તાસભર સુધારો લાવ્યો છે. તેમણે દર્શાવેલા પથ પર આગળ વધીને આજે ભૂપેન્દ્ર પટેલની સરકાર ગુજરાતના આરોગ્ય ક્ષેત્રને વધુ સુદૃઢ બનાવવા માટે અનેક નવા નિર્ણયો, યોજનાઓ અને પહેલો હાથ ધરી રહી છે. ■

# ગુજરાત બોર્ડ ધો. ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા વર્ષમાં બે વખત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. જે મુજબ આગામી મખ્ય બોર્ડ પરીક્ષા ફેબ્રુઆરીથી માર્ચમાં લેવાયા બાદ જૂનમાં ધોરણ ૧૨ સાયન્સ સાથે ધોરણ ૧૦ અને સામાન્ય પ્રવાહમાં માટે બીજીવાર બોર્ડ પરીક્ષા એટલે કે તમામ વિષયોની પુરક પરીક્ષા લેવાશે. ગત વર્ષે ધોરણ ૧૨ સાયન્સમાં બેસ્ટ ઓફ ટુની સ્કીમ લાગુ કરાયા બાદ હવે ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં બેસ્ટ ઓફ ટુની સ્કીમ મુજબ વિદ્યાર્થીને પૂરક પરીક્ષામાં પરિણામ સુધારવાની તક મળશે.

સીબીએસઈ દ્વારા જે રીતે ધોરણ ૧૦ અને ૧૨માં બે વાર બોર્ડ પરીક્ષા લાગુ કરવામા આવી છે તે જ રીતે ગુજરાત બોર્ડે પણ ગત વર્ષથી બે વાર બોર્ડ પરીક્ષાની પેટર્ન સાથે બેસ્ટ ઓફ ટુની સ્કીમ લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે ગત વર્ષે માર્ચમાં ધોરણ ૧૨ સાયન્સની મુખ્ય પરીક્ષા બાદ જુનમાં બીજી વારની બોર્ડ પરીક્ષા લેવાઈ હતી. પરંતુ ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ માટે તમામ વિષયોની બીજી વાર બોર્ડ પરીક્ષા -પુરક પરીક્ષા લેવાઈ ન હતી. હવે ચાલુ શૈક્ષણિક વર્ષમાં એટલે કે આગામી ૨૦૨૫માં બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ તમામ વિષયો માટે પૂરક પરીક્ષા લેવાશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમ ૨૦૦૫માં સુધારો કરવામાં આવ્યો હતો. અગાઉ એવી જોગવાઈ હતી કે માત્ર માર્ચમાં જ પરીક્ષા લેવી પરંતુ બોર્ડે આ જોગવાઈ સુધારીને હવે કોઈ પણ માસમાં એટલે કે બોર્ડ નક્કી કરે તે માસમાં લેવાશે. નક્કી કરેલા કેન્દ્રોની જાણ સ્કૂલોને જે તે જાન્યુઆરીમાં માસમાં કરવામાં આવશે. ■

# ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા મુદ્દે ગુજરાત હાઇ કોર્ટનું આકરું વલણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કરતા વાહન ચાલકો વિરુદ્ધ ગુજરાત હાઇ કોર્ટે આકરું વલણ અખત્યાર કર્યું હતું, હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે વધુ એક વખત હેલ્મેટના નિયમોનું પાલન નહીં કરાવવા બાબતે રાજ્ય સરકાર પરત્વે નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, એવી ટેકનોલોજી અપનાવો કે જો કોઇ ટુ વ્હીલર ચાલક હેલ્મેટ વગર પસાર થતો હોય અને ટ્રાફિક કેમેરામાં ઝડપાય તો તેને સીધું જ દંડ માટેનું ઇ ચલણ ફટકારમાં આવે. આવા કેમેરા મુખ્ય ટ્રાફિક જંકશન ઉપર નહીં પરંતુ તમામ સ્થળે હોવા જોઇએ.

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા વિશે સુનાવણી કરી રહી હતી. તેમાં એડવોકેટ જનરલ તરફથી જણાવવામાં આવ્યું હતું કે લોકોને હેલ્મેટ પહેરવા માટે જાગૃત કરવા માટે રાજ્ય સરકારની તિજોરીમાંથી એક હજાર હેલ્મેટ ખરીદીને લોકોને આપવામાં આવ્યા છે. આથી જે લોકો દંડ કે લાઇસન્સ સસ્પેન્ડ કરવાથી પણ માનતા નથી તેઓ કદાચ જાગૃત થાય અને પોતાને હવે હેલ્મેટ પહેરવું જોઇએ તેવો ખ્યાલ આવશે. જો કે કોર્ટે આ બાબતથી સંતોષ વ્યક્ત કર્યો નહોતો. કોર્ટે કહ્યું હતું કે, પોલીસવાળા સ્થળ ઉપર પૈસા લઇ લે અને ચલણ ફટકારતા નથી.

હાઈ કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે, ભ્રષ્ટાચારને રોકવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ. કેમેરામાં ઝડપાય અને તરત જ ચલણ જારી થવું જોઇએ. ટ્રાફિક જંક્શન ઉપર રેડ લાઇટ અને લેન વાયોલેશનમાં જેમ ચલણ નીકળે છે તેવી જ રીતે હેલ્મેટ બાબતે પણ થવું જોઇએ.

જો રાજ્ય સરકાર હેલ્પલેસ હોય તો અમે રસ્તા ઉપર જઇને આ કામ કરવાના નથી. આ બાબતમાં રાજ્ય સરકારની મજબૂરી દેખાય છે. અખબારોમાં હેલ્મેટ પહેરવાના નિયમોનો અમલ કરવામાં આવશે તેવા અહેવાલો આવે છે, પરંતુ હકીકતમાં તો કોઇ હેલ્મેટ પહેરવાની દરકાર લેતું નથી. તેઓની જિંદગીનો સવાલ છે.■

# ગર્ભ પ્રત્યારોપણથી માંડવીના ગોધરામાં એકસાથે બે તંદુરસ્ત વાછરડી જન્મી: રાજ્યની પહેલી ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દૂધાળા પશુઓની ઓલાદ સુધારણા અંતર્ગત વૈજ્ઞાનિક ઢબે ચાલતાં એમ્બ્રિયો ટ્રાન્સફર એટલે કે, ગર્ભ પ્રત્યારોપણના મહત્ત્વના પ્રયોગ અંતર્ગત કચ્છના બંદરીય માંડવી તાલુકાના ગોધરા ગામ ખાતે એક પશુપાલકની ગાયે બે તંદુરસ્ત વાછરડીને જન્મ આપ્યો છે.

નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના સહયોગથી સરહદ ડેરીએ ઓલાદ સુધારણા અંતર્ગત શરૂ કરેલા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સરહદ ડેરીના સભાસદ વીરજી કરશન વરસાણીની માલિકીની ગાયમાં ગત ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ક્રોસ કાંકરેજ ઓલાદનું ગર્ભપ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. સરહદ ડેરી દ્વારા અત્યાર સુધી ૮૧ ગાયમાં ગર્ભ પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે અને તેમાંથી ૧૦ વાછરડી જન્મેલી છે. જો કે, એક જ ગાયથી બે વાછરડી જન્મી હોય તેવી ગુજરાતની આ પહેલી અને દેશની ત્રીજી ઘટના છે.

આ વાછરડીઓ અઢી વર્ષ પછી વિયાશે ત્યારે ૨૫થી ૩૦ લિટર જેટલું એક દિવસમાં દૂધ આપતી થશે તેવો દાવો કરીને સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે આ ઘટના ઐતિહાસિક હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે, ગર્ભ પ્રત્યારોપણ અંતર્ગત ઉત્તમ ઓલાદની ગાય કે ભેંસના ગર્ભમાં સૌપ્રથમ ફલિનીકરણ કરવામાં આવે છે. તેના એક સપ્તાહ બાદ પશુચિકિત્સક દ્વારા કેથેટરની મદદથી ડોનર માદાના ગર્ભાશયમાંથી ગર્ભજળ એટલે કે ફ્લુઈડ્સ સાથે ગર્ભને કાઢી લઈને અન્ય ગાયના ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. વિદેશોમાં તો આ ટેક્નોલોજી એટલી હદે આગળ વધી ગઈ છે કે દૂધાળા ઢોરના સ્થાને તેના ગર્ભને નાઈટ્રોજનમાં ફ્રીઝ કરીને લાંબા અંતર સુધી પરિવહન કરાય છે. વૈજ્ઞાનિકોના અભિપ્રાય પ્રમાણે આ ટેક્નોલોજીની સફળતાનો દર પચાસ ટકા જેટલો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ પ્રધાન ભારત દેશમાં કેન્દ્રના કૃષિ મંત્રાલય, પશુપાલન મંત્રાલય અને નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા લાંબા સમયથી પશુઓની ઓલાદ સુધારણા અંતર્ગત આવા વિવિધ પ્રોજેક્ટ્સ ચાલે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શિષ્ય ડો.મણિભાઈ દેસાઈએ ગ્રામ સ્વરાજને પ્રોત્સાહન આપવા ૧૯૬૭માં ઉરુલિ કાંચનમાં સ્થાપેલી ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન નામની સ્વૈચ્છિક સંસ્થાના વૈજ્ઞાનિક ડો. હેમંત કદમના જણાવ્યા પ્રમાણે તેમની સંસ્થાએ વર્ષ ૧૯૯૦થી ગર્ભ પ્રત્યારોપણનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. વર્ષ ૨૦૧૪માં કૃષિ મંત્રાલયે રાષ્ટ્રીય ગોકુલ મિશન પ્રોજેક્ટ હેઠળ ગર્ભ પ્રત્યારોપણના પ્રોજેક્ટને અમલી બનાવ્યો હતો અને કેન્દ્ર સરકારના પશુપાલન મંત્રાલય દ્વારા બોવાઈન પ્રોડક્ટીવીટી સ્કીમ હેઠળ પશુઓમાં સામૂહિક રીતે ગર્ભ પ્રત્યારોપણનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ■

# સુરતના માંગરોળમાં ગેંગરેપનો ત્રીજો ફરાર આરોપી ઝબ્બે: ટ્રેન માર્ગે રાજસ્થાન નાસી રહ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં સગીરા પર ગેંગરેપની ઘટનામાં ફરાર ત્રીજા આરોપીને પકડી લેવામાં આવ્યો હતો, ટ્રેન માર્ગે રાજસ્થાન નાસી રહ્યો હતો ત્યારે રેલવે પોલીસે ઝડપી પાડ્યો હતો. સુરતના માંગરોળ દુષ્કર્મ કેસનો વોન્ટેડ આરોપી રામસજીવન ઉર્ફે રાજુ રામસબત વિશ્વકર્મા મુંબઈ - અજમેર ટ્રેનમાં રાજસ્થાન જતો હોવાની માહિતી મળતા રેલવે ટીમે અમદાવાદ સાબરમતી સ્ટેશન ખાતેથી ટ્રેનમાંથી ઝડપી લીધો હતો અને આરોપીને સુરત ખાતે લાવવાની તજવીજ ચાલુ કરી હતી. આ પૂર્વે બે આરોપી પકડાયા હતા. તેમાંથી એકનું મોત થઇ ગયું હતું.

ત્રણ આરોપી પૈકી બે નરાધમ એવા મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાને પોલીસે ઝડપી લીધા હતા, જ્યારે રાજુ નામનો આરોપી ભાગી છૂટ્યો હતો. ત્યાર બાદ પોલીસની પૂછપરછમાં બપોર બાદ શિવશંકરને શ્વાસ લેવામાં તકલીફ થતા ૧૦ ઓક્ટોબરે શિવશંકરનું સુરત સિવિલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. તેના મૃતદેહની ફોરેન્સિક પોસ્ટમોર્ટમની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ચંદ્રેશ ટેલરની અધ્યક્ષતામાં ૫ એક્સપર્ટ ટીમ દ્વારા પીએમ શરૂ કરવામાં આવ્યું છે. વીડિયોગ્રાફી સાથે પીએમ કરવામાં આવી રહ્યું છે. જ્યારે મુન્નાની બરાબરની ‘ટ્રીટમેન્ટ’ થઈ હોવાથી ત્રણ પોલીસકર્મીએ ઊંચકીને કોર્ટમાં લઈ જવો પડ્યો હતો. જ્યાં કોર્ટે તેના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ■

# વડોદરાના યુનાઈટેડ વેના આયોજકોએ હિસાબ રજૂ કરવા ચેરિટી કમિશનરનું ફરમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના પ્રખ્યાત યુનાઇટેડ વે ગરબા સંચાલકો દ્વારા હિસાબી ગડબડ કરવા મામલે ચેરિટી કમિશનરે કડક વલણ અપનાવ્યું છે, ચેરિટી કમિશનરની કચેરી દ્વારા યુનાઇટેડ વે ના આયોજકોને હિસાબો સાથે હાજર થવા માટેનું ફરમાન આપવામાં આવ્યું હતું, આ મામલાની વધુ કાર્યવાહી નવરાત્રી બાદ હાથ ધરાઇ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં વડોદરાના જાગૃત મહિલા વકીલ દ્વારા જાણીતા યુનાઇટેડ વે ગરબા સંચાલકો દ્વારા હિસાબી ગડબડ કરવામાં આવતી હોવાના આરોપસર ચેરિટી કમિશનરની કચેરીએ લેખિત ફરિયાદ કરી હતી. તે ફરિયાદને ધ્યાને લઇને ચેરિટી કમિશનરની કચેરી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ચેરિટી કમિશનરને કરેલી અરજીમાં યુનાઇટેડ વે ઓફ બરોડા, અમિત ગોરડિયા, શિવિન્દરસિંઘ ચાવડા, રાકેશ અગ્રવાલ, મીનેશ નટુભાઇ પટેલ, પ્રીતિબેન વિમલભાઇ પટેલ, પરેશ સરૈયા, ભરત પટેલ, સમીર આર. પરીખ, પીનાકીન શાહ, હેમંત પી. શાહ, અરવિંદ નારાયણ નોપાણી, શ્રીમતી હરનીલ કૌર ચાવલા, કુંજલભાઇ લલિતભાઇ પટેલ અને અતુલભાઇ હીરાભાઇ પટેલના નામોનો ઉલ્લેખ હતો. અરજીમાં કરેલા ગંભીર આરોપો સામે ચેરીટી કમિશનરની કચેરી દ્વારા તપાસ શરૂ કરી હતી. આયોજકોનો હિસાબી વહી લઇને હાજર થવાનું ફરમાન કરવામાં આવ્યું હતું.

અરજીમાં જણાવ્યા અનુસાર, અગાઉ પરચૂરણ અરજી તેમના સમક્ષ દાખલ કરવામાં આવી છે. જેમાં બે સંસ્થાઓ સમાંતર નામ ધરાવતી હોવાથી જે પૈકીની એક ચેરિટી કમિશનર વડોદરા ખાતે નોંધાયેલી છે. જ્યારે અન્ય યુનાઇટેડ વડોદરા ફાઉન્ડેશન સેક્શન (૮) કંપની તરીકે નોંધવામાં આવી છે. વર્ષોથી ગરબાનું આયોજન કરનાર યુનાઇટેડ વે ઓફ બરોડા ના નામે કરોડો રૂપિયાની એન્ટ્રી અન્ય નોન પ્રોફિટ કંપની યુનાઇટેડ વડોદરા ફાઉન્ડેશનમાં જાય છે. આમ તેમના દ્વારા કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

અરજીમાં વધુમાં જણાવ્યા અનુસાર, ૨૫૦૦ જેટલા વ્યક્તિઓએ નાણાં ચૂકવ્યા બાદ તેમને પાસ મળ્યા નથી તેવી રજૂઆત સોશિયલ મીડિયામાં જણાય છે. તે વિશે જીએસટી ચોરી તથા ટ્રસ્ટના એકાઉન્ટ બહાર પાસ વેચી નાણાંકિય ઉચાપતના ષડ્યંત્રનો આરોપ મૂકવામાં આવ્યો છે. જો ગરબાના પાસની કાળા બજારી કરવામાં આવી હોય તો તેની પણ તપાસ કરવા માંગ કરવામાં આવી છે. ■

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૭ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આઠમા નોરતે ભારે વરસાદ વરસ્યો હતો. મેઘરાજાની સવારી છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૭૭ તાલુકામાં પહોંચી હતી. સૌથી વધુ વરસાદ તાપી અને સુરત જિલ્લામાં ખાબક્યો હતો. જેના કારણે ગરબા રમવા નીકળેલા ખેલૈયાઓ ભારે નિરાશ થયા હતા. જાણો ક્યાં તાલુકામાં કેટલો વરસાદ વરસ્યો હતો. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૭૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ તાપીના વલોડમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ૭ તાલુકામાં ૨ ઈંચથી વધુ જ્યારે ૧૭ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે અન્ય તાલુકાઓમાં સામાન્યથી ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ■

# વડોદરા ગેંગરેપના આરોપીના ઘરનું પાણી, ડ્રેનેજ અને વીજ કનેક્શન કપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના ચકચારી ભાયલી ગેંગ રેપ કેસના મુખ્ય આરોપી મુન્ના બનજારાના તાંદલજા કાળી તલાવડી સ્થિત મકાનના પાણી, ડ્રેનેજ અને વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન અનુસાર, મંજૂરી લીધા બાદ જ ડિમોલિશન કરી શકાય. દુષ્કર્મની ઘટના બહાર આવ્યા બાદ પાલિકા દ્વારા આરોપીઓના ઘરને નોટિસ પાઠવવામાં આવી હતી. તે પૈકી કેટલાક ભાડાના મકાનમાં રહેતા હોવાનું પણ સપાટી પર આવ્યું હતું. પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની સ્થાનિકોએ પણ પ્રશંસા કરી હતી.

પાલિકા તંત્ર દ્વારા તેના તાંદલજા સ્થિત નિવાસસ્થાને પાણી, ડ્રેનેજ અને વિજ કનેક્શન કાપવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંગે વોર્ડ નં - ૧૦ ના ભાજપના કોર્પોરેટર નિતીન દોંગાએ જણાવ્યું હતું કે, હાલમાં સુપ્રીમ કોર્ટે ગાઇડલાઇન આપી છે કે, કોઇ પણ ડિમોલીશન કરવું હોય તો મંજુરી લેવી પડશે. તે અંગે અમે જિલ્લા કલેક્ટરને રજુઆત કરવા જવાના છીએ. હાલ ડ્રેનેજ પાણી અને વિજ કનેક્શન કાપવામાં આવી રહ્યા છે. મેં પહેલા બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, આરોપીઓ સિવાય બીજા કોઇ પણ નિર્દોષ લોકોને હેરાન કરવાનો અમારો કોઇ પણ ઇરાદો નથી. એટલા માટે બીજા કોઇએ ભયભીત થવાની કોઇ જરૂરત નથી. આ અંગે પાલિકાના કર્મીએ પણ જણાવ્યું હતું કે, બાંધકામ શાખા દ્વારા આ મકાન ગેરકાયદેસર હોવા અંગેની નોટિસ પાઠવી હતી. અત્યારે ઘરનું પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપવાની કામગીરી કરવામાં આવી રહી છે. મકાન દૂર કરવા અંગે સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. હમણાં તે અંગે કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલ વોર્ડ કક્ષાએ પાણી અને ડ્રેનેજના કનેક્શન કાપવામાં આવી રહ્યા છે. ■

# ગુજરાતમાં સાત જળશક્તિ અભિયાન થકી પાણીસંગ્રહ ક્ષમતામાં ૧.૧૯ લાખ ઘનફૂટનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે શરૂ કરેલું રાજ્યવ્યાપી જળ શકિત અભિયાન સફળ થઈ રહ્યું છે, રાજ્યમાં કુલ ૦૭ જળ અભિયાન થકી ગુજરાતમાં પાણીની સંગ્રહ ક્ષમતામાં ૧,૧૯,૧૪૪ લાખ ઘનફૂટથી વધુનો નોંધપાત્ર વધારો થયો છે. આ અભિયાન અંતર્ગત ૯૮ હજાર કામોથી ૧ કરોડ ૯૨ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે. રાજ્ય સરકારના સફળ અભિયાનના પરિણામે વર્ષ ૨૦૨૦માં પ્લેટિનિયમ તથા વર્ષ ૨૦૨૧માં ગોલ્ડન કેટેગરીમાં સ્કોચ એવોર્ડ રાજ્યને એનાયત કરવામાં આવ્યો હતો. ■

# વડોદરાના હરણી બોટકાંડમાં ઉચ્ચ અધિકારીઓ પર તવાઈ: જવાબ રજૂ કરવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના હરણી તળાવમાં જાન્યુઆરી ૨૦૨૪ના રોજ બાળકો-શિક્ષકો ભરેલી બોટ પલટી જતા મોટી દુર્ઘટના સર્જાઇ હતી. આ દુર્ઘટનામાં બાળકો અને શિક્ષકો મળીને ૧૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ મામલે ગુજરાત હાઇ કોર્ટે પહેલાથી જ કડક વલણ અપનાવ્યું છે.

તાજેતરમાં એડવોકેટ જનરલે જાણ કરી હતી કે, હરણી બોટકાંડ કેસમાં વડોદરાના તત્કાલીન બે મ્યુનિસિપલ કમિશનર સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે. મહિનાના અંત સુધીમાં બંને અધિકારીઓએ પોતાનો જવાબ રજૂ કરવાનો રહેશે. ત્યાર બાદ તેમની ખાતાકીય તપાસ આગળ વધશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેસમાં બે અધિકારીઓ સામે તવાઇ આવી છે. તે પૈકી એક આઈએએસ વિનોદ રાવ છે, જે હાલ રાજ્ય સરકારના ઉચ્ચ હોદ્દા પર ફરજ નિભાવી રહ્યા છે. જ્યારે અન્ય અધિકારી એચ એસ પટેલ છે, જેઓ રિટાયર્ડ થઇ ચૂક્યા છે.

કોર્ટે જણાવ્યું હતું કે, નોટિસ બાદ પણ કોટિયા પ્રોજેક્ટ તરફથી કોઇ હાજર થયું નથી. આ મામલે આગામી ૧૮ ઓક્ટોબરના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. આગામી મુદત સુધીમાં કોઇ હાજર નહીં રહે તો કોર્ટ સ્વયં મૃતક અને પીડિતોને વળતર અંગેનો મુદ્દો નક્કી કરશે. કોન્ટ્રાક્ટરે મૃતકોના પરિવારજનોને વળતર ચૂકવવું જોઇએ તેવી રજૂઆત બાદ કોર્ટે હુકમ કર્યો હતો. ■

# વડોદરા દુષ્કર્મના આરોપીઓનું એન્કાઉન્ટર કરો- ભાજપના ધારાસભ્ય શૈલેષ સોટ્ટા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં નવરાત્રીના બીજા નોરતે સંસ્કારી નગરીને કલંકિત કરનારી ગેંગ રેપની ઘટનાના કારણે લોકોમાં ભારે રોષ છે, રાજ્યમાં આ વિકૃત માનસિકતા ધરાવતા આરોપીઓને કડકમાં કડક કાર્યવાહી થાય તેવી માંગ ઊઠી છે, આ દરમિયાન ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા (સોટ્ટા) દ્વારા આરોપીઓને ફાંસી આપવાની માંગ મૂકવામાં આવી હતી. તેમણે આ મામલે કોઇ પણ પક્ષાપક્ષીથી ઉપર જઈને બહેન દીકરીઓને ન્યાય અપાવવો જોઇએ તેમ જણાવ્યું હતું. વડોદરા ગેંગ રેપની ઘટના બાદ અનેક જગ્યાએ દુષ્કર્મની ઘટનાઓ બની હતી. જે અંગે તેમણે દુષ્કર્મના આરોપીઓનું એન્કાઉન્ટર કરી દેવું જોઇએ તેવો અંગત મત મીડિયા સમક્ષ રજુ કર્યો હતો.

વડોદરાના ડભોઇના ધારાસભ્ય શૈલેષ મહેતાએ આ પ્રકારના કિસ્સાઓમાં આરોપીઓને સજા અંગે જણાવ્યું હતું કે, આવી ઘટનાઓ દુ:ખદ છે. ગુજરાત માટે તો ખાસ. આ બધી જ ઘટનાઓ પાછળ પરપ્રાંતિય લોકો પકડાયા છે. ત્યારે મારા અંગત વિચારોમાં આવા લોકોને એન્કાઉન્ટર કરવા માટે પોલીસને છૂટ આપવી જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોલીસની ધાક હોવી જોઇએ. અત્યારે જે રીતે બનાવો બની રહ્યા છે. તેમાં એવું પ્રસ્થાપિત થઇ રહ્યું છે કે, પોલીસની ધાક નથી રહી. પોલીસે તમામ કેસોમાં સુંદર કામગીરી કરી છે. બનાવના ૪૮ કલાકમાં જ વડોદરાની ઘટનાના આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે.

સુરતની ઘટનામાં ભાગતા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. તેમાં એક આરોપીનું ગભરામણથી હાર્ટએટેકમાં મૃત્યુ થયું છે. આ તેમનું કર્મ તેને મૃત્યું તરફ લઇ ગયું છે. પણ આવાને એન્કાઉન્ટર કરતા ખચકાવું ના જોઇએ. જેમાં તમામે પોલીસની પડખે રહેવું જોઇએ. કોઇ વાદ વિવાદ ના હોવો જોઇએ.દીકરી પર કોઇ કૃત્ય કરશે તો તેને સાખી લેવામાં નહીં આવે. ■

# ચાંગોદરમાં ગોડાઉનમાંથી શંકાસ્પદ ૬૮૨૫ કિલો ઘી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં તહેવારોની સિઝનના પ્રારંભ સાથે જ નકલી ખાદ્ય પદાર્થોનો વેપલો પુરજોશમાં શરૂ થઇ ગયો છે. જો કે રાજ્યનો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પણ સતર્ક બની દરોડા પાડી રહ્યો છે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની આ તપાસમાં લેભાગુ વેપારીઓના કાળા કરતૂત પણ બહાર આવી રહ્યા છે. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સાણંદના ચાંગોદરમાં રિસ્ક ઇન્ડિયા નામના ગોડાઉનમાં દરોડા પાડીને ૬૮૨૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો જેની અંદાજિત કિંમત ૩૭ લાખથી વધુ થવા જાય છે.

સૂત્રોના જણાવ્યા મુજબ રિસ્ક ઇન્ડિયા ગોડાઉનમાંથી ફૂડ વિભાગે સાત્ત્વિક બ્રાન્ડ માના ઘી ના જથ્થાને સીઝ કર્યો હતો. ફૂડ વિભાગે શંકાસ્પદ કહી શકાય તેવો ૬૮૨૫ કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો જેની અંદાજિત કિંમત ૩૭,૮૩,૯૭૪ રૂપિયા થવા જાય છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આ શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરી ઘીના ૩ નમૂના લઈ અને તેને તપાસ માટે મોકલી દેવાયા હતા. ■

# પુણેમાં યુવતી પર સામૂહિક બળાત્કારના કેસમાં પહેલી ધરપકડઃ બે હજી ફરાર

## ૭૦૦ પોલીસોને કામે લગાડાયા હતાઃ ફડણવીસ

પુણેઃ પુણેમાં યુવતી પર ત્રણ નરાધમે સામૂહિક બળાત્કારની ઘટનાના એક સપ્તાહ બાદ પોલીસે આ કેસમાં પ્રથમ ધરપકડ કરી છે. લગભગ ૭૦૦ પોલીસકર્મીએ આ કેસ પર કામ કર્યું હતું તેમ જ સીસીટીવી કેમેરાના ફૂટેજો ચકાસ્યા બાદ આખરે તેમને સફળતા મળી હતી.

૨૧ વર્ષની યુવતી ૩ ઑક્ટોબરે તેના પુરુષ મિત્ર સાથે બોપદેવ ઘાટ વિસ્તારમાં ગઇ હતી, જ્યાં ત્રણ અજાણ્યા શખસોએ તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીઓએ યુવતીના મિત્રને વૃક્ષ સાથે બાંધીને તેની મારપીટ પણ કરી હતી. પોલીસે આરોપીઓને પકડવા અનેક ટીમ તૈયાર કરી હતી.

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે નરાધમોને ઓળખી કાઢવા અને તેને પકડવા માટે ૭૦૦ જેટલા પોલીસ કર્મચારીને કામે લગાડવામાં આવ્યા હતા. પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું હતું કે અનેક સીસીટીવી કેમેરાના ફૂટેજો તપાસવામાં આવ્યા હતા અને ટેક્નિકલ એનાલિસીસને આધારે શકમંદની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બે જણની શોધ ચલાવાઇ રહી છે.

ફડણવીસે જણાવ્યું હતું કે પુણેમાં માનવતાને શરમાવતી ઘટના બની હતી, પણ હવે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. (પીટીઆઇ)

# મીરા રોડમાં પોલીસ સ્ટેશનની બહાર ભરરસ્તે પતિએ ગળું ચીરી પત્નીને મોતને ઘાટ ઉતારી

## કૌટુંબિક વિવાદને લઇ હત્યા કર્યા બાદ પતિનું આત્મસમર્પણ

ભાયંદરઃ મીરા રોડમાં પોલીસ સ્ટેશનની બહાર ભરરસ્તે પતિએ ગળું ચીરીને પત્નીને મોતને ઘાટ ઉતારી હોવાની ઘટના બની હતી. કૌટુંબિક વિવાદને લઇ પત્નીની હત્યા કર્યા બાદ પતિએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરતાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

બાંદ્રામાં રહેતી અમરીન ખાન (૩૬)ના નિકાહ મીરા રોડમાં રહેનારા નદીમ ખાન સાથે થયા હતા. દંપતીને બે સંતાન છે. છેલ્લાં દોઢ વર્ષથી દંપતી વચ્ચે કૌટુંબિક વિવાદ ચાલી રહ્યો હતો. પોતાનાં બંને સંતાનનો તાબો મેળવવા માટે અમરીને સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે ઑગસ્ટમાં બંને સંતાનનો તાબો અમરીનને આપવાનો આદેશ આપ્યો હતો. જોકે નદીમ સંતાનોનો તાબો આપવા માટે તૈયાર ન હોવાથી અમરીને ફરી કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. આથી સંતાનોનો તાબો લેવા માટે સુરક્ષા પૂરી પાડવાનો આદેશ કોર્ટે પોલીસને આપ્યો હતો.

દરમિયાન અમરીન શુક્રવારે તેના સંતાનોનો તાબો લેવા માટે મીરા રોડમાં આવી હતી. અમરીને નયા નગર પોલીસ સ્ટેશનમાં સાત હજાર રૂપિયા અનામત રકમ ભરીને સુરક્ષા મેળવી હતી. તે બાદમાં પોલીસ સાથે પતિના ઘરે ગઇ હતી, પણ દરવાજા પર તાળું લાગેલું હતું. પોલીસે નદીમનો સંપર્ક સાધતાં પુત્ર તેની દાદી સાથે અજમેર ગયો હોવાનું તેણે જણાવ્યું હતું. આથી અમરીન નારાજ થઇ પોતાના ઘરે પાછી જતી રહી હતી.

શુક્રવારે સવારે અમરીન ફરી નયા નગર પોલીસ સ્ટેશનમાં આવી હતી. એ સમયે પોલીસ સ્ટેશનમાં એક કાર્યક્રમનું આયોજ ન કરવામાં આવ્યું હતું.

આથી વિધાનસભ્ય અને ડીસીપી સાથે મુલાકાત થશે એ આશયે તે પોલીસ સ્ટેશનમાં જ બેસી રહી હતી. દરમિયાન તે સંતાનોને જોવા નજીકમાં આવેલી સ્કૂલમાં જવા માટે નીકળી હતી. અમરીન પોલીસ સ્ટેશનમાંથી બહાર આવતાં ત્યાં ઊભેલા પતિએ તેનું ગળું ચીરી નાખ્યું હતું.

# બેઠકોની વહેંચણીનું ૯૦ ટકા પાકું થયું

## જાહેરાત ત્રણ દિવસમાં જ કરાશેઃ બાવનકુળે

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે જણાવ્યું હતું કે, રાજ્યમાં સત્તાધારી નમહાયુતિથની આગામી વિધાનસભા માટેની બેઠકોની વહેંચણી આગામી ત્રણ દિવસમાં ફાઈનલ કરી નાખવામાં આવશે. ભાજપ ઉપરાંત, મહારાષ્ટ્રની સત્તાધારી નમહાયુતિથમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીનો સમાવેશ થાય છે.વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે પૂરો થઈ રહ્યો હોવાથી આગામી મહિને વિધાનસભાની ચૂંટણી યોજાવાની શક્યતા છે.અમે બેઠકોની વહેંચણી પર ચર્ચા કરી રહ્યા છીએ અને પછી (ભાજપની) સેન્ટ્રલ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ૧૩ ઓક્ટોબરના રોજ થવાની છે, એવી માહિતી બાવનકુળેએ પત્રકારોને આપી હતી. ૯૦ ટકા બેઠકોની વહેંચણી પર વાટાઘાટો પૂર્ણ થઈ ગઈ છે. બાકીની ૧૦ ટકા બેઠકોની ચર્ચા આગામી ત્રણ દિવસમાં પૂર્ણ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપના સંસદીય બોર્ડની બેઠક બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તે બેઠકોની જાહેરાત કરશે કે જેના પર તેઓ તેમના ઉમેદવારો ઉભા કરશે. બાવનકુળેએ કહ્યું હતું કે, પહેલાની જેમ ભાજપ વિદર્ભમાં વધુ સીટો પર ચૂંટણી લડશે.

# નાશિકમાં ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન બે અગ્નિવીરનાં મોત

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના આર્ટિલરી સેન્ટરમાં ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન ભારતીય ફિલ્ડ ગનના શેલમાં વિસ્ફોટ થતાં બે અગ્નિવીર મૃત્યુ પામ્યા હતા એમ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. આ ઘટના ગુરુવારે બપોરે નાશિક રોડ વિસ્તારના આર્ટિલરી સેન્ટરમાં બની હોવાની માહિતી આપી અધિકારીએ ઉમેર્યું હતું કે આ વિસ્ફોટમાં અગ્નિવીર ગોહિલ વિશ્વરાજ સિંહ (૨૦) અને સૈફત શિત (૨૧) મૃત્યુ પામ્યા હતા. વધુ જાણકારી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે અગ્નિવીરની એક ટીમ ભારતીય ફિલ્ડ ગન ફાયર કરી રહી હતી ત્યારે એક શેલ ફૂટ્યો હતો. તેમને દેવલાલીની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. હવાલદાર અજિત કુમારની ફરિયાદના આધારે દેવલાલી કેમ્પ પોલીસમાં અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.(પીટીઆઈ)

# થાણેમાં યુવકની હત્યા બાદ મૃતદેહ બેગમાં ભરી ગામમાં ફેંકી દીધોઃ દંપતીની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં ૨૪ વર્ષના યુવકની હત્યા કર્યા બાદ તેનો મૃતદેહ પ્લાસ્ટિકની બેગમાં ભરીને ગામની ખુલ્લી જગ્યામાં ફેંકી ફરાર થયેલા દંપતીને પોલીસે પકડી પાડ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ૪ ઑક્ટોબરે હત્યાની ઘટના બની હતી અને ગુનામાં સામેલ મોહંમદ સિરાજ અન્સારી (૩૨) અને તેની પત્ની રઝિયાની બુધવારે ધરપકડ કરાઇ હતી.

કુલગાંવ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ગોવિંદ પાટીલે જણાવ્યું હતું કે ધારોલગાંવ ખાતેના ધારોલ ગામમાં ખુલ્લી જગ્યામાં ૪ ઑક્ટોબરે બપોરના મોહંમદ આલમ અન્સારીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.

કુલગાંવ પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને આરોપીઓની શોધ આદરી હતી. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે આ ગુનામાં મોહંમદ સિરાજ અન્સારી સંડોવાયેલો છે.

પોલીસે બાદમાં મળેલી માહિતીને આધારે તેને પકડી પાડ્યો હતો. ઝારખંડના વતની અન્સારીએ પૂછપરછમાં જણાવ્યું હતું કે મૃતક તેનો સાવકો ભાઇ હતો.

આરોપી સિરાજ અન્સારીએ દાવો કર્યો હતો કે તેની પત્નીને મૃતક તેની સાથે લગ્ન કરવા માટે ઉશ્કેરી રહ્યો હતો. આથી ૪ ઑક્ટોબરે તેમણે ઘરમાં આલમ અન્સારીની હત્યા કરી હતી. બાદમાં તેના મૃતદેહને પ્લાસ્ટિકની બેગમાં ભરીને તેઓ તેને સ્કૂટર પર ધારોલ ગામમાં લઇ ગયા હતા, જ્યાં ખુલ્લી જગ્યામાં મૃતદેહ ફેંકી દીધો હતો.

# જૂની અદાવતને લઇ રિક્ષાચાલકની હત્યાઃ આરોપી પકડાયો

થાણેઃ ભિવંડીમાં જૂની અદાવતને લઇ રિક્ષાચાલકની હત્યા કરવા બદલ પોલીસે શુક્રવારે ૩૫ વર્ષના રિક્ષાચાલકની ધરપકડ કરી હતી.

ભિવંડીમાં ગુરુવારે સાંજના દિનેશ ગણપત ભોઇર નામના ચાલકનો મૃતદેહ તેની રિક્ષામાંથી મળ્યો હતો, જેને પગલે હત્યાનો ગુનો દાખલ કરાયો હતો. પોલીસે આરોપીની શોધ આદરી હતી અને મળેલી માહિતીને આધારે તેને પકડી પાડ્યો હતો.

પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે દિનેશ ભોઇર અને આરોપી વચ્ચે કેટલાક દિવસ અગાઉ ઝઘડો થયો હતો. એ સમયે દિનેશે તેના પર હુમલો કર્યો હતો. આથી આરોપી બદલો લેવા માટે ભોઇરની હિલચાલ પર નજર રાખી રહ્યો હતો. આરોપીએ ગુરુવારે ભોઇર પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો અને બાદમાં ફરાર થઇ ગયો હતો, એમ ભિવંડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર નેતારામ મ્હસ્કેએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ૪૪ કરોડના જીએસટી કૌભાંડનો થયો પર્દાફાશ

મુંબઈઃ મુંબઈમાં ટેક્સ સત્તાવાળાઓએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સાથે સંકળાયેલા નકલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી) કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને કૌભાંડના સૂત્રધારની થાણેમાં ધરપકડ કરવામાં આવી હોવાની જાણકારી સંબંધિત અધિકારીએ આપી હતી. સીજીએસટી મુંબઈ વિભાગના સેન્ટ્રલ એક્સાઇઝ અને જીએસટી કમિશનરેટ દ્વારા આ કૌભાંડ ઉઘાડું પાડવામાં આવ્યું હતું. પકડાયેલા શખ્સ હિતેશ વસાએ કથિત સ્વરૂપે ૨૨ નોન-બોનાફાઇડ કંપનીઓ તેમજ અન્ય કંપનીઓની રચના અને નોંધણી કરાવી હતી અને એ કંપનીઓને મળી શકતા લાભો મેળવી જાળવી રાખ્યા હતા એમ અધિકારીએ જણાવ્યું હતું. વસાએ આશરે ૪૮ કરોડ રૂપિયાની અસ્વીકાર્ય આઇટીસીનો લાભ લીધો. માલ કે સેવાઓની વાસ્તવિક હેરફેર વિના જ ૪૪ કરોડ રૂપિયાની આઇટીસી પણ મેળવી હતી એમ પણ અધિકારીએ જણાવ્યું હતું.

આ કૌભાંડનો સૂત્રધાર પણ આ આભાસી કંપનીઓના ટર્નઓવર વધારવા માટે સર્ક્યુલર ટ્રેડિંગમાં સામેલ હતો. જીએસટી સિસ્ટમ હેઠળ આઇટીસી એક એવી પદ્ધતિ છે જે વ્યવસાય દ્વારા આઉટપુટ પર ઉઘરાવેલા કર સામે તેમની ખરીદી પર જે કર ચૂકવે છે તેને સરભરની મંજૂરી આપે છે. પરિણામે બેવડા કરવેરાને અટકાવે છે.

પાંચમા પાનાનું ચાલુ

### મહાયુતિની બેઠકોની

કે ત્રણેય પક્ષોએ ૯ નંબરને ફાઇનલ કરી દીધો છે. સૂત્રોએ જણાવ્યું કે આ ફોર્મ્યુલા મુજબ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૨૬, શિંદે જૂથ ૯૦ અને અજિત પવાર જૂથ ૭૨ બેઠકો પર ચૂંટણી લડશે.

રાજ્યમાં સત્તાધારી મહાયુતિમાં ભાજપ, શિવસેના શિંદે જૂથ અને એનસીપી અજિત પવાર જૂથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન વચ્ચેની વાતચીત બાદ રાજ્યની વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી કેટલી બેઠકો પર ચૂંટણી લડવી તેનો નિર્ણય આખરી કરી લીધો છે. અમિત શાહ અને જેપી નડ્ડા આગામી બે દિવસમાં તેની જાહેરાત કરશે.

રાજ્ય વિધાનસભાની ૨૮૮ સીટો પર સીટોની વહેંચણીમાં ભાજપ મોટો ભાઈ બનશે. શિવસેનાના શિંદે જૂથ અને એનસીપી અજિત પવાર જૂથ, જે રાજ્યમાં શાસક મહાગઠબંધનમાં સહયોગી છે, તેમને મળેલી બેઠકોથી સંતોષ માનવો પડશે. શિવસેના શિંદે જૂથે ૧૦૦થી વધુ બેઠકોની માગણી કરી હતી, પરંતુ શિંદે જૂથે ૯૦ બેઠકો ગુમાવી છે. એનસીપી અજિત પવાર જૂથે પણ ૮૦થી ૮૫ બેઠકોની માગ કરી હતી, પરંતુ અજિત પવારને પણ માત્ર ૭૨ બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો છે.

ભાજપે ગઈ ચૂંટણીમાં ૧૦૬ બેઠકો જીતી હતી. હવે વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૬ બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય કરીને ભાજપે સૌથી વધુ બેઠકો મેળવી છે. તેથી, શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી બંનેએ ભાજપના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા અપાયેલી બેઠકો પર સમાધાન કરવું પડશે.

રાજ્યમાં નવેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણીની આચારસંહિતા સોમવાર, ૧૪ ઓક્ટોબરથી અમલી બનશે તેવા સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં મહા વિકાસ અઘાડીમાં બેઠકોની ફાળવણીને લઈને હજુ કેટલી બેઠકો પર ચૂંટણી લડવી તે અંગે વાટાઘાટો ચાલી રહી છે.

અગાઉની એટલે કે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં પણ આવી જ સ્થિતિ હતી, ભાજપના જે ઉમેદવારો થોડા મતોથી પરાજિત થયા હતા તેઓને આ વખતની ચૂંટણીમાં પણ શિંદે જૂથ અને અજિત પવારની એનસીપીને કારણે ટિકિટ નહીં મળે, એવી શક્યતા છે.

#### નંબર ૯ શા માટે શુભ સંકેત છે?

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી માટે ઊભેલા ઉમેદવાર હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, જિલ્લા પરિષદ, પંચાયત સમિતિ, ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સીધા ઊભા રહેલા ઉમેદવાર હોય, દરેક ઉમેદવારની શરૂઆત તેના શુભ નંબરથી થાય છે. અહીં ઉલ્લેખનીય છે કે પ્રમોદ મહાજન-ગોપીનાથ મુંડેને બેઠકોની વહેંચણીમાં બંને પક્ષે નવનો આંકડો આવે એવો આગ્રહ રહેતો હતો. હવે ફરી આવો જ આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત માહિતી પરથી એવું જોવા મળ્યું છે કે ભાજપ શિંદે જૂથ અને અજિત પવારની એનસીપી સહિત રાજ્યના મહાયુતિમાં તમામ સત્તાધારી પક્ષોએ વિધાનસભા ચૂંટણીમાં જ બેઠકોની ફાળવણી કરતી વખતે નંબર નવને પ્રાધાન્ય આપ્યું છે. કુલ ૯ની સંખ્યા મહાયુતિને ફરી સત્તા પર લઈ જશે કે નહીં તે વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ જ સ્પષ્ટ થશે.

### ઉડવા અને

આપવામાં આવી હતી.

અદાણી ગ્રૂપ દ્વારા વિકસાવવામાં આવેલા આ એરપોર્ટ આવતા વર્ષની શરૂઆતમાં કમર્શિયલ કામગીરી શરૂ થઈ જાય તેવી ધારણા રાખે છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ગ્રીનફિલ્ડ નવી મુંબઈ એરપોર્ટ ઉચ્ચ ક્ષમતા ધરાવતું અને દેશની મોટી ઉડ્ડયન સુવિધાઓમાંનું એક હશે.

આ સુવિધાને લોકો માટે એક મોટી ભેટ ગણાવતા, શિંદેએ કહ્યું કે એકવાર તે કાર્યરત થઈ ગયા પછી વ્યસ્ત મુંબઈ એરપોર્ટ પરની ભીડ નોંધપાત્ર રીતે હળવી થશે.

૨૧.૮-કિમી-લાંબા ૬-લેન દરિયાઈ પુલ અટલ સેતુના નિર્માણને કારણે નવું એરપોર્ટ મુંબઈ અને નવી મુંબઈ બંનેની નજીક આવી ગયું છે, એમ તેમણે ધ્યાન દોર્યું હતું.

૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવતા મહિને યોજાય તેવી શક્યતા છે. (પીટીઆઈ)

### ઓલ ઈઝ વેલ

આ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. સમગ્ર બેઠક દરમિયાન તેમની ખુરશી ખાલી રહી હતી. નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી શિવસેના (એકનાથ શિંદ) અને અજિત પવારની એનસીપી વચ્ચે અણબનાવ વધી રહ્યો છે. જોકે અજિત પવારે એમ કહ્યું હતું કે, મારે મરાઠવાડાના અહમદપુરમાં એક કાર્યક્રમમાં હાજરી આપવાની હોવાથી વહેલા નીકળી જવું પડ્યું હતું, પણ કેબિનેટના બધા નિર્ણયને મારી મંજૂરી છે. અહેવાલ મુજબ અજિત પવાર બેઠકમાંથી બહાર નીકળ્યા બાદ લગભગ અઢી કલાક સુધી બેઠક ચાલુ રહી હતી. બેઠકમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાજર રહ્યા હતા.

આ સમયગાળા દરમિયાન, કુલ ૩૮ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના ફાઇનાન્સ સંબંધિત હતા. અખબારી અહેવાલ મુજબ, અજિત પવાર કેબિનેટની બેઠક માટે આગોતરી સૂચના વિના લાવવામાં આવેલા પ્રસ્તાવોથી નાખુશ હતા. છેલ્લા કેટલાક સમયમાં નાણા વિભાગે કેબિનેટમાં લાવવામાં આવેલી ઘણી દરખાસ્તો સામે વાંધો ઉઠાવ્યો છે. જો કે, એનસીપીના પ્રદેશ અધ્યક્ષ અને લોકસભાના સભ્ય સુનીલ તટકરેએ કહ્યું કે મહાગઠબંધનમાં તિરાડનો કોઈ પ્રશ્ન જ નથી. તટકરેએ કહ્યું કે મને ખબર નથી કે કેબિનેટમાં શું થયું, પરંતુ અણબનાવનો સવાલ જ નથી. વ્યક્તિના મીટિંગ વહેલા છોડી દેવાથી કંઈપણ અનુમાન લગાવવું જોઈએ નહીં

### એકનાથ શિંદે

પેન્ડિંગ નિર્ણયો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા રેકોર્ડબ્રેક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે ત્યારે નાણા વિભાગ સામે ફંડને લઈને મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે.

આચારસંહિતા પૂર્વે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સરકારી આદેશો

૧ ઓક્ટોબર : ૧૪૮ આદેશ
૨ ઓક્ટોબરઃ સરકારી રજા
ઑક્ટોબર ૩ઃ ૨૦૩ આદેશ
ઑક્ટોબર ૪ઃ ૧૮૮ આદેશ
ઓક્ટોબર ૫ઃ બે આદેશ
ઑક્ટોબર ૬ઃ સરકારી રજા
ઑક્ટોબર ૭ઃ ૨૦૯ આદેશ
ઓક્ટોબર ૮ઃ ૧૫૦ આદેશ
ઑક્ટોબર ૯ઃ ૧૯૭ આદેશ
ઑક્ટોબર ૧૦ઃ ૧૯૪ આદેશ
દસ દિવસમાં કુલ સરકારી નિર્ણયો : ૧૨૯૧
એક મહિનામાં કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયો
સપ્ટેમ્બર ૨૩ : ૨૪ નિર્ણયો
૩૦ સપ્ટેમ્બર : ૩૮ નિર્ણયો
ઑક્ટોબર ૪ઃ ૩૨ નિર્ણયો
૧૦ ઓક્ટોબર : ૩૮ નિર્ણયો
છેલ્લા એક મહિનામાં કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયોઃ ૧૩૨

દરમિયાન, એવું કહેવામાં આવી રહ્યું છે કે રાજ્ય સરકાર એક પછી એક આવા સરકારી નિર્ણયો દ્વારા ચૂંટણી પહેલા તમામ સામાજિક જૂથોને ખુશ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમજ વિવિધ સામાજિક જૂથોના કર્મચારીઓની માંગણીઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સરકારી નિર્ણયોની યોજના બનાવી છે.

## હિન્દુ મરણ

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

હાલ મઉં નિવાસી વિનોદચંદ્ર વ્યાસ (ઉ.વ. ૬૨). તે સ્વ. મગનલાલ ચુનીલાલ વ્યાસના પુત્ર. સ્વ. કિર્તીભાઈ, ગુણવંતભાઈ, નીરુબેનના ભાઈ. ગાયત્રીબેનના પતિ. માનવ, હર્ષના પિતા તા. ૭/૧૦/૨૪ને સોમવારે દેવલોક પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩/૧૦/૨૪ના સાંજે ૪થી ૬. સ્થળ :- ન્યુ વિશાલ કો.ઓ.સો.લિ. રાજસુખ હોસ્પિટલની બાજુમાં, ટાંકી રોડ, નાલાસોપારા (ઇસ્ટ).

**મોઢ વણિક ભરૂચ**

અ. સૌ. સુરભી (ઉં. વ. ૭૮) તે અરુણ મદનલાલ ઝવેરીના ધર્મપત્ની. તે અમીષી અને ક્રિષ્ણાના માતુશ્રી. નીલેશ, વિજયના સાસુ. રીશા અને અનિકાના નાની. સ્વ. હંસાબેન અને સ્વ. તુલસીદાસ સંજાણવાલાના પુત્રી. તા. ૯-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૧૦-૨૪ના, બાલકનજી બારી, રાજાવાડી, ઘાટકોપર પૂર્વ, સાંજે ૫થી ૭.

**૨૫ ગામ હાલાઇ ભાટિયા**

ચિ. હેમીલ અશ્વિન આસર (ઉં. વ. ૧૭) તા. ૧૦-૧૦-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. અ. સૌ. ગીતા અશ્વિન આસરના પુત્ર. સ્વ. હંસાબેન નવીનચંદ્ર આસરના પૌત્ર. (ખોખરીવાળા), સ્વ. કુસુમબેન, મનુભાઇ, આસરના દોહિત્ર. ચિ. સાહિલનો નાનો ભાઇ. અ. સૌ. રશ્મિ જનક આસર તેમ જ ગં. સ્વ. પન્ના ગોપી સંપટના ભત્રીજા. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

રમેશ સંપટ તે સ્વ. કસ્તુરબાઇ વિઠ્ઠલદાસ સંપટના પુત્ર. તે સ્વ. દૌલત, સ્વ. સુભાષ, સ્વ. ઉર્મિલા, ઉષા અરવિંદ આગા, લીલા ધીરેન મર્ચન્ટના ભાઇ. તે અશ્વિન, માલિની યોગેશ શ્રોફ અને જયેશના પિતા. સૌ. આરતી અને સૌ. સોનલના સસરા. તે સ્નેહા, હર્ષ અને જાન્હવીના દાદા. સ્વ. ઠાકરસી કજરીયાના જમાઇ. તા. ૧૧-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ઋણાનુ બંધ હોલ, યશવંતરાવ ચૌહાણ સેન્ટર, મંત્રાલય, ૫૨, ૧૩-૧૦-૨૪ના ૫થી ૭.

**દમણિયા દરજી**

અ. સૌ. પ્રવિણા વિનોદભાઇ દમણિયા (ઉં. વ. ૭૬) તે વિનોદભાઇ નગીનદાસ દમણિયાના ધર્મપત્ની. તે સ્વ. જયાબેન અને સ્વ. નગીનદાસ દમણિયાના (માંજરાવાલા) પુત્રવધૂ. તે જયના માતુશ્રી. તે દર્શિતાના સાસુ. તે રોહાંશના દાદી. તે સ્વ. હસમુખભાઇ, દેવિકાબેન, કિશોરભાઇ-મિનાક્ષીબેન, સ્વ. સુશીલાબેન, ધનલક્ષ્મીબેન, હંસાબેન, મીનાબેનના ભાભી. તે સ્વ. કમળાબેન વલ્લભદાસ અડવાલિયાના સુપુત્રી. શુક્રવાર તા. ૧૧-૧૦-૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા.૧૩-૧૦-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. વનિતા વિશ્રામ હોલ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, ૩૯૨, એસ. વી. પી. રોડ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાગ્રેશ્રીવાળા સ્વ. ઇન્દુમતી લક્ષ્મીદાસ મોહનલાલ કાણકિયાના પુત્ર નરેન્દ્રભાઇ (ઉં વ.૫૯) તા. ૧૦-૧૦-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રીટાબેનના પતિ. ચિ. આકાશના પિતાશ્રી. તે મીનાબેન મુકેશકુમાર દોશી. તે કામિનીબેન નીતીનકુમાર મહેતા. તે જસ્મીનાબેન અશ્વિનકુમાર મહેતાના ભાઇ. તે સુલતાનપુરવાળા સ્વ. ધીરજલાલ વનમાળીદાસ દોશીના જમાઇ. તે દર્શન-ખુશ્બુ, હિરલ-જીનીસ, માધુરી-ધ્રુવેશ, ચાર્મી-જેનીલ, અંક્તિ અને ધ્રુવીના મામા. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ કાંદીવલી ઉષાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. રમેશચંદ્ર વ્રજલાલ સંઘવીના પત્ની. હેતલ અને શીતલ હેમંત અગ્રવાલના માતુશ્રી. પિયર પક્ષે સિહોરવાળા સ્વ. ચંપાબેન ખુશાલદાસ વળિયાના પુત્રી, અર્પિતાના સાસુ. રીધમના દાદી. સ્વ.જશુબેન ઈશ્વરદાસ ભુતા, સ્વ.જ્યોતિબેન ગુણવંતરાય ગાંધી, સ્વ.જયંતીભાઈ, પ્રતાપભાઈ, પ્રવીણભાઈના ભાભી તા. ૭/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભાઃ ૧૩/૧૦/૨૪ના ૪ થી ૬, પાવન ધામ, પહેલા માળે, મહાવીર નગર, કાંદીવલી.

**કપોળ**

દેલવાડાવાળા, હાલ કાંદિવલી સ્વ.લક્ષ્મીબેન મોહનલાલ ગોરડિયાના સુપુત્ર અશોકભાઈ (ઉં. વ. ૭૫) તે ચંદ્રિકાબેનના પતિ. જીજ્ઞેશ,હિરલના પિતાશ્રી. તેજલ,હેતલના સસરા. સ્વ.કાંતિભાઈ, સ્વ.મંજુલાબેન, સ્વ.વસંતબેન, સ્વ.સુશીલાબેન, સ્વ.ઉષાબેન, સ્વ.લલીતાબેન, સ્વ.રમાબેન, સ્વ.વનલીલાબેન, ગં.સ્વ.દક્ષાબેનના ભાઈ, સ્વસુરપક્ષે બિલાવાળા સ્વ. કેશુરદાસ મુળજીભાઈ સંઘવીના જમાઈ. ગુરુવાર તા.૧૦.૧૦.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા.૧૩.૧૦.૨૪ના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સુરતી દરજી**

મૂળગામ સુરત હાલ જોગેશ્વરી નિવાસી સ્વ. પ્રવીણભાઈ રતિલાલ સુરતીના ધર્મપત્ની ગં. સ્વ આશાબેન સુરતી (ઉં. વ. ૬૬) તે સ્વ. રમણબેન રતિલાલ સુરતીના પુત્રવધૂ. સ્વ. પદમાબેન કેશવલાલ દમણીયાના દીકરી. જાગૃતિ રાજીવ માઠેલા અને હેતલ મનીષ ટેલરના માતુશ્રી. માહી તથા ક્રિશાના નાની. ૫/૧૦/૨૪ ના રોજ દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટિયા**

ટંકારા નિવાસી હાલ મુંબઈ ગં.સ્વ. હંસાબેન (ઉં. વ. ૮૩) તે સ્વ.શશીકાંત ત્રિભોવનદાસ વેદના ધર્મપત્ની સ્વ. જયાબેન હરિલાલ આશર (અમરેલી)ના પુત્રી, તે સ્વ. સપનાબેન નીરજ વેદ, અરુણભાઈ, નીલમ કેતન સંપટના માતૃશ્રી. વંદના, નીરજ, કેતનના સાસુ. દ્રુમિલ, મૌલિક તથા દેવાંશી ના બા. તા- ૯/૧૦/૨૪ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્દગત્ની પ્રાર્થનાસભા તા ૧૩/૧૦/૨૪ રવિવાર, સાંજના ૫ થી ૭, સોની વાડી, શિમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઈ રાખેલ છે.

## પારસી મરણ

બરજોર એરચશા ગાંધી તે મરહુમ જરુના ધની. તે મરહુમો ગાઇમાય એરચશા ગાંધીના દીકરા. તે કેશમીરા ને ફરહાદના પપા. તે ફિરોઝ તથા મરહુમો આલુ, દીના, બેજન, જમશેદ, રુસીના ભાઇ. તે ફીયા હનોઝ માલેસર, ડો. દાનીશ જે. ગાંધીના બપાવા. તે નતાશા ને રીશાદ કોન્ટ્રેક્ટરના મમાવા. (ઉં. વ. ૮૯) રે. ઠે.એમ-૪, ફ્લેટ નં. ૧૩, ૧લે માળે, મેરવાનજી કામા માર્ગ, કામા રોડ, અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે, ભાભા નં.૧. બંગલીમાં છેજી ડુંગરવાડી.

ઓસ્તી ઝરીન દારા અદરીયાનવાલા તે મરહુમો ઓસ્તી વીરા એરવદ દારા અદરીયાનવાલા તે એરવદ સોલીના બહેન. તે એરવદ હોરમઝના ફૂઇ. તે ઓસ્તી ખોરશેદના નણંદ. તે દાલી ગાંધીના ભાભીના ભાઇ. તે ઓસ્તી ફરઝીના ફૂવનસાસુ. (ઉં. વ. ૮૪) રે. ઠે. રાજગીર કોર્ટ, ૩૦૨/એ, કોહીનુર રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે નારીયલવાલા અગિયારીમાં છેજી.

નિવેદિતા દિનશા મહેતા (ઉં. વ. ૭૬) તા. ૯-૧૦-૨૪એ ગુજરી ગયા છે. તે મરહુમ દિનશાના વાઇફ. મરહુમ ડોલી અને મરહુમ કોબાદના દીકરી. હોર્મઝદના મધર, હિરોશીમા અને પરવાનાના બહેન. દિનાઝના આન્ટી.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

ચોટીલા નિવાસી (હાલ મીરા રોડ) સ્વ. અમૃતલાલ સોમચંદ કામદારના સુપુત્ર તનસુખલાલ (ઉં. વ. ૮૫) તા. ૧૦-૧૦-૨૪ ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. ઇન્દિરાબેન ના પતિ. કાજલ, પ્રીતિ, રુચિ સંદીપભાઈ દોશીના પિતા. ચિરાગ, પાર્થના નાના. ત્રમ્બકભાઈ (લાભુભાઈ), નટવરભાઈ, સુમતિભાઈ, પ્રભાબેન મહાસુખલાલ, સમજુબેન જીવણલાલ, લીલાબેન વીરચંદભાઈ અજમેરા, શારદાબેન જયંતિલાલ, કમળાબેન ધીરજલાલ, મંગળાબેન ચીમનલાલ, જસુબેન જીતેન્દ્રના ભાઈ. સ્વ. શાંતિલાલ રેવાશંકર શાહના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના મગનલાલ નાગજી તેજાણી (કેનીયા) (ઉં. વ. ૯૨) ૧૦-૧૦નાં અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન નાગજી દેવરાજના પુત્ર. મણીબેનના પતિ. ભારતી, વિરેન્દ્રના પિતા. કાંડાગરા મીઠાબેન મેઘજી વેલજી ગાંગજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિરેન્દ્ર તેજાણી, બી-૪૦૩, રીહાન, આત્મારામ સાવંત માર્ગ, કાંદીવલી (પૂ.).

નાંગલપુર હા. મો. લાયજાના પ્રકાશ હિરજી ગંગર (ઉં. વ. ૭૦) તા. ૦૯-૧૦-૨૪ ના અવસાન પામેલ છે. મા. નિર્મળા (નેણબાઇ) હિરજી રવજીના પુત્ર. આશાના પતિ. સુમન, અંકિતના પિતા. હેમા પ્રવીણ, ભાનુમતી રસીકના ભાઇ. ડુમરા સ્વ. દમયંતી ડુંગરશી ભાણજી સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુમન પ્રકાશ ગંગર, એ/૩, સાઇસાગર, સે. ૨૦, પ્લોટ-૫૦, ખારઘર, નવી મુંબઇ-૪૨૧૨૧૦.

ગુંદાલાના રસિકબાળા સતરા (ઉં. વ. ૮૦) તા. ૧૦-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. મણીબેન કાનજીના પુત્રવધૂ. પોપટલાલના ધર્મપત્ની. અમિતના માતુશ્રી. લક્ષ્મીબેન મોનજી કોરશીના સુપુત્રી. રતીલાલ, અમૃતલાલ, ભોગીલાલ, તુંબડી પ્રેમીલા પ્રેમજી, ગુંદાલા અરૂણા કલ્યાણજી, સમાઘોઘા કલ્પના મહેન્દ્ર, લાયજા નયના નિલેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ.અમિત સતરા. ૧૩૧, ક્રિસ્ટલ પ્લાયવુડની ઉપર, બોરા બજાર સ્ટ્રીટ, મું.૧.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ગ્રાન્ટરોડ સ્વ. નીતિનકુમાર માણેકચંદ મહેતાના ધર્મપત્ની સુમિત્રાબેન (ઉં. વ. ૯૧) તે ચિત્રાબેન કેયુરભાઈ ધાકી, સંજયભાઈ, સંદીપભાઈના માતુશ્રી. તે કેયુરભાઈ ધાકી, ગીતાબેન, સોનલબેનના સાસુ. તે તેજસ્વી, અભિગના, તુલસી, વૈભવી, વિરલના દાદી. તે સ્વ. સૂરજબેન ચુનીલાલ ભીમજી શાહના સુપુત્રી, તા. ૧૧/૧૦/૨૪ના અરિહંત શરણ પામ્યા છે. તેમની અંતિમયાત્રા તેમના નિવાસ સ્થાનેથી સરનામું :- ફ્લેટ નં ૩૮, ૮ માં માળે, જુથીકા કો ઓપ હાઉસિંગ સોસાયટી. ગ્રાન્ટરોડ વેસ્ટ મુંબઈ ૪૦૦૦૦૭ થી ચંદનવાડી ખાતે ઇલેક્ટ્રિકમાં સવારે ૧૦.૩૦ વાગે તા. ૧૨ ઓક્ટોબર ૨૪ના રાખેલ છે. લૌકિક વ્યવહારની પ્રથા સદંતર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ નાલાસોપારા પ્રતાપરાય અમરચંદ વારૈયાના ધર્મપત્ની દક્ષાબેન (ઉં. વ. ૬૮) તે ૮/૧૦/૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે ચાંદનીના માતુશ્રી, પ્રતીકકુમાર અરવિંદકુમાર વોરાના સાસુ. પદમાબેન કસ્તુરચંદ, મીનાક્ષીબેન પ્રવીણભાઈ, વિમળાબેન ધીરજલાલ, હંસાબેન દિલીપભાઈ, પ્રભાબેન ભોગીલાલના ભાભી. વલ્લભીપુર નિવાસી હાલ મલાડ કાળીદાસ બેચરદાસ ગાંધીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

વેરાવળવાળા હાલ બોરીવલી સ્વ. ડો. જયંતીલાલ શેલશંકર શેઠના ધર્મપત્ની ગં. સ્વ જ્યોતિબેન શેઠ (ઉં. વ. ૮૯) તે તા. ૧૦/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રકાશ, શૈલેષ, ગૌતમ, ભાવનાના માતુશ્રી. પૂનમ, સોનલ, શર્મિલા, અવિનાશ કામાણીના સાસુ. સિદ્ધાર્થ, આદિત્ય, મીરા, દેવાંગી, વીરેન, ઋષભ, મેઘાના બા. પિયરપક્ષે ગોંડલવાળા સ્વ. શાંતિલાલ માણેકચંદ જસાણી ના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૧૩/૧૦/૨૪ના સમય સવારે ૧૦ થી ૧૨ કલાકે પાવનધામ, પહેલે માળે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઇન્દુબેન તથા સ્વ. બંસીલાલ જગમોહનદાસ શાહના દીકરી જસ્મીન (ઉં. વ. ૬૮) તે મુકેશ તથા હિનાના બહેન, સુરેખાના નણંદ, દેવાંશીના ફઈ. ૧૦/૧૦/ ૨૪ ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# દુબઈના ભારતીયો રંગાયા નવરંગ નવરાત્રિ-૨૦૨૪ના રંગમાં

નવરાત્રિ નામ સાંભળતા જ ગુજરાતીઓના શરીરમાં અદ્‌ભુત જોમ આવી જાય, પણ હવે ગરબા ગુજરાતીઓ પૂરતી સીમિત ન રહેતા તમામ કોમમાં પ્રચલિત થઇ ગયા છે. ફક્ત ભારતમાં જ નહીં, પણ દેશ-વિદેશમાં પણ લોકોને ઘેલુ ગરબાનું લાગ્યું છે. આ વર્ષે દુબઇના ભારતીયોને ગરબે ઘૂમવાનો લ્હાવો મળ્યો હતો અને તેનું શ્રેય જાય છે ‘નવરંગ નવરાત્રિ-૨૦૨૪’ ને. દુબઇમાં એવું પહેલી વખત બન્યું હશે જ્યારે અહીં દસ દિવસ સુધી ઇન્ડોર નવરાત્રિ યોજાઇ હોય. તેથી જ અહીંના ભારતીયોમાં આ નવરાત્રિ આકર્ષણ બની ગઇ છે. નવરંગ નવરાત્રિને ખેલૈયાઓનો એવો જોરદાર પ્રતિસાદ મળ્યો કે પ્લેટિનમ લિસ્ટના પાસ વેચાઇ જવાનો ઇતિહાસ રચાયો હતો જે દર્શાવે છે કે અહીંના ખેલૈયાઓનો જોમ પણ ઓછો નથી.

દુબઇમાં યોજાયેલી આ નવરંગ નવરાત્રિ-૨૦૨૪ના મીડિયા પાર્ટનર છે એશિયાનું સૌથી જૂનું અને દ્વિશતાબ્દી વટાવનાર અખબાર ‘મુંબઈ સમાચાર’. વિદેશમાં યોજાતી નવરાત્રિમાં ‘મુંબઈ સમાચાર’ પ્રથમ વખત મીડિયા પાર્ટનર રહ્યું હતું. ભારતની બહાર વસતા ગુજરાતીઓ માટે આ પ્રકારના કાર્યક્રમોને ‘મુંબઈ સમાચાર’ બિરદાવે છે.

આ નવરાત્રિનું આયોજન દુશ્યંત સોની, અમિત સોની, ગો સેલિબ, ક્લાસિક કોન્સેપ્ટ્સ, મોહક પારેખી અને રચના સલોન જેવા સ્ટાર આયોજકોની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. તેમના પ્રયાસોને કારણે ભારતીય પરંપરા અને સંસ્કૃતિની અનુભૂતિ વિદેશમાં વસતા આપણા ભાઇ-બહેનોને પણ થઇ રહી છે. દુબઈમાં પણ નવરાત્રિનો ઉત્સાહ યથાવત્ રાખવાનું કામ તેમને કર્યું છે.

નવરંગ નવરાત્રિના ઓપનિંગમાં અનેક મહાનુભવોએ હાજરી આપી હતી જેમાં રિઝવાન સાજન, જયંતીલાલ ગડા, શ્વેતા તિવારી, શ્વેતા ગુલાટી, સુરેશ મેનન, રિઝવાન આદિત્ય અને ભૂપેશ ધાકણનો સમાવેશ થાય છે.

નવરંગ નવરાત્રિનું આયોજન અલ નસર લીઝરલેન્ડ, ઔદ મૈથા, બર દુબઈ, દુબઇ ખાતે કરવામાં આવ્યું હતું. ઇન્ડોર યોજાયેલી આ નવરાત્રિમાં ખેલૈયાઓને તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આયોજકોએ પણ ખાણીપીણીથી લઇને, મ્યુઝિક, ડાન્સ વગેરેની તમામ સુવિધાઓ કરી હતી.

આ આયોજનમાં ચાર ચાંદ લગાવ્યા પોમલ શાહ, ચેતન રાણા, સોયમ લાડકા, રુદ્રિક મિસ્ત્રી, વૃંદા રાઠોડ અને તેમના ૧૪ ક્રુની બેન્ડની ટીમે. ડીજે બુદ્ધા અને સની પંચોલીનું એન્કરિંગ પણ ખેલૈયાઓને મજા કરાવી દે છે.

નવરંગ નવરાત્રિ ફક્ત એક ઉત્સવ નથી. આ ઉજવણી છે ભારતીય એકતા, સંસ્કૃતિ અને પરંપરાની. દુબઇમાં રહેતા ભારતીયોને પોતાના વતનનો અનુભવ કરાવવાનો પર્વ છે. ભક્તિ, સંગીત અને નૃત્યના સંગાથે એકબીજાને મળવાવો, લાગણીઓની આપલે કરવાનો અવસર પૂરો પાડે છે નવરંગ નવરાત્રિ.













# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

માતાજીની સવારીની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઝૂલણ મોરલી વાગી | મેં તો ડોલતો ડુંગર |
| દૂધે તે ભરી તલાવડી | ગરબે ઘૂમે ભૂલી ભાન |
| આજ રે સપનામાં | ગોકુળમાં ટહુક્યા મોર |
| ગોરી રાધા ને કાળો કાન | મોતીડે બાંધી પાળ |
| વા વાયાને વાદળ ઊમટ્યા | રાજાના કુંવર |

## ઓળખાણ પડી?



વિવિધ રાજ્યોમાં નવરાત્રીની ઉજવણી વિવિધ પ્રકારે કરવામાં આવે છે. કયા રાજ્યમાં નૃત્ય સાથે ઢોલ અને ડ્રમના સંગાથે થાય છે એની ઓળખાણ પડી?

અ) મણિપુર બ) રાજસ્થાન ક) પંજાબ ડ) કર્ણાટક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ ફ | ળ | ૩ તા | | ૪ મ | હે | ૫ ન | ત | |
| ૬ ર | ણ | | ૭ સ | ૭-અ પ | ના | | ગ | | ૮ હિ |
| ૯ ખા | સ | ૧૦ ડું | | રિ | | ૧૧ સ | ર | ળ | તા |
| મ | | ૧૨ ગ | ૧૩ ર | | | ૧૪ મુ | નિ | | વ |
| ણી | | ૧૫ ર | સ | મ | ૧૫-અ ય | | ૧૬ ગ | ૧૭ વા | હ |
| | ૧૮ પ | | ધા | | ૧૯ સ | ૨૦ હ | મ | ત | |
| ૨૧ ક | દ | | ૨૨ ર | ૨૩ ચો | | મ | | ૨૪ ડી | ૨૫ ન |
| ર્મ | | ૨૬ ખ | | ૨૭ ઘ | ડા | વ | વું | | વ |
| ૨૮ કાં | ૨૯ ડ | ર | | ડિ | | ત | | ૩૦ ર | સા |
| ૩૧ ડ | બ | લ | | યું | | ૩૨ ન | ર | વી | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | | |
| | | | | ૬ | | | | | ૭ |
| ૮ | | | | ૯ | | | ૧૦ | ૧૧ | |
| | | ૧૨ | | | | ૧૩ | | ૧૪ | |
| | ૧૫ | | | ૧૬ | ૧૭ | | | | |
| ૧૮ | | | | | ૧૯ | | | ૨૦ | |
| | | | ૨૧ | ૨૨ | | ૨૩ | | | |
| ૨૪ | ૨૫ | | ૨૬ | | | | | ૨૭ | |
| ૨૮ | | ૨૯ | | | | | ૩૦ | | ૩૧ |
| | ૩૨ | | | | | | ૩૩ | | |

### આડી ચાવી

૧. ઉતાવળો (૪)
૩. બોલચાલ, તકરાર, કજિયો (૪)
૬. આજ્ઞા, હુકમ (૪)
૮. ખોટું (૩)
૯. ખાલી (૨)
૧૦. ચા પીવા માટે જોઈએ (૩)
૧૨. બાળકો તો માના ---- હોય જ (૩)
૧૪. આજ નહીં ---- (૨)
૧૫. જિંદગીના જામને ----માં જલદી કરો મરીઝ (૨)
૧૬. રામના પિતા (૪)
૧૮. માખણ અંગ્રેજીમાં (૩)
૧૯. મક્ષિકા, એક જંતુ (૨)
૨૦. કોણ ----ને પૂછે છે કોણ બૂરાને પૂછે છે (૨)
૨૧. નોકર (૨)
૨૩. ઘેરી લેવું તે (૨)
૨૪. યાદગીરી, કીર્તિ (૨)
૨૬. તૃણ, ઘાસ (૪)
૨૮. કૃપા (૩)
૩૦. શિયાળામાં તાપવા જોઈએ (૩)
૩૨. આપણે માણસ ---- (૫)
૩૩. વાતનું લાડ વાચક રૂપ (૩)

### ઊભી ચાવી

૧. યુદ્ધભૂમિ (૪)
૨. અવસર, ઉત્સવનો દિવસ (૬)
૩. અનુરાગ કે સ્પૃહા વિનાનું (૩)
૪. ---- મારા વીરાને - ગુ. ફિલ્મ (૨)
૫. વાંદરો (૩)
૬. રાવ (૪)
૭. હોળીમાં લોકો ઉડાડે (૩,૩)
૧૧. મારા દાદાના પુત્ર (૨)
૧૩. અતિશય હર્ષથી ઘેલું બનેલું (૫)
૧૫. પહેલાં નાટકમાં ---- ક્લાસ રહેતો (૨)
૧૭. ---- પરવાના, ઉર્દૂ ગઝલમાં બહુ આવે (૨)
૧૮. કુખ્યાત (૪)
૨૧. દિવસ આવે ને ---- જાય (૨)
૨૨. માનવ તરીકેનું વર્તન (૪)
૨૫. સુગંધ (૩)
૨૭. ખાનગી (૩)
૨૯. વ્યક્તિ જાય, યાદ ---- (૨)
૩૦. એક કરતાં વધારે (૨)
૩૧. સરકારી દૂરદર્શન (૨)

## ગુજરાત મોરી મોરી રે

‘મોર બની થનગાટ કરે, મારું મન મોર બની થનગાટ કરે’ એ ઝુલાવતી - નચાવતી અમર રચના કોની છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) અમૃત ઘાયલ બ) ઉમાશંકર જોશી
ક) ઝવેરચંદ મેઘાણી ડ) સુંદરજી બેટાઈ

## જાણવા જેવું

રાસ એટલે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે જૈન સાધુ કવિઓએ વિકસાવેલો પદ્ય પ્રકાર. મૂળમાં ‘રાસ’ એક નૃત્ય પ્રકાર હતો. મંદિરમાં સ્ત્રી - પુરુષ તાળી કે દાંડિયાના તાલ સાથે વર્તુળાકારે ગાયન - વાદન સહિત આવો રાસ રમતાં. આ રાસ રમતાં જેનું ગાન કરવામાં આવતું એ રચના પણ પછી ‘રાસ’ કહેવાઈ હોય એવું અનુમાન છે.

## સુડોકુ-૭૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૩ | ૧ | | | ૯ | | |
| | | | | | | | | |
| ૬ | ૨ | | | | | ૩ | ૭ | ૪ |
| | | ૯ | | ૮ | ૨ | ૫ | | |
| | ૪ | | ૫ | | ૭ | | ૯ | |
| | | ૭ | ૪ | ૩ | | ૮ | | |
| ૪ | ૩ | ૮ | | | | | ૧ | ૯ |
| | | | | | | | | |
| | | ૫ | | | ૪ | ૭ | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૯ | ૬ | ૩ | ૪ | ૫ | ૮ | ૭ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૨ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ |
| ૩ | ૯ | ૮ | ૫ | ૧ | ૬ | ૨ | ૭ | ૪ |
| ૪ | ૨ | ૬ | ૩ | ૯ | ૭ | ૮ | ૧ | ૫ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૬ | ૩ | ૯ |
| ૭ | ૮ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૯ | ૬ | ૩ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

માતાજીની આરતી ‘જય આદ્યા શક્તિ ની પંક્તિ’ ‘રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા’ રોળ્યો શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) રડવું
બ) ચકિત
ક) કચડવું
ડ) રામાડવું

## નોંધી રાખો

એક વાત જરૂર નોંધી રાખજો કે જો નુકસાન થયું હશે તો ભવિષ્યમાં લાભ પણ થવાનો જ છે અને દગો થયો હશે તો પછી હિસાબ પણ થશે.

## માઈન્ડ ગેમ

મહાલક્ષ્મી મંદિર, તુળજા ભવાની મંદિર, રેણુકા મંદિર અને સપ્તશૃંગી મંદિરની ઓળખાતી ૩.૫ શક્તિપીઠ દેશના કયા રાજ્યમાં છે આ જણાવો.

અ) ગુજરાત બ) મધ્ય પ્રદેશ
ક) ઓડિશા ડ) મહારાષ્ટ્ર

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| રવિવાર | વાઘની સવારી |
| સોમવાર | નંદીની સવારી |
| મંગળવાર | સિંહની સવારી |
| બુધવાર | ઐરાવતની સવારી |
| ગુરુવાર | ગરુડની સવારી |

ગુજરાત મોરી મોરી રે
રાજપરા

ઓળખાણ પડી
આસામ

માઈન્ડ ગેમ
નેપાળ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ચોથ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીષી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હીના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) પ્રવીણ વોરા (૩૩) રજનીકાંત પટવા (૩૪) સુનીતા પટવા (૩૫) શીરીન ઔંગાબાદવાલા (૩૬) પુષ્પા ખોના (૩૭) નીતિન બજરિયા (૩૮) નૂતન વિપીન

# વીક ઍન્ડ

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આ ડિજિટલ ઍરેસ્ટ એટલે શું?

### નિર્દોષને બેવકૂફ બનાવવાનો સાયબર ઠગ ટોળકીઓનો આ છે એક નવો તગડો ત્રાગડો!






**બધાને સચેત રહેવા સાયબર ક્રાઈમ સેલ તરફથી ચેતવણી**

કોરોનાના કપરા કાળ પછી આજના ઝડપી શોધ-સંશોધનના યુગમાં આર્થિક ક્ષેત્રે ડિજિટલ વ્યવહાર ધાર્યા કરતાં વધી ગયો છે અને એના કારણે સાઈબર ક્રાઈમની નવી ક્ષિતિજો ઉઘડી ગઈ છે.

વધી રહેલા સાયબર અપરાધોને લીધે છેલ્લાં ચાર મહિનામાં લોકોએ રુપિયા ૧૭૫૦૦ કરોડથી વધુ રકમ ગુમાવી છે !

નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલના આંકડા મુજબ ગયા વર્ષે -૨૦૨૩માં સાયબર અપરાધની કુલ ૧૫ લાખ ૫૬ હજાર ફરિયાદ નોંધાઈ હતી એની સરખામણીએ આ વર્ષ -૨૦૨૪ ના જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં સાયબર ફ્રોડના ૭ લાખથી વધુ કેસ નોંધાયા છે અને હજુ તો આ વર્ષના મે થી ડિસેમ્બરના ૮ મહિના આંકડા આવવાના

બાકીછે!

આ લૂંટના આંકડા આપણા દેશના છે. આ જ સમય ગાળા દરમિયાન એશિયાના ત્રણ દેશ : લાઓસ-કંબોડિયા- મ્યાંનમારમાં વસતા ભારતીયોએ પણ આશરે રુપિયા ૧૭૮૦ કરોડ સાયબર ફ્રોડમાં ગુમાવ્યા છે !

આવા ગુનાઓને અવરોધવા સાયબર ક્રાઈમ પોલીસ વધુ ને વધુ સજ્જ થતી જાય છે તો બીજી તરફ, આવા ઓનલાઈન અમીર અલી ઠગો ડગલે ને પગલે નવી નવી ટ્રિક્સ અજમાવી રહ્યાં છે.

શું છે એમની લેટેસ્ટ મોડસ ઓપરેન્ડી- કાર્ય પદ્ધતિ?

આજે આ ક્રાઈમકથાની શરૂઆત તમારા દસ્તાવેજ એક શહેરથી બીજા શહેર પહોંચાડતી કુરિયર સર્વિસ આપતી કંપનીઓથી કરીએ.

આવી કોઈ જાણીતી કુરિયર કંપની તરફથી એના શિકાર'ને કોઈ એક અજાણ્યા નંબરથી કોલ આવે છે.સામેથી કહેવામાં આવે છે કે :

તમારું નામ ફલાણું ...ફલાણું છે? જુવો, હું ઢીંકણી' કુરિયરથી વાત કરું છું તમારા નામથી એક કુરિયર પેકેટ કોરિયાથી આવ્યું છે. અમારા સ્કેનિંગમાં ખબર પડી છે કે એમાં ડ્રગ્સ જેવી કંઈક વાંધાજનક વસ્તુ છેઅમે પોલીસને જાણ કરી છે. તમને હવે કોઈ વરિષ્ઠ પોલીસ અધિકારીનો ફોન આવશે એમને સંતોષકારક જવાબ આપજો...'

આવો જ કોઈ અજાણ્યા મોબાઈલ નંબરથી પણ કોલ આવી શકે. સામે છેડેથી તમને એમ કહેવામાં આવે કે 'હું દિલ્હી એરપોર્ટ પરથી કસ્ટમ ઓફિસર મિહિર રાઠોડ વાત કરું છું. કારગો વિભાગમાં બેંગકોકથી તમારા નામે એક પાર્સલ આવ્યું છે, જે અમને શંકાસ્પદ લાગે છે. અમે મુંબઈ બાન્દ્રા પોલીસને કેસ સોંપ્યો છે ત્યાંના એક સિનિયર ઈન્સપેક્ટર જયંત વાનખેડે તમને ફોન કરશે..રુટિન ઈન્કવાયરી કરશે..ટેન્શન લેવાની જરૂર નથીતમને એ મદદ'

કરશે સમજી ગયા ને ?!'

આમ કસ્ટમ ઓફિસર અને પોલીસના નામે નિર્દોષને શિકાર બનાવવાની વાત અહીં પૂરી નથી થતી. ભેજાંબાજ સાયબર ગઠિયા આનાથી પણ એક વધુ લા-જવાબ ખેલ પાડે છે..

એ છે તમારી ડિજિટલ એરેસ્ટ' ...!

શું છે આ 'આભાસી ધરપકડ' એ જાણતા પહેલાં આવા ત્રણ-ચાર લેટેસ્ટ કિસ્સા પણ જાણી લો..

૧૨,૨૩૨ પર રાખવામાં આવી છે

બેંગલુરુની એક મલ્ટિનેશનલ કંપનીના વરિષ્ઠ લેડી એક્ઝિક્યુટને પોલીસ ' તરફથી કહેવામાં આવ્યું કે અમારી પાસે તમારાં કેટલાંક વાંધાજનક દસ્તાવેજો છે.. તમારા આધાર અને પેન કાર્ડનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે, જેથી તમારી 'ડિજિટલ ધરપકડ' અમારે કરવી પડે છે!

૧૦ કલાક સુધી ચાલેલા 'ડિજિટલ અરેસ્ટ'ના કૌભાંડમાં પેલા લેડી એક્ઝિક્યુટએ રૂપિયા ૫૧ લાખ ચૂકવ્યાં પછી એમને મુક્ત' કરવામાં આવ્યાં !

આજ રીતે નોઈડાના એક નિવૃત્ત મેજર જનરલની પણ ચાર દિવસ ડિજિટલી ધરપકડ કરવામાં આવી હતીએમની જેમ જ લખનૌના એક ન્યુરોલોજિસ્ટ ડો. રુચિકા ટંડનની આવી કહેવાતી ધરપકડ કરીને પાછળથી અમુક રકમની ખંડણી પછી એમેને છોડી ' મુકવામાં આવ્યા હતાં .... ઈન્દોરના એક વૈજ્ઞાનિકની આમ જ ગોંધી રાખીને એમને કહેવામાં આવ્યું કે અમારી પાસે તમારાં એવાં ડોક્યુમેન્ટસ છે,જેનાથી પુરવાર થાય છે કે તમે અમુક આતંકવાદી ગ્રુપ્સને દેશ- સુરક્ષાની ગુપ્ત માહિતી આપી દેશદ્રોહી પ્રવૃતિ કરી રહ્યા છે ...પછી એમની પાસેથી રુપિયા ૭૨ લાખની જંગી રકમ ઓકાવામાં આવી હતી!

હકીકતમાં આ ડિજિટલ ધરપકડ એ એક એવી ચાલબાજી છે ,જેના દ્વારા સાયબર અપરાધી શિકારની એના ઘરમાં જ 'કહેવાતી ધરપકડ' કરે છે. અહીં એરેસ્ટનો અમલ કરતો કોઈ પોલીસ અધિકારી તરીકે વિડિયો ક્લિપ પર પોઝ આપે છે અને શિકારને ડરાવવા- છેતરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા સર્જેલા અવાજનો ઉપયોગ કરે છે...!

જો કે આ બધા સાયબર છેતરપિંડીના કિસ્સાઓમાં સૌથી રોચક ઘટના લુધિયાણાના ટેક્સટાઈટાલના ઉત્પાદક એવા વર્ધમાન ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર ૮૩વર્ષી એસપી ઓસવાલની છે.

પોતાને મુંબઈ -કોલાબાની CBI ઓફિસના વરિષ્ઠ અધિકારી તરીકે ઓળખાવી વિડિયો કોલ પર કહેવામાં આવ્યું કે તમારા એક બેન્ક એકાઉન્ટન્ટમાંથી જેટ એરવેઝ સાથે તમે જે મનીલોન્ડરિંગ કર્યું છે એની વિગતો અમને મળી છે માટે યુ આર અન્ડર એરેસ્ટ!'

આવી ડિજિટલ એરેસ્ટ પછી ઓસવાલજી પર રીતસર કોર્ટકેસની કાર્યવાહી થઈ,જેમાં નામદાર જજ દ્વારા દંડ રુપે રૂ. ૭ કરોડની રકમ વિભિન્ન બેંક ખાતામાં ભરવાનો આદેશ સુદ્ધાં આપવામાં આવ્યો...આ રકમની ભરપાઈ પછી ઓસવાલજીને ડિજિટલ એરેસ્ટમાંથી મુક્ત કરવામાં આવ્યા..!

આ કાંડની ફરિયાદ પછી સાયબર ક્રાઈમ સેલે બે આરોપીને ઝડપી લઈ પાંચ કરોડ પાછા પણ મેળવ્યા. એ સાયબર ગેન્ગના હજુ પાંચેક આરોપીની શોધ ચાલુ છે.

એકે અહેવાલ મુજબ છેલ્લા પાંચેક મહિનામાં આવી ડિજિટલ એરેસ્ટથી રૂપિયા ૪૦૦ કરોડ વિભિન્ન શિકાર પાસેથી પડાવવામાં આવ્યા છે !

આવી આભાસી ધરપકડ પછી આજકાલ આવા જ બે શબ્દ બહુ ઝડપથી પ્રસરી રહ્યા છે.આ બન્ને ચોંકાવનારા શબ્દ પણ અતિ ગંભીર અપરાધને જ લગતા છે.

એ છે : ડિજિટલ કિડનેપિંગ અને ડિજિટલ રેપ!

કોઈને ખાસ કરીને ઓનલાઈન પર વધુ પડતા સક્રિય હોય એવા વિદ્યાર્થી કે તરુણ -તરુણીને તારે હવે તારા મમ્મી-પપ્પાનો સંપર્ક નથી કરવાનો ને જો કરીશ તો એમને અમે પતાવી દેશું! એવી સતત ધાક-ધમકી આપીને સાયબર અપરાધીઓની ટુકડી તરુણ -તરુણીને એમનાં મા-બાપ સાથેનો સંપર્ક તોડાવી નાખે. પછી ચિંતાગ્રસ્ત મા-બાપને પેલી ગેંગવાળા ધમકી આપે કે તમારા પુત્રને અમે કિડનેપ કર્યો છે આટલી રકમ આપો તો જ એમે એને છોડીશું ,નહીંતર!'

આવી જ ધમકી તરુણીના ઘેર પણ અપાય કે આટલી રકમ ચૂકવો, નહીંતર તમારી પુત્રી પર બળાત્કાર કરીશુ.!'

ડ્રાફ્ટ્સ આમ આભાસી અપહરણ અને વર્ચ્યુલ રેપની ધમકી આપીને તગડી ખંડણી વસૂલીના કિસ્સા વિદેશમાં વધતા જાય છે. સદભાગ્યે હજુ આપણે ત્યાં આવા કિસ્સા નોંધાયા નથી તો પણ બીજી તરફ, સાયબર એરેસ્ટ'ની ઘટના આપણે ત્યાં બહુ ઝડપથી વધુ રહી છે. ખાસ કરીને આજની ડિજિટલ -સાયબર ટેકનિક્સથી અજાણ હોય એવા સિનિયર સિટિજન્સને ચેતવવા માટે કેન્દ્ર સરકારના ગૃહખાતા તરફથી આજકાલ દેશભરમાં મોટેપાયે અખબાર -ટીવી અને સોશિયલ મીડિયા પર જાહેરખબર થઈ રહી છે.

આ દુનિયામાં નિર્દોષ પારેવા અનેક છે અને એમનો શિકાર કરનારા ચતુર પારધી પણ ઘણા છે.

આમ આદમીએ પણ હવે નવી નવી ટૂક્નોલોજિથી વધુ અજ્ઞાની રહેવું નહીં પોસાય. આપણું અ-જ્ઞાન ઓનલાઈન કૌભાંડકારીઓ માટે ઉપકારક નીવડે છે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# નો સ્મોકિંગ ... સિગારેટ હવે મોંઘી છે



આપણા દેશમાં ત્રણ પ્રકારના સિગારેટ પીનારા લોકો જોવા મળે છે. કેટલાક લોકો એવા હોય છે જેમની પાસે કાયમ સિગારેટ હોય, પણ એવા લોકો સતત માચીસ શોધતા હોય. કેટલાક લોકો એવા છે કે જેમની પાસે કાયમ માચીસ તો હોય, પણ એ સતત સિગારેટ શોધતા હોય. જોકે, એક ત્રીજો વર્ગ છે જેની પાસે ન તો

સિગારેટ હોય કે ન તો માચીસ, એ માત્ર પીવાની ઇચ્છા રાખે એટલે કે એવી ઈચ્છા સાથે રાખીને નીકળી પડે કે જો કોઈ એમને મફતમાં સિગરેટ પીવડાવે તો એ પીવે. આવા લોકો સામાન્ય રીતે સરકારી નોકરીમાં જોવા મળતા હોય છે.

'એમની એ બીજા કોઇ સિગરેટ પીવડાવેવાળી' ઈચ્છા પૂરી પણ થાય છે, કારણ કે જેણે

સરકારી ખાતામાંથી પોતાનું કામ કઢાવવાનું છે એ સરકારીબાબુને ખાલી સિગારેટ જ

શું? માચીસ, લાઇટર, એશ-ટ્રે કે પછી દારુ, લંચ, ડિનર, ડિનર સેટ, સોફા સેટ...એમને

જે જોઈએ તે આપી શકે છે. ( આ આપવાની આઇટેમનાં લિસ્ટમાં ઊંડા ઉતરી નહીં શકાય, આ સંસ્કારી અખબાર છે)

વળી આજકાલ સામેથી સિગારેટ અને લાઈટર આપનાર ભલા માણસને સમાજ બહુ આદર અને સન્માનથી જુએ છે. સિગારેટ મોંઘી અને કિંમતી ચીજ છે. મારા દારૂ પીનારા મિત્રો કરતાં સિગારેટ પીનારા મિત્રો વધુ ચિંતિત છે, કારણ કે સિગારેટ દિવસે ને દિવસે બહુ મોંઘી થતી જાય છે. જ્યારે એક માણસ, બીજાને સિગારેટ આપે કે ઓફર કરે ત્યારે સિગારેટ લેવાવાળો બહુ ખુશ થાય છે, પણ તો યે મફતમાં મળેલ સિગારેટ હાની તો પહોંચાડે જ છે, આદત વળગે તો ફ્રેંડશિપ અને ફાઇનાન્સ બેઉ પર અસર કરે. માટે આઘા જ રહો.

જો કે આજકાલ સારા કે દોસ્તારીનાં સંબંધોની પરંપરાગત વ્યાખ્યા ખોવાઇ છે. સિગારેટના ધુમાડાના જે વાદળોમાં જનસંપર્ક થાય છે, પ્રેમભર્યા સંબંધો માટે જે વાતાવરણ ઊભું થાય છે, જેને ફૂંકાતા ફૂંકાતા એક ભારતીય એક નિર્ણય તરફ આગળ વધે છે, જેના દ્વારા આપણે આપણી ઈચ્છાઓથી લઈને આપણા ગુસ્સા સુધીની દરેક

બાબત વ્યક્ત કરીએ છીએ, જેને ઓફર કરીને આપણે અજાણ્યાઓ સાથેના આપણા સંબંધોની કડી જોડીએ છીએ તે સિગારેટ...યેસ, એ સિગારેટ્ હવે મોંઘી થઈ ગઈ છે. હવે સિગારેટનું પેકેટ જેના ખિસ્સામાં છે એ એના પેકેટને ગુપ્ત નાણાંની જેમ છુપાવીને રાખવા માંગે છે. કાળા ધુમાડામાં લપેટાયેલી સિગારેટ હવે કાળા નાણાંની દુનિયામાં જતી રહી છે. હવે જે લોકો બહુ પૈસા કમાય છે એ લોકો જ મોંઘી સિગારેટ પી શકે છે. હવે જે લોકો દાવો કરતાં હતા અને ગર્વથી બડાઈ હાંકતા હતા કે, 'હું બહું મહેનત કરું છું તો સિગારેટ પણ સારી જ પીવું છું' એ સિગારેટ હવી એવા દાવાઓ માટે નથી રહી. હવે તમે ગમે તેટલી મહેનત કરો તો પણ તમને સારી ઊંચી કંપનીની સિગારેટ નહીં જ પોસાય ( જે તબિયત માટે સારું જ છે).

આ એ સમય છે જ્યારે પ્રામાણિક અને મહેનતુ ભારતીયોએ બીડી તરફ પાછા ફરવું જોઈએ. બીડીનો ધુમાડો એ ભારતનો પ્રાચીન ધુમાડો છે. બીડીનો કશ ભારતીય આત્માનો કશ છે. તેંદુના પાંદડા, જેમાંથી ભારતીય બીડી બને છે એ ભારતની જમીન સાથે જોડાયેલ કુદરતી છોડ છે. બીડીને મશીન નહીં, માણસો બનાવે છે. ખાદી પહેરનાર માણસ કરતાં બીડી પીતો માણસ મને વધુ ગાંધીવાદી લાગે છે. આમાં ભારતીય આત્મનિર્ભરતા છે. બીડીની ટેક્નોલોજી અને પેકિંગ, જેને આપણે બંડલ કહીએ છીએ તે ભારતીય પરંપરામાંથી વિકસેલી ટેકનોલોજી છે.

હા, એક વાત સ્પષ્ટ કહી દઉં કે હું બીડી નથી પીતો, પણ બીડી પર ભાષણ આપી શકું છું. જો બીડી બનાવતી કંપનીઓ મારો સંપર્ક કરે તો હું બીડી પર સરસ જાહેરાતો લખી કરી શકું,જેમકે... હવે સમય આવી ગયો છે કે-હે, ભારતીય બીડીઓ ઊભી થાવ અને મોંઘી સિગારેટને હરાવીને ધૂમ્રપાન કરનારાઓનાં દિલમાં તમારું સ્થાન જમાવો! જ્યારે આ વાત મેં ભાવુક થઈને મારા એક સિગારેટ પ્રેમી મિત્રને સંભળાવી તો એણે કહ્યું, 'સિગારેટ તો દરેક વખતે મોંઘી થાય છે, પણ એને પીવાની છોડી શકાય નહીં. મોંઘી હશે તો મોંઘી પીશું. આપણાં દેશમાં ઘણાં લોકો પાસે બહુ પૈસા છે, એટલે જ સિગારેટ ખચકાટ વગર મોંઘી થતી જાય છે, પણ પૈસા હોય કે ના હોય, એક ચોખવટ: સિગારેટ પીવી, સેહત અને બચત બેઉ માટે જોખમી છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઈન્વરેરી કાસલ-સ્કોટિશ હાઈલેન્ડના ગ્લેમરસ કિલ્લામાં...





લોખ લોમોન્ડ નજીકના બાલોખ પાસેની માર્કેટમાંથી લીધેલાં સ્કોન્સ સ્કોટલેન્ડની આ ખાસ ટ્રિપને સ્વાદિષ્ટ બનાવી રહ્યાં હતાં. તે દિવસની હાઇક પૂરી થતાં પહેલાં જ વરસાદના છાંટા ચાલુ થઈ ગયા હતા. હવે અમારે ત્રણ કલાકનો લાંબો રસ્તો કાપીને આર્ડફર્ન વિસ્તારમાં આવેલી હિસ્ટોરિકલ હોટલ 'ગેલી ઓફ લોર્ન' તરફ જવાનું હતું. તેમાં મોટાભાગનો આરગાયલ રિજન પાર કરવાનો હતો અને વેધર ફોરકાસ્ટ જોયા વિના માત્ર આકાશ જોઈને કહી શકાય તેમ હતું કે આખે રસ્તે સતત વરસાદ પડવાનો હતો. સ્કોટલેન્ડને ખરેખર વરસાદની એટલી બધી આદત હોય તેવું લાગતું હતું કે આસપાસમાં લોકો પોતાનું કામ કર્યે જતાં હતાં. ચાલવા નીકળેલાં છત્રી લઈને કે વિન્ડશિટર પહેરીને કામ ચલાવતાં હતાં. ખેતરોમાં ઘેટાં કેનોપી નીચે બેઠેલાં દેખાતાં હતાં. કોઈ કારણસર અમને પણ વરસાદ બંધ થવાની જરાય ઇંતેજારી ન હતી. મજાનું પ્લે લિસ્ટ અને ગ્રે સ્કોટિશ વેધર વચ્ચે આ રોડ ટ્રિપ અત્યંત રિલેક્સિંગ લાગતી હતી.

આર્ડેન અને કેર્નડાઓનો રસ્તો એટલો રમણીય હતો કે સ્કોટલેન્ડનું એકાદ વેકેશન માત્ર રસ્તાઓ પર ચાલ્યે જવામાં વીતી જાય તો પણ ચાલે એવું લાગતું હતું. રસ્તામાં નાનાં-મોટાં લોખ એટલે કે લેક આવ્યા કરતાં હતાં. ઓગસ્ટમાં ઉનાળાનું વેધર ન હતું, પણ ફૂલો જરૂર જ્યાં નજર પડે ત્યાં દેખાતાં હતાં. એટલું જ નહીં, સ્કોટિશ હાઇલેન્ડના પહાડો વચ્ચે આ દેશના કવિઓ અને નવલકથાકારોને ક્યાંથી પ્રેરણા મળતી હતી તે જોઈ શકાતું હતું. વચ્ચે ઇન્વરેરી કાસલ આવ્યો. તે કદાચ આરગાયલ રિજનનો સૌથી લોકપ્રિય કિલ્લો હોય તો નવાઈ નહીં. અમારો ત્યાં જવાનો કોઈ પ્લાન ન હતો, પણ બરાબર એ જ સમયે વરસાદ સાવ હળવો થઈ ગયો હતો અને અમને સ્પોન્ટેનિયસ બ્રેક લેવાની ઇચ્છા થઈ આવી. ક્લાન કેમ્પબેલની રેસિડન્સી એવો આ કિલ્લો કોઈ ફેરી ટેલ ફિલ્મ સેટ જેવો લાગતો હતો. ડ્યુક ઓફ આરગાયલ અને કેમ્પબેલ પરિવારની હિસ્ટ્રી સાથે અહીં જાણવા મળ્યું કે આ કિલ્લાનો પાયો છેક ૧૨૬૦ના વર્ષમાં નંખાયો હતો. આ ક્લાન આજે પણ અહીં ખુશહાલીમાં વસેલો છે. ક્લેનની હિસ્ટ્રી તો શાંતિથી વાંચવી પડે તેમ હતી, પણ કિલ્લાની ટૂર દરમ્યાન તેમના પરિવારનાં પેઇન્ટિંગ્સ જોઈને તેમનો ઇતિહાસ કેટલો નાટકીય બની રહ્યો હશે તે સમજી શકાતું હતું. છેલ્લા ઓલમોસ્ટ હજાર વર્ષોમાં આ કિલ્લાએ બ્રિટિશ રાજ અને સ્કોટિશ રાજકારણના દરેક ઉતારચઢાવ જોયા હતા. કેમ્પબેલ ક્લાનના પોતાના ટાર્ટન રંગો પણ હાજર હતા. ગિફ્ટશોપમાં કિલ્ટથી માંડીને સ્કાર્ફ, બધું મળતું હતું. એટલું જ નહીં, ત્યાં વિવિધ કલાકારોએ બનાવેલાં કિલ્લાનાં ચિત્રો પણ ખરીદી શકાય તેમ હતું. કિલ્લાના ચિત્રવાળા કોફી મગ્સથી માંડીને કિલ્લાનો લેગો સેટ વગેરે જોઇને આ ક્લાનને માર્કેટિંગ અને પીઆર માટે એકદમ હાઇપર એક્ટિવ ટીમ મળી હોય તેવું લાગતું હતું. કાસલના ગ્રાઉન્ડ્સના ભાગ રૂપે બનેલાં કોટેજ, લોજ અને બીજાં ઘરોને હોટલની જેમ રેન્ટ કરવાનું શક્ય છે. ક્યારેક તેને પણ બકેટ લિસ્ટ પર રાખીને બુક કરવાની મેન્ટલ નોટ બની. એટલું પૂરતું ન હોય તેમ થોડી વારમાં એ પણ જાણવા મળ્યું કે આ કિલ્લો તો ખ્યાતનામ પિરિયડ ડ્રામા 'ડાઉનટોન' એબીનો પણ ભાગ બની ચૂક્યો છે. હવે સમજાઇ રહ્યું હતું કે આ કિલ્લો આટલો ગ્લેમરસ કેમ હતો.

ત્યાંની વૂડલેન્ડ વોકની ગાઇડેડ ટ્રિપ માટે તો પહેલેથી બૂકિંગ કરાવવું પડે છે. જોકે તે જ રસ્તો જાતે ખેડવા પર કોઈ રોક નથી. વરસાદ ન પડતો હોત તો અમે પણ એ રસ્તા પર નીકળી પડ્યાં હોત. તે સમયે તો પ્રિ-બૂકિંગ કરાવેલાં લોકો જ આ વોક પર નીકળેલાં. અહીં વરસાદમાં પણ લોખ ફાયનનું પાણી એટલું પારદર્શક હતું કે ત્યાં વાદળોનું જ નહીં આસપાસનાં પહાડો, વેજિટેશન અને મકાનોનું પ્રતિબિંબ પણ જોવા મળતું હતું. અહીં ગિફ્ટ શોપમાં અમને જાણવા મળ્યું કે કિલ્લાનો ફલાવર શો જોવા વસંતમાં આવવા જેવું છે. હવે ફરી ક્યારેય આ દિશામાં આવીશું તો તે પ્લાન સાથે જ હશે એ નક્કી હતું. બાકીનાં આકર્ષણો સાથે અહીંની જેલ પણ એટલી જ જાણીતી છે. સ્કોટિશ કલ્ચરમાં તો ઇનવરેરી જેલ આપણે ત્યાંની તિહાર જેલ જેટલી જાણીતી હોય તેવું લાગતું હતું. અમે ગાઇડેડ ટૂર ન લીધી એમાં તે જેલ સુધી જવાનો મોકો ન મળ્યો. જેલ ન જઈ શકવા પર અફસોસ કરવો કે નહીં તે પ્રશ્ન સાથે અમે ઇનવરેરીથી બહાર નીકળ્યાં. વરસાદ તો ચાલુ જ હતો. પ્રેડિક્શન પ્રમાણે અમે હોટલ પહોંચીયે ત્યાં સુધીમાં તડકો નીકળવાની વાત હતી.

રસ્તામાં ઝરમર તો ચાલુ જ રહી. ઓબાન નજીક આવ્યું અને સાથે થોડા રસ્તાઓ રિનોવેટ થતા રોડબ્લોક્સ પણ આવ્યા. આમ જોવા જાઓ તો રોડવર્ક્સના કારણે રસ્તો બદલવો પડે તેવું ડાઇવર્ઝન તો આખી દુનિયામાં જોયું છે, પણ અહીં એક એવો પટ્ટો આવ્યો જ્યાં એક અડધા બંધાયેલા રસ્તા પર લાલ લાઇટ આવી. ત્યાં બોર્ડ પણ હતું કે અહીં દર અડધા કલાકે એક સપોર્ટ કાર આવશે. ત્યાં સુધી ભેગી થયેલી કારને આ ગાઇડ કારની પાછળ પછળ રસ્તો પાર કરવાનો. તે સમયે તો સાંજના ચાર વાગેલા, પણ આ સર્વિસ ચોવીસ કલાક ચાલુ હતી. એટલે કોઈ માણસ સતત આ અડધો કિલોમીટરનો રસ્તો પોતે ગાડી લઈને બાકીનાં લોકોને રસ્તો પાર કરાવવાનું કામ કરતો. આ માણસની પણ શિફ્ટ તો બદલાતી જ હોવી જોઈએ. આમ પણ અમે હોટલથી હવે જરા નજીક હતાં. ફરી અહીંથી દિવસના અલગ અલગ સમયે નીકળવાનું થયું ત્યારે સતત આ સર્વિસ તો હાજર હતી જ. માત્ર ત્રણ કલાકની ડ્રાઇવ એટલી મજેદાર પુરવાર થઈ રહી હતી કે જ્યારે હોટલ પર પહોંચ્યાં ત્યાં ઇચ્છા થઈ કે હજી એક નાની ડ્રાઇવ પર જઈ શકાય. જોકે એક વાર ગેલીમાં ચેક-ઇન કર્યું પછી ત્યાંથી પાછાં નીકળવાનું મન જ ન થયું. લોખ ક્રેગનિશના વ્યુ સાથે બનેલી આ ઇન હંમેશાંથી ઇન જ હતી. આ રિજનનો ઇતિહાસ વાંચીને તેની વાત કરવામાં ત્યાંના રેસ્ટોરાંમાં બેસીને ચોવીસ કલાકમાં પહેલી વાર તડકો જોવા મળ્યો. સ્કોટલેન્ડનું વેધર અમારા પર મહેરબાન થઈ રહ્યું હતું. ■



પ્રકરણ ૮૫

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

લખુકાકાને માલિકની ખિલાફ વાત સાંભળીને ચાટી ગઈ અને એ પણ જતાં જતાં બોલતાં ગયા :

'કોને ખબર સાહેબ, કોણ એમના લોહી માટે તરસ્યો થયો છે? કોઈના કપાળ પર થોડું લેબલ ચીટકાડેલું હોય છે કે હું ખૂની છું?'

'ઠીક છે... ઠીક છે... તારા માલિકને કહી દે કે અમે આવીએ છીએ.' જમાઈએ લખુકાકાને વિદાય કરવાના આશયથી કહ્યું.

'ઘરના માણસને માથે ચડાવે છે અને કુટુંબીઓને ઠેબે ચડાવે છે એવો છે તારો બાપ.'

લખુકાકાને જમાઈના શબ્દો બારણા પાસે સંભળાયા. વિક્રમના સાળા જયને જગમોહનનો સંદેશ પહોંચાડ્યો ત્યાર જય આશ્ચર્યચકિત થઈ ગયો.

'મીટિંગ...? ઘરમાં...? કાકા, આ ઘર છે કે ઑફિસ...? અને કાકા, હું તો બહારનો ગણાઉં, મારું હાજર રહેવું ઉચિત નહીં ગણાય...' જય હજી અવઢવમાં હતો.

'એ મને ખબર ન પડે. મને તો જે કહેવામાં આવ્યું છે એ જ કહું છું.'

'ઓકે... કહેજો કે હું આવું છું...' કોઈ પણ દલીલ વગર જય શરણે થઈ ગયો.

'લખુકાકા બહાર નીકળતા હતા ત્યારે એમના કાને જયના શબ્દો અફળાયા : પપ્પા પણ ગજબ છે. મને અહીંયા શા માટે મોકલ્યો એ જ સમજાતું નથી. પોતે રુપિયા લઈને બેઠા હતા તો પછી...' પછીના શબ્દો લખુકાકા સાંભળી ન શકયા.

ગાયત્રીને મળીને લખુકાકાને હંમેશાં આનંદ થતો.

'ચલો કાકા, હું તમારી સાથે જ આવું છું.' લખુકાકાની વાત સાંભળતાં જ ગાયત્રી તૈયાર થઈ ગઈ.

'ના, દસ-પંદર મિનિટ પછી આવશો તો ચાલશે...' લખુકાકાએ કહ્યું. બહાર નીકળતી વખતે લખુકાકાએ એક પણ શબ્દ સાંભળ્યો નહીં. એમને ખબર હતી કે ગાયત્રી કોઈને પીઠ પાછળ બોલે એટલી નબળી નહોતી.

બધાં જગમોહનના બેડરૂમમાં એકત્રિત થયાં હતાં. ગાયત્રી અને લખુકાકાને બાદ કરતાં દરેકના ચહેરા પર અણગમાના ભાવ હતા. એમાંય જગમોહને બહાર પગ ન મૂકવાનો નિર્ણય જાહેર કરતાં જ દરેકના ચહેરા પર નારાજગીના ભાવ છવાઈ ગયા. હાજર રહેલાઓમાં થોડો ગણગણાટ પણ થયો.

'પપ્પા, બહાર તો પૂરતો પોલીસ બંદોબસ્ત છે જ, તો પછી ડરવાનું શું કારણ?' વિક્રમે પહેલાં વિરોધ નોંધાવ્યો.

જગમોહનને હાડોહાડ લાગી આવ્યું , પણ એણે ચહેરા પર સ્વસ્થતાના ભાવ કાયમ રાખ્યા. થોડી પળો બાદ એણે મોન તોડ્યુંઃ

'વક્રમ, તું જાણે છે કે હું ડરતો નથી , પણ આપણે ધમકીને નજરઅંદાજ કરી પણ ન શકીએ. કદાચ કોઈ ઈમરજન્સી ઊભી થાય ત્યારે બધાં ઘરમાં જ રહે એવું હું ઈચ્છું છું.'

'વ્હોટ રબીશ....' વિક્રમ આસ્તેથી બોલ્યો.

'બધા હાજર હશે તો પણ જે બનાવકાળ હશે એ તો થઈને જ રહેશે.' પ્રભાએ નિઃસ્પૃહતાથી પોતાનું નિરીક્ષણ બધાં સમક્ષ મૂક્યું.

'ગાયત્રી ધ્રૂજી ગઈ. પ્રભાના વલણને વ્યવહારુ ગણવું કે નિષ્ઠુર એ પ્રશ્ન એને મૂંઝવવા લાગ્યો. પ્રેક્ટિકલ' શબ્દની આડશ લઈને ઘણા પોતાનો ક્રૂર અને સ્વાર્થી અભિગમ જાહેર કરી દેતા હોય છે. ગાયત્રીને લાગ્યું કે એના માટે વધુ સમય ચૂપ રહેવું મુશ્કેલ હતું :

'મમ્મી, આપણા માથે જે આફત તોળાઈ રહી છે એ કુદરતી નથી પણ માનવસર્જિત છે એટલે અહીં બનવાકાળને રોકી શકાય અને એ માટેના તમામ પ્રયાસો થવા જોઈએ એવું કદાચ કાકુ કહેવા ઈચ્છે છે. શક્ય છે કે બધાંની હાજરી હોય તો હુમલાખોર ઘરમાં પ્રવેશતાં અચકાય પણ ખરો. આપણામાંથી કોઈ બહાર જાય અને દુશ્મન એના પર પોતાનો ગુસ્સો ઉતારે તો?'

'ગાયત્રીને લાગ્યું કે જ્યારે લોકોને સ્વાર્થની ભાષા જ સમજાતી હોય ત્યારે એ જ ભાષામાં વાત કરવી જોઈએ.

'સોરી, ગાયત્રી,' કરણ ઊભો થઈ ગયો :

'હું વધુ સમય અહીં રહી નહીં શકું. આખો દિવસ અહીં ગોંધાઈ રહીશ તો હું ગૂંગળાઈને મરી જઈશ.'

'ઓ.કે. કરણ, તું બપોર સુધી તો રહી જ શકે છે. વળી, રાતના તારે કબીર અંકલને લેવા એરપોર્ટ નથી જવું?' ગાયત્રીને અચાનક કબીર અંકલની યાદ આવી ગઈ. એને એવું લાગતું હતું કે કબીર એક જ વ્યકિત છે જે દીવાન પરિવાર અને દુર્ઘટના વચ્ચે ઊભા રહી શકે છે.

કરણ પોતાની જગ્યાએ બેસી ગયો.

'કબીર અંકલની ફ્લાઈટ કેટલા વાગે છે?' વિક્રમે પૂછ્યું.

'સાડા છ વાગ્યે લેન્ડ થશે, પણ મેં કબીરને ફોન કરીને કહી દીધું છે કે હું ફક્ત ગાડી મોકલીશ, અમે કોઈ લેવા નહીં આવીએ.'

જગમોહને મક્કમતાથી પોતાની વાત રજૂ કરી. કોઈએ વિરોધ કર્યો નહીં કે પ્રશ્ન પૂછયો નહીં.

'વડીલ, હું તો બહાર નીકળી શકું ને?' જયએ ક્યારનો મનમાં ધરબી રાખેલો પ્રશ્ન પૂછી નાખ્યો.

'હા, તમે જઈ શકો છો, મારા ખ્યાલથી તમને વાંધો નહીં આવે.' જગમોહને ખભા ઉલાળીને કહ્યું.

'ના, જય' પૂજા વચ્ચે કૂદી પડીઃ એક દિવસ બહાર નહીં જાયતો કંઈ ખાટુંમોળું નથી થઈ જવાનું.'

'ઓ.કે. એઝ યુ પ્લીઝ,' જયે નમતું જોખી દીધું.

'હવે તમારું પત્યું હોય તો અમે કામે વળગીએ.' પ્રભાથી રહેવાયું નહીં. જગમોહન ઉશ્કેરાઈને કહેવા જતો હતો પણ ગાયત્રીએ એની તરફ ન'કાર નજરે જોયું અને એ અટકી ગયો.

ઘણા દિવસે એને મા યાદ આવી ગઈ.

આત્મહત્યા કરવા જતો હતો એની આગલી રાતે પણ એને મા યાદ આવી હતી. આજે પણ માનો ચહેરો આંખ સામે તરવરવા લાગ્યો. માએ પણ ગાયત્રીની જેમ જ જોયું હોત.

જગમોહનના ચહેરા પર પરવશતાના ભાવ જોઈને ગાયત્રીથી રહેવાયું નહીં :

'મમ્મી, જ્યારે કુટુંબ પર આફત આવી પડે ત્યારે બધાં સાથે રહીએ તો કોઈ ઉકેલ જડી આવે.' ગાયત્રી બોલી તો ખરી પણ એના શબ્દોની કોઈ અસર નહીં થાય એની એને ખાતરી હતી.

'બેટા, તને ખબર નથી.' પ્રભાએ નિસાસો નાખ્યો :

'જીવ બધાને વ્હાલો હોય છે, પણ અમે છેલ્લાં કેટલાં વરસોથી ટુકડે ટુકડે મરતા રહ્યા છીએ એની કોઈએ પરવા પણ નથી કરી.'

'મમ્મી, જૂની વાતો ઉખેળીને જિંદગી જીવવાનો શુ અર્થ છે? ગઈકાલે જે સમસ્યા નડી એ આવતીકાલે ન નડે એનો રસ્તો કાઢવો જોઈએ.' ગાયત્રીએ કહ્યું.

પ્રભા ચૂપ રહી.

'મમ્મી, મને એવું લાગે છે,' ગાયત્રીએ ઉમેર્યુંઃ

'કે એક વાર માથા પર તોળાતી આ આફત ટળી જશે પછી કોઈને કોઈની સાથે ફરિયાદ નહીં રહે. સમૃદ્ધિ તો છે જ અને સુખનાં પણ પગલાં આ ઘરમાં થશે....' ગાયત્રીને આશ્ચર્ય થયું - એ કેવી રીતે આ બધું બોલી ગઈ.

દરેકના ચહેરા પર ગાયત્રી પરત્વે મનની લાગણી અંકિત થઈ ગઈ.

'તો હું એમ સમજીશ કે તારાં પગલાં અમારા માટે શુભ નીકળ્યાં.' પ્રભાએ ફિક્કું હસતાં કહ્યું.

'મારા માટે તો ગાયત્રી શુકનિયાળ નીવડી છે. હું આશા રાખું છે કે મારા પરિવાર માટે પણ એ શુભ નીવડે.' જગમોહન બોલ્યો.

'ઘણાનાં પગલાં શુભ હોય છે, પણ એને ઓળખવા માટે પારખું નજર જોઈએ.' જતીનકુમાર બોલ્યા. કોઈ કંઈ બોલ્યું નહીં પણ દરેકના ચહેરા પર એક આછું સ્મિત ફરકી ગયું.

'પપ્પા, તમને ધમકી આપનારો કોણ હશે એનું અનુમાન કરી શકો છો?' કરણે પિતાને પૂછયું.

'ઘણો વિચાર કર્યો પણ કોઈ નામ યાદ નથી આવતું. હા, એક તારતમ્ય પર જરૂર આવ્યો છું કે જાણે-અજાણે આપણી ખૂબ જ નિકટની વ્યક્તિ એ હત્યારાને મદદ કરી રહી છે.'

જગમોહનની વાત સાંભળીને રૂમમાં સોપો પડી ગયો. ગાયત્રી વિચારવા લાગી કે જગમોહને અંધારામાં તીર છોડયું છે કે પછી કોઈ આધારભૂત માહિતીના આધારે એ કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યો છે?

પોતાની વાત કહ્યા બાદ જગમોહન દરેકના ચહેરા વાંચવાની કોશિશ કરવા લાગ્યો.


એને કોઈના ચહેરા પર ઝડપી ભાવપરિવર્તન નજરે ન ચડ્યું. કહો ન કહો, આ વખતે ભેજાંબાજ એકટર સાથે પનારો પડ્યો છે, એણે વિચાર્યું.

* * *

કરણ, જો તું પચ્ચીસ લાખ મેનેજ ન કરી શકતો હોય તો મને ભૂલી જજે.' રૂપાએ ફોન પર કરણની વાત સાંભળીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી.

'ડાર્લિંગ, આપણા વચ્ચે પૈસા જેવી ક્ષુલ્લક વાત શા માટે આવવી જોઈએ એ જ નથી સમજાતું. તું મારા પર ભરોસો રાખ. બહું ઠીક થઈ જશે.' કરણે રૂપાને ઠંડી પાડવાની કોશિશ કરતાં કહ્યું.

'કરણ, તું ભૂલ કરે છે. પ્રેમ પોતાની જગ્યાએ છે. જૂના જમાનામાં ફક્ત પ્રેમ પર સંસાર ચાલતો હશે, આજે પ્રેમ સાથે પૈસો હોય તો જ બે પૈડાં પર સંસારનો રથ ચાલે. તું જો રૂપિયાની જોગવાઈ ન કરી શકતો હોય તો હું તને પ્રમ કરતી રહીશ પણ પરણી જઈશ કોઈ બીજાને.'




વાહ રૂપા, તારી આ જ અદા મને બહુ ગમે છે. તું બિન્ધાસ્ત અને સ્પષ્ટવક્તા છો. મને ખોટું નહીં લાગે રૂપા. તું એક કામ કર. મને થોડો સમય હજી આપ. હું મારી રૂપા માટે આકાશના તારા તોડી લાવી શકું છું તો આ પચ્ચીસ લાખ શું ચીજ છે?' કરણ સ્વયં સમજી નહોતો શકતો કે હંમેશાં રૂપા સાથે વાત કરતી વખતે એ ગદ્ગદિત શા માટે થઈ જતો હતો.

'કરણ આકાશના તારાને તું તારા ખિસ્સામાં રાખજે. મને ફક્ત ધરતીના રુપિયા લાવી દેજે એટલે પત્યું. જ્યારે કામ થઈ જાય ત્યારે કહેજે એટલે આપણે પરણી જઈએ.'

'પણ રૂપા, મેં પપ્પાને તો કહી દીધું છે કે આપણે મેરેજ કરી લીધાં છે.' કરણ મૂંઝાઈ ગયો. રૂપા શું કરવા ધારતી હતી એ એને સમજાતું નહોતું. કદાચ સાચે જ રૂપા કોઈ બીજાને પરણી જશે તો? એ કદાચ કૈલાશ સાથે મેરેજ કરી લે તો?

કરણ ફફડી ગયો.

આ પપ્પા પણ ગજબના છે. કોઈ હિસાબે સમજતા નથી.

'કરણ, તેં તારા પપ્પાને કહી દીધું તો હું શું કરું? મેં તો પહેલાં જ તારી સામે શરત મૂકી હતી. બાય, કરણ. કામ થઈ જાય ત્યારે ફોન કરજે. પ્લીઝ ડોન્ટ માઈન્ડ પણ હું સ્પષ્ટ બોલવામાં માનું છું. ચૂપ રહીને આખી જિંદગી દુઃખી થવામાં હું નથી માનતી.'

રૂપાએ ફોન મૂકી દીધો.

કરણને લાગ્યું કે એ કદાચ રૂપાને ગુમાવી બેસશે, એ પણ પચ્ચીસ લાખ જેવી રકમ માટે.

એને ફરી પપ્પા પર ગુસ્સો ચઢ્યો. હવે કંઈ કરવું જ પડશે. સીધી આંગળીથી ઘી કાઢનારા બેવકૂફ જ હોય છે.

બધા જાણે છે કે ઘી કાઢવા માટે આંગળી વાંકી કરવી પડે.

એક તર્કહીન વિચાર એના મગજમાં પ્રવેશી ગયો. રિવોલ્વરનો ઘોડો ચલાવતી વખતે પણ આંગલીને વાળવી પડે.

કરણ મનોમન પોતાના વિચારની ભયાનકતા પર ધ્રૂજી ઊઠ્યો.

* * *

મિ. દીવાન.... મિ. વિક્રમ દીવાન, શું ખબર છે?' વિક્રમ ફોન પર ઈન્સ્પેક્ટર પ્રમાણિકનો અવાજ ઓળખી ગયો હતો.

'હા, બોલો ઈન્સ્પેક્ટર, કોઈ ખબર?' ઈન્સ્પેક્ટર સાથે વાત કરવાની વિક્રમને જરા પણ ઈચ્છાનહોતી થતી.

'એવી મસ્ત ખબર છે કે તમે ફરી આજે મને એક પેકેટ મોકલવાની જીદ કરશો.' ઈન્સ્પેક્ટર પ્રમાણિક સ્વભાવગત લાલચુ હતો કે એ એની ટીખળ કરતો હતો એ કળવું મુશ્કેલ હતું.

વિક્રમ મૌન રહ્યો. બહુ ઉત્સુક્તા દર્શાવીને ખબરની કિંમત વધારવી નથી, એણે વિચાર્યું.

'મિ. દીવાન, તમારું કબૂતર ડિવાઈન ગેસ્ટહાઉસથી ઊડીને અલીપુરના પેરેડાઈઝ ગેસ્ટહાઉસમાં રહેવા આવી ગયું છે. મારો માણસ એના પર સતત નજર રાખી રહ્યો છે.'

'ઈન્સ્પેક્ટર, તમને ખબર છે કે એ કુમાર છે, શ્યામલીનો વર, તો તમે એને એરેસ્ટ શા માટે નવી કરતા?' વિક્રમને હવે કુમારની વાતમાં બહુ રસ નહોતો પડતો. શ્યામલીના મૃત્યુ બાદ વિક્રમનું પ્રેમપ્રકરણ અને એની સાથે જોડાયેલાં બધાં પાત્રો જાણે અતીતનો કોઈ ભુલાયેલો હિસ્સો હોય એવાં લાગતાં હતાં.

મિ. દીવાન, કુમાર ચક્રવર્તી શ્યામલીનો વર છે એ હું જાણું છું. એને તો હું ઈચ્છું ત્યારે પકડી શકું છું પણ તમે જ કહો એને એરેસ્ટ કરીને મને શું મળવાનું છે? કાનૂન એને સજા કરે એમાં મને રસ નથી, પણ એની ખબર તમારા સુધી પહોંચાડીને એની કિંમત વસૂલવામાં વધુ રસ છે.' ઈન્સ્પેક્ટર પ્રમાણિક બોલતી વખતે લુચ્ચું હસ્યો હશે એની વિક્રમે કલ્પના કરી લીધી.

આ જ કારણસર ઈન્સ્પેક્ટરે કુમાર પાછળ પોતાનો માણસ લગાડી રાખ્યો હશે.

મિ. દીવાન, કુમારે રામપૂરી ચાકુ ખરીદ્યું એ તો તમે જાણો છો, કારણ કે એ જ દુકાનેથી તમે પણ ચાકુ ખરીદ્યું છે.' પોતાના શબ્દોની વિક્રમ પર શું અસર થાય છે એની પરવા કર્યા વિના ઈન્સ્પેક્ટરે પોતાની વાત ચાલુ રાખી.

'ગઈકાલ સુધી તો મને એમ જ હતું કે આ માણસ પોતાના સ્વબચાવ માટે છરી ખરીદે છે પણ આજે તો એ એક ડગલું આગળ વધ્યો.'

વાત કરવાની ઈન્સ્પેક્ટરની આ સ્ટાઈલ હતી. વિક્રમને લાગ્યું કે એને પૂછવું પડશે કે આજે કુમારે શું કર્યું?

શું કર્યું કુમારે?' ઈચ્છા ન હોવા છતાં વિક્રમે પ્રશ્ન પૂછ્યો.

'મને લાગે છે કે આ માણસનો ઈરાદો કોઈ મોટો ગુનો આચરવાનો છે.' (ક્રમશ :)■

---

# યાદ છેને, ૬૦ વર્ષ પહેલાં દશેરાના દિવસે પટૌડીની ટીમે ઑસ્ટ્રેલિયાને બ્રેબોર્નમાં આંચકો આપેલો

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

આજે (શનિવાર, ૧૨મી ઑક્ટોબર) દશેરાનો તહેવાર છે અને હૈદરાબાદમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતની ટી-૨૦ ટીમ બાંગ્લાદેશ સામેની ત્રીજી તથા છેલ્લી મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પણ જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરવા તત્પર છે. વિજયાદશમી જેવા સપરમા દિવસે ભારતીય ક્રિકેટ ટીમે ઘરઆંગણે વિજય મેળવ્યો હોય એવું બહુ ઓછી વાર બન્યું હશે. આજે એવું બની શકે, પણ આ સંદર્ભમાં ૬૦ વર્ષ પહેલાંની બ્રેબૉર્ન સ્ટેડિયમની ઑસ્ટ્રેલિયા સામેની રોમાંચક ટેસ્ટ-મૅચની યાદ ગઈ. એમાં ભારતે બે જોરદાર ફાઇટ-બૅક સાથે વિજય હાંસલ કર્યો હતો.

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેષ્ઠ ટેસ્ટ-મૅચોમાં આ મૅચનો સમાવેશ અચૂક થાય છે. બ્રેબૉર્નમાં ત્યારે ભારતે અગાઉની ૧૧ ટેસ્ટમાં ક્યારેય ન હારવાની પરંપરા જાળવવાની હતી.

૧૯૬૪માં ત્યારે દશેરાનો દિવસ હતો અને મહાન સુકાની મન્સૂર અલી ખાન પટૌડીની કૅપ્ટન્સીમાં ભારતે બૉબી સિમ્પસનની ટીમને પરાજયનો આંચકો આપ્યો હતો.

વાત એવી છે કે ૬૦ વર્ષ પહેલાં પણ ઑક્ટોબરનું બીજું અઠવાડિયું હતું અને મુંબઈમાં નવરાત્રિનો તહેવાર જોરશોરમાં ઉજવાઈ રહ્યો હતો અને ગુરુવાર, ૧૫મી ઑક્ટોબરના દશેરાના શુભ દિવસે ભારતે અનેક ઉતાર-ચઢાવ બાદ અને રસાકસીની ચરમસીમા આવ્યા બાદ છેવટે ઑસ્ટ્રેલિયાને બે વિકેટના માર્જિનથી હરાવી દીધું હતું.

બૉબી સિમ્પસને ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી. તેમની ટીમમાં બિલ લૉરી, બ્રાયન બૂથ, પીટર બર્જ, બૉબ કાઉપર, ટૉમ વિવર્સ, વિકેટકીપર બૅરી જાર્મન, જૉની માર્ટિન, ગ્રેહામ મૅકેન્ઝી, ઍલન કૉનોલી અને નોર્મ ઑનિલ જેવા જાણીતા ખેલાડીઓ સામેલ હતા. અફઘાનિસ્તાનમાં જન્મેલા ભારતીય ઑલરાઉન્ડર સલીમ દુરાનીએ લૉરી (૧૬ રન)ને વહેલા પૅવિલિયનમાં મોકલીને પ્રવાસીઓને આઘાત આપવાનું શરૂ કર્યું હતું. બર્જ (૮૦ રન), વિવર્સ (૬૭ રન) અને જાર્મન (૭૮ રન)ની હાફ સેન્ચુરીની મદદથી ઑસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ દાવમાં ૩૦૦નો આંકડો પાર કરીને ૩૨૦ રનનો સન્માનજનક સ્કોર નોંધાવવામાં સફળ થયું હતું. લેગબ્રેકના નિષ્ણાત ભાગવત ચંદ્રશેખર (૫૦ રનમાં ચાર વિકેટ) અને




બાપુ નાડકર્ણી

લેફ્ટ-આર્મ સ્પિનર અને ઑલરાઉન્ડર બાપુ નાડકર્ણી (૬૫ રનમાં બે વિકેટ)ના તરખાટને કારણે પ્રવાસી ટીમ થોડી કન્ટ્રોલમાં રહી હતી. ચંદુ બોરડેએ લેગબ્રેકના જાદુથી બર્જ (૮૦ રન)ને સદી પૂરી નહોતી કરવા દીધી અને લેફ્ટ-આર્મ પેસ બોલર રુસી સુરતીએ જાર્મન (૭૮ રન)ને સેન્ચુરીથી વંચિત રાખ્યા હતા એટલે ઑસ્ટ્રેલિયા આઘાતમય તો હતું જ એવામાં ભારતે પણ પ્રથમ દાવમાં ત્રણ મોટી હાફ સેન્ચુરીથી ૩૪૧ રન ખડકીને ૨૧ રનની લીડ લીધી હતી.

> આજે વિજયાદશમી છેઃ ૧૯૬૪માં બૉબી સિમ્પસનની ટીમે ચંદ્રશેખર-બાપુ નાડકર્ણીના તરખાટ સામે ઘૂંટણિયા ટેકવ્યા હતા

કૅપ્ટન પટૌડી (૮૬ રન), એમ. એલ. જયસિંહા (૬૬ રન) અને વિજય માંજરેકર (૫૯ રન)ના સૌથી મોટાં યોગદાનો ઉપરાંત ભારતને સરસાઈ અપાવવામાં બાપુ નાડકર્ણીનો ૩૪ રનનો, રુસી સુરતીનો ૨૧ રનનો તથા વિકેટકીપર પ્રિન્સ ઇન્દ્રજીતસિંહજીનો ૨૩ રનનો બહુમૂલ્ય ફાળો હતો.



ભાગવત ચંદ્રશેખર તથા મન્સૂર અલી ખાન પટૌડી. (ગેટી ઈમેજિસ)

મુંબઈના જાણીતા સ્કોરર અને ૫૦ કરતાં પણ વધુ વર્ષોથી ડોમેસ્ટિક તથા ઇન્ટરનૅશનલ ક્રિકેટ સંબંધિત ઝીણી-ઝીણી આંકડાકીય માહિતી ક્રિકેટપ્રેમીઓ સુધી પહોંચાડતા ક્રિકેટ-નિષ્ણાત યશવંત ચાડે 'મુંબઈ સમાચાર'ને જાણકારી આપતા કહ્યું હતું કે 'ભારતે ફર્સ્ટ ઇનિંગ્સમાં ૨૧ રનની લીડ લીધી ત્યાર બાદ બીજા દાવમાં ઑસ્ટ્રેલિયાએ ફાઇટબૅક સાથે ત્રણ હાફ સેન્ચુરીની મદદથી ૨૭૪ રન બનાવીને ભારતને જીતવા ૨૫૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. જોકે મહાન સુકાની પટૌડીના નેતૃત્વમાં ભારતીય ટીમે વધુ ચડિયાતા ફાઇટબૅકથી ૨૫૪ રનનો ટાર્ગેટ ૧૨૯ ઓવર સુધી ઝઝૂમીને છેવટે ૨૫૬/૮ના સ્કોર સાથે હાંસલ કરી જ લીધો હતો અને સિરીઝને ૧-૧થી બરાબરીમાં લાવી દીધી હતી.'

સેકન્ડ ઇનિંગ્સમાં બિલ લૉરી (૬૮ રન), બૉબ કાઉપર (૮૧ રન) અને બ્રાયન બૂથ (૭૪ રન)એ હાફ સેન્ચુરી ફટકારી હતી. જોકે રુસી સુરતી (૭૭ રનમાં એક વિકેટ) શરૂઆતમાં જ બૉબી સિમ્પસનને ૨૦ રનના તેમના સ્કોર પર હનુમંત સિંહના હાથમાં કૅચઆઉટ કરાવી ચૂક્યા હતા અને ત્યાર પછી બાકીનું કામ ચંદ્રશેખર (૭૩ રનમાં ચાર વિકેટ) અને બાપુ નાડકર્ણી (૩૩ રનમાં ચાર વિકેટ)ની સ્પિન-જોડીએ પૂરું કરી આપ્યું હતું.

હવે પટૌડી ઇલેવનની ખરી કસોટી શરૂ થવાની હતી. ૨૫૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. બૉબી સિમ્પસન પોતાના સહિત કુલ સાત બોલરને ભારતીય ટીમ સામે અજમાવવાની પેરવીમાં હશે ત્યાં ભારતે આરંભમાં જ જયસિંહા (૦)ની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે ઓપનર દિલીપ સરદેસાઈ (૫૬ રન) અને વનડાઉન બૅટર સલીમ દુરાની (૩૧ રન)ની જોડીએ ઑસ્ટ્રેલિયન ટીમને જોરદાર ટક્કર આપી હતી અને ૬૬ રનની ભાગીદારી કરીને જીતનો પાયો નાખી આપ્યો હતો.

ચોથા નંબરે મોકલવામાં આવેલા બાપુ નાડકર્ણી (૦) બૅટિંગમાં ફરી સફળ નહોતા થયા, પરંતુ કાંગારૂ ટીમને મિડલ-ઑર્ડરની તથા ટેઇલ-એન્ડર્સની જાળમાંથી પસાર થવાનું હતું એટલે બરાબરીની ટક્કર જામી હતી.

પટૌડીએ બીજા દાવમાં બૅટિંગ-ક્રમમાં અજબ-ગજબ ફેરફારો કર્યા હતા અને તેમની એ સ્ટ્રૅટજી કારગત નીવડી હતી. પાંચમા ક્રમના બૅટર રુસી સુરતી (૧૦ રન) તથા હનુમંત સિંહ (૧૧ રન) પોણો કલાક સુધી ક્રીઝ પર ટકી રહીને સાધારણ યોગદાન આપીને પૅવિલિયનમાં પાછા ગયા ત્યાર બાદ ખુદ પટૌડી (૫૩ રન) અને વિજય માંજરેકરે (૩૯ રન) ટીમને જિતાડવાની બાકીની જવાબદારી સંભાળી લીધી હતી. તેમની વચ્ચે સાતમી વિકેટ માટે ૯૩ રનની જે અમૂલ્ય ભાગીદારી થઈ એ ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ છે. અધૂરામાં પૂરું, ચંદુ બોરડે (૩૦ અણનમ) અને પ્રિન્સ ઇન્દ્રજીતસિંહજી (૩ અણનમ) વચ્ચેની નવમી વિકેટ માટેની ૩૨ રનની અતૂટ ભાગીદારીએ રંગ રાખ્યો હતો. ભારતે છેવટે ૨૫૬/૮ના સ્કોર સાથે યાદગાર વિજય હાંસલ કર્યો હતો. સિમ્પસનના બોલર્સ અને ફીલ્ડર્સ થાકીને લોથપોથ થઈ ગયા અને છેવટે તેમણે પરાજય જોવો પડ્યો. ત્યારથી ક્રિકેટજગતને સંદેશ મળી ગયો હતો કે ભારતને ભારતની ધરતી પર હરાવવાનું ભલભલી ટીમનું સપનું ચકનાચૂર થઈ શકે છે. ત્રણ ટેસ્ટવાળી એ શ્રેણી છેવટે ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી અને પટૌડીની આગેવાનીમાં ભારતીય ટીમની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું હતું.

ભાગવત ચંદ્રશેખરે બ્રેબૉર્નની એ અવિસ્મરણીય ટેસ્ટમાં કુલ ૧૨૩ રનમાં આઠ વિકેટ અને બાપુ નાડકર્ણીએ કુલ ૯૮ રનમાં છ વિકેટ લીધી હતી. સ્ટાઇલિશ બૅટર અને કૅપ્ટન પટૌડીએ મૅચમાં કુલ ૧૩૯ રન બનાવ્યા હતા. દશેરાના એ દિવસે ભારતીય ઇલેવનમાં અન્ય ખેલાડીઓના ઉપયોગી યોગદાનો વચ્ચે આ ત્રણ મહાન ખેલાડીઓના પર્ફોર્મન્સ શ્રેષ્ઠ હતા. ત્યારે મૅન ઑફ ધ મૅચ અવૉર્ડની પ્રથા નહોતી, પરંતુ જો એ પુરસ્કાર અપાવાનો હોત તો આ ત્રણેય ખેલાડી દાવેદાર હતા.


'મરતે દમ તક' લડવાની ભારતીય ક્રિકેટર્સની શક્તિનો પરચો ઑસ્ટ્રેલિયાને ત્યારે થઈ ગયો હતો અને એ પછી વારંવાર થતો રહ્યો છે. આવતા મહિને ટીમ ઇન્ડિયા બોર્ડર-ગાવસકર ટ્રોફી (પાંચ મૅચની ટેસ્ટ શ્રેણી) રમવા ઑસ્ટ્રેલિયા જવાની છે. આપણે તેમને તેમની જ ધરતી પર છેલ્લી બે સિરીઝમાં ૨-૧થી હરાવી ચૂક્યા છીએ એટલે આ વખતે તો ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયનોએ અત્યારથી જ માઇન્ડ-ગેમ શરૂ કરી દીધી છે. એ જ બતાવે છે કે તેઓ રોહિત શર્મા ઍન્ડ કંપનીથી કેટલા બધા ભયભીત છે. ઑલ ધ બેસ્ટ ટીમ ઇન્ડિયા. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ક્યારેક આવી મુસાફરી પણ કરો!

## દરિયાના પેટાળમાં ડૂબેલાં આ ટુરિસ્ટ પ્લેસની મુલાકાત લેવી જોઈએ






વૈજ્ઞાનિકો કહે છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે સમુદ્રની સપાટી સતત વધતી જ જાય છે અને મુંબઈ સહિતનાં શહેરો ગમે ત્યારે દરિયામાં ડૂબી જાય એવી ભીતિ છે....


ધારો કે પચ્ચીસ-પચાસ વર્ષ પછી એવું કશુંક અમંગળ બને, તો શું થાય? ના ના, મુંબઈગરાનું શું થાય એ પૂછવાનો આશય નથી. એનો જવાબ તો આપણે બધા સમજીએ જ છીએ, પણ ગેટ વે ઓફ ઇન્ડિયા, તાજ હોટેલથી માંડીને બૂટહાઉસ જેવા મોન્યુમેન્ટનું શું થાય? આવાં બધાં જાણીતાં સ્થળોની એ સાથે મુંબઈની બીજી અન્ય અજાણી ઈમારતો પણ 'પ્રવાસન સ્થળ' તરીકે જાણીતી થઇ જાય!

જરા વિચાર કરો, ઇસ ૨૦૫૦માં ન્યૂયોર્કથી આવેલું કોઈ ગુજરાતી કપલ દરિયા કિનારાના એક ચોક્કસ સ્થળે જઈને ડૂબકી મારે અને પાણીની અંદર ડૂબેલા, લીલ બાઝવાને કારણે આખા લીલા પડી ગયેલા ભૂતપૂર્વ મુંબઈ શહેરના એકાદ મકાનને બેકગ્રાઉન્ડમાં રાખીને વોટરપ્રૂફ મોબાઈલથી એક સેલ્ફી ખેંચે!

આ કલ્પના જેટલી રોચક છે એટલી જ ડરામણી છે. જોકે, હકીકત એ જ છે કે દરિયાને પેટાળે ગરક થઇ ગયેલા માનવ નિર્મિત સ્થાપત્યો સમય જતા 'પ્રવાસન સ્થળ' તરીકે ઓળખાવા માંડે ... જેમકે, હજારો વર્ષ પૂર્વે પાણીમાં ડૂબી ગયેલી આપણી દ્વારકા નગરી! પ્રાચીન ભૂતકાળમાં ન જવું હોય, તો ભવ્ય સ્ટીમર 'ટાઈટેનિક'નો દાખલો તો ઈતિહાસની સમયરેખા પર ખાસ્સો તાજો ગણાય. આજે પાણીમાં ડૂબેલી ટાઈટેનિક જોવા માટે કેટલાય લોકો અઢળક રૂપિયા ખર્ચીને ડૂબકી લગાવે છે. દુનિયામાં આવા અનેક માનવ નિર્મિત સ્થળો મોજૂદ છે, જે દરિયાને પેટાળે પહોંચ્યા પછી 'ટુરિસ્ટ સ્પોટ્સ' તરીકે લોકપ્રિય થયા છે.

સૌથી પહેલા તો 'ટાઈટેનિક' જેવી જ અન્ય એક સ્ટીમર ઝવય જજ ડ્યિતશમયક્ષ ઈંજ્ઞજ્ઞહશમલય ની વાત કરીએ. દરિયામાં ડૂબકી મારીને એટલાન્ટિક મહાસાગરની મધ્યમાં સાડા બાર હજાર ફીટ નીચે પડેલા ટાઈટેનિક'ના ભંગારને જોવાનું કામ આર્થિક-શારીરિક દ્રષ્ટિ દુર્ગમ ગણાય, પરંતુ પ્રેસિડેન્ટ કુલિજ સ્ટીમર એટલી દુર્લભ નથી. એ પણ એક લક્ઝરી શિપ હતી, જેનો બીજા વિશ્વયુદ્ધ વખતે લશ્કરી ટુકડીઓના વહન માટે ભરપૂર ઉપયોગ થયો. ૧૯૩૧માં પોતાની પ્રથમ સફર ખેડી એ અમેરિકન સ્ટીમર પોતાની સેવાઓના અંતિમ વર્ષ એટલે કે ડિસેમ્બર ૧૯૪૧ થી ઓક્ટોબર ૧૯૪૨ વચ્ચે લશ્કરી ટુકડીઓના વહન માટે વપરાતી રહી. આવા જ એક પ્રવાસ દરમિયાન ઓસ્ટ્રેલિયા નજીકના એસ્પિરિટુ સેન્ટો (ઊતાશશિર્ીાં જફક્ષજ્ઞિ) નેવલ બેઝ નજીક, દરિયાના પેટાળમાં બિછાવેલી સી-માઈન્સ એના માટે કાળમુખી સાબિત થઇ. જોવાની વાત એ છે કે દુશ્મનો માટે બિછાવેલી આ માઈન્સ પાર કરતી





વખતે પ્રેસિડેન્ટ કુલિજના ક્રૂ દ્વારા કશીક સરતચૂક થઇ અને બે માઈન્સ પ્રેસિડેન્ટ કુલિજ સાથે અથડાઈ પડી. કેપ્ટન હેન્રી નેલ્સનને સમજાઈ ગયું કે હવે શિપને બચાવવી મુશ્કેલ છે. એમણે તરત તમામ ક્રૂ મેમ્બર્સને બનતી ઝડપે શિપ છોડવા જણાવ્યું. ખૂબીની વાત એ હતી કે મોટા ભાગના ક્રૂ મેમ્બર્સ એવું દ્રઢપણે માનતા હતા કે ૨૦૦ મીટર લાંબી વિશાળ શિપ માત્ર બે માઈન્સ ફૂટવાથી તો નહિ જ ડૂબે! એટલે પોતાનો કિંમતી સામાન, લશ્કરી સાધનો, હથિયારો, બધું શિપ ઉપર જેમનું તેમ રહેવા દઈને ક્રૂ મેમ્બર્સ હાથ હલાવતા નીકળી ગયા ને પછી શિપ ડૂબી! શિપની સાથે લશ્કરી તોપ, વાહનો, ક્વિનાઈન દવાનો મોટો જથ્થો, સ્ટાફનો સામાન... ઘણું બધું પાણીનાં પાતાળમાં ગયું!

આજે હવે ડાઈવર્સ અહીં આવીને ૨૦ થી ૭૦ મીટર ઊંડી ડૂબકી લગાવે છે અને પેટાળે પડેલા ભવ્ય ઝુમ્મર, જીપ સહિતનાં લશ્કરી વાહનો, તોપ, જહાજ પર બનાવાયેલો મોઝેઇક ટાઈલ્સવાળો બુડાપેસ્ટની કહાની વળી જરા જુદી છે. હંગેરીની રાજધાની બુડાપેસ્ટના અમુક વિસ્તારોમાં જમીનની નીચે ચૂનાનો પથ્થર મોટા પ્રમાણમાં મળી આવતો. આ પથ્થર સુધી પહોંચવા માટે કેટલીક કુદરતી રીતે બનેલી અન્ડર ગ્રાઉન્ડ ખાણો હતી, જયારે કેટલીક બનાવવામાં આવેલી. આ વિસ્તારો કોબન્યા માઈન્સ (ઊંજ્ઞબફક્ષુફ ખશક્ષય) તરીકે ઓળખાય છે. બુડાપેસ્ટનાં મકાનોના બાંધકામ માટે આ માઈન્સમાંથી આશરે દસ લાખ ક્યુબિક મીટર જેટલો ચૂનાનો પથ્થર ખોદી કાઢવામાં આવ્યો. એ પછી, એટલે કે ઇસ ૧૮૯૦થી ખોદકામ બંધ કરવામાં આવ્યું. ત્યાર બાદ દારૂ અને વાઈન બનાવનારા વેપારીઓ આ ખાલી પડેલી ખાણનો ઉપયોગ કરવા માંડ્યા. આલ્કોહોલના પ્રોડક્શનમાં જે આથો લાવવાની પ્રક્રિયા હોય, એના માટે જમીનની નીચે આવેલી કોબન્યા ખાણનું વાતાવરણ બહુ અનુકૂળ ગણાતું.

એ સમયે અહીં બેસ્ટ ક્વોલિટીનો દારૂ બનતો હશે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દારૂગોળો સાચવી રાખવા માટે પણ કોબન્યા માઈન્સની ચેમ્બર્સ ઉપયોગી સાબિત થઇ. વિશ્વયુદ્ધ પછી દારૂગોળો સાચવવાનું બંધ થયું, પણ દારૂ ગાળવાનું ચાલુ જ હતું. કોણ જાણે કેમ, કુદરતથી બિચારા દારૂડિયાઓનું સુખ સહન ન થયું અને ૧૯૯૦માં આ અન્ડર ગ્રાઉન્ડ પાણીમાં ભૂગર્ભ જળનો ભરાવો થવા માંડ્યો. હવે કોબન્યા માઈન્સમાં પ્રોફેશનલ ડાઈવર્સ હે...યને મોજથી ધુબાકા મારીને ધરતીની નીચે આવેલા અદભુત માઈનિંગ સ્ટ્રક્ચરની તરતા તરતા મુસાફરી કરે છે. આવી ત્યાં આજે કુલ ચાર માઈનિંગ સાઈટ્સ છે. જો કે અહીં જમીનની નીચે ગુફાઓ જેવી રચનામાં ધુબાકા મારીને તરવાનું કાચાપોચાનું ગજું નહિ. એટલે માત્ર એક જ માઈન સ્ટ્રકચરમાં સામાન્ય મુલાકાતીઓને પ્રવેશ મળે છે.

-અને છેલ્લે વાત પાણીની નીચે આવેલા કબ્રસ્તાનની!

ફિલિપાઈન્સના કેમીગ્વિન આઈલેન્ડની ખાસિયત એ છે કે અહીં વોલ્કેનો, એટલે કે જ્વાળામુખી પર્વતોની ગીચ વસતિ છે. પર સ્ક્વેર કિલોમીટરની દ્રષ્ટિએ સરખાવતા વિશ્વમાં જ્વાળામુખીની સૌથી વધુ સંખ્યા આ વિસ્તારમાં છે. કેમીગ્વિન પાસે માઉન્ટ હિબો-હિબો (ઌજ્ઞીક્ષ ઈંશબજ્ઞ-ઇંશબજ્ઞ) નામક જ્વાળામુખી છે. ઇસ ૧૮૭૧માં આ જ્વાળામુખી એવો ફાટ્યો, કે ટાપુ ઉપર આવેલું નજીકનું એક નગર આખું દરિયાભેગું થયું!

ઈતિહાસની સાથે સાથે ભૌગોલિક દ્રષ્ટિએ પણ આ ઘટના વિરલ ગણાય. હવે એ સમયે કંઈ બહુ

ગીચ વસતિ નહિ હોય, અને વસાહતો પણ પાંખી હશે. એટલે દરિયાના પેટાળમાં ડૂબેલા એવા કોઈ અવશેષો જોવા મળતા નથી. તેમ છતાં અનેક સ્કૂબા ડાઈવર્સ આ સ્થળે ડૂબકી મારીને અન્ડર વોટર નજારો જોવા જાય છે.

કેમ? કેમ કે પેલા નગરનું મૂળ કબ્રસ્તાન આખું દરિયામાં ગરક થઈને પેટાળે જઈ બેઠું છે!

આજે તો હવે આ કબ્રસ્તાન જ્યાં ડૂબેલું છે એ સ્થળે દરિયાની સપાટી ઉપર એક કોન્ક્રિટ પ્લેટફોર્મ બનાવીને એના પર મસમોટો ક્રોસ મૂકવામાં આવ્યો છે. મુસાફરો દૂરથી જ આ ક્રોસ જોઈને સમજી જાય છે કે ડૂબેલું કબ્રસ્તાન અહીં જ છે. અનેક મુસાફરો કોન્ક્રીટ પ્લેટફોર્મ પર જઈને ફોટોઝ પાડી આવે છે.

આજની તારીખે ય કબ્રસ્તાનના એ બધા અવશેષો પાણીની અંદર યથાતથ પડ્યા છે. કેટલાક અનુભવીઓ કહે છે કે આ રીતે પેટાળમાં પડેલી સદીઓ જૂની કબરો જોઈને આજે ય કરોડરજ્જુમાંથી લખલખું પસાર થઇ જાય છે. આજે જેની વાત કરી એ તમામ અન્ડર વોટર સ્થળો ખરેખર દર્શનીય છે. મઝા પડે એવી વાત એ છે કે આ બધાં સ્થળોના એક કરતાં વધુ વિડિયોઝ યુટ્યુબ પર જોવા મળે છે !

રસ ધરાવનારા વાચકો ઘરે બેઠા આ દરિયાઈ સ્થળે ધુબાકા મારી શકે...! ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# માળિયે ચડવાના યોગ છે



***માળીયે ચડજો રાજ...***
***માળીયે ચડજો રાજ..***

મેં મોટે મોટેથી રાડો પાડવાની શરૂ કરી.આવા તે ગીત હોય? 'જોડે રે જો રાજ... ' છે.. આ તો ખોટા શબ્દો ગાય છે.

'ગરબા ગાઓ.. ખોટા ગીતના રવાડે ચડો નહીં ! '

મારા મોઢા પર પાણીનો એક લોટો પાણી છાંટી ઘરવાળી એ કહ્યું:

'રાડુ શું પાડો છો? સવારના ૧૦:૦૦ વાગ્યા જાગો. સપના જોવાના સમયે સુવો છો. અને ગામ આખું કામે ચડી જાય ત્યારે જાગો છો... '

મને પણ એમ થયું કે આ નવરાત્રિના દિવસો પૂરા થયા. હવે 'આખિર જીસકા ડર થા વો ઘડી આ ગઈ... '

દિવાળીના દિવસો નજીક આવ્યા. તમને એમ હશે કે ફટાકડાથી હું ડરતો રહીશ, પરંતુ પરણેલા માણસો નાના- મોટા ધડાકાથી બીતા નથી હોતા.

ઘરમાં સફાઈ અભિયાન શરૂ થાય તેની બીક લાગે. કોઈ પણ બહાનું કાઢો કે 'સફાઈ બહેનોએ કરવી જોઈએ- પુરુષોને તેમાંથી બાકાત રાખવા જોઈએ' તો તરત જ મોદીસાહેબનું નામ આપશે કે 'સફાઈ અભિયાન એક પુરુષ દ્વારા જાહેર કરાયું તો પુરુષનો ફાળો હોવો જોઈએ ને? '

આ વાત મને ગળે ઉતરી, કારણ કે ટેબલ છે એ ૭૦ - ૮૦ કિલો સુધી તો વજન સહન કરે, પરંતુ ૧૦૦ કિલો ઉપર તો કંપની પણ ગેરંટી આપતી નથી. એ મને કહે : 'નથી ને ક્યાંક એકાદ પાયો તૂટે તો?' મેં તરત જ કહ્યું : 'સાચી વાત છે- બહુ મોટું નુકસાન થાય.' મનોમન એ ખુશ થઈ, કારણ કે જિંદગીમાં પહેલીવાર મેં એની ચિંતા કરી તેવું એને લાગ્યું. અહીં હું અટકી ગયો હોત તો વાંધો ન હતો. મેં મારી મૂર્ખાઈનું પ્રદર્શન કર્યું. બહુ મોટું નુકસાન થાય ત્યાં અટકી જવાનું હતું. મેં વાક્ય આગળ ચલાવ્યું : 'લગભગ નવું ટેબલ લેવું પડે એટલે અંદાજિત ૨૦૦૦ નું નુકસાન તો ખરું જ...'

ખલ્લાસ.... સુતળી બોમ્બ હાથમાં ફૂટ્યો હોય તેવી ઘટના બની :

'તમને તમારા ટેબલની પડી છે. અમારી કોઈ કિંમત નથી. આ તો અમારા પગના દુખાવાને કારણે તમને કહેવું પડે બાકી તમને બોલાવેય કોણ?'

વચ્ચે કહી દઉં કે નવરાત્રિના આગલા દસ દિવસથી ગરબા રમવા જાય છે અને ઢોલની પહેલી ડાંડીથી લઈને ઓરકેસ્ટ્રાવાળા ડ્રમ સેટ- તબલા- ઢોલ બંધ કરી ઘરે જાય ત્યાં સુધી રમે છે. તમને એવું થતું હશે કે ગીત- સંગીત બંધ થઈ ગયા પછી થોડા રમાય, પરંતુ મારા ઘરવાળા સંગીતના ભણકારા ઉપર પણ બે કલાક રમી શકે છે.

બીજી તરફ, આખું વર્ષ આપણે શરીર સાચવીને ચાલ્યા હોઈએ પણ દિવાળીના દિવસો પહેલા કામ કરાવી કરાવી પિંજારો જેમ નવું ગાદલું બનાવી પછી લેવલ કરવા લાકડીઓના પ્રહાર કરીને ગાદલું જેવું ઢીલું થઈ જાય તેવા ઢીલા કરી નાખે પછી બહેનપણીનો ફોન આવે તો ઢીલા સ્વરે કહેશે : 'જોને, આ દિવાળીનું કામ,મારા સિવાય બીજું કોણ કરે? તમારા ભાઈ તો સળી ભાંગીને બે ન કરે.'

જોકે સમજદાર પત્નીઓ સીધો પ્રહાર નથી કરતી, પરંતુ દિવાળીના આગલા દિવસોમાં ઘીમાં તરબર શીરો બનાવી ખવડાવી અને પતિને પોતાના વશમાં કરી લે છે. (કુરબાનીનો બોકડો શણગારાય બહુ) અને પછી ધાર્યું કામ કરાવે છે. હરખપદુડો શીરાભક્ત પતિ પેન્ટમાંથી પાયસો કાપીને બનાવેલાં બર્મુડા ને કાણાવાળું ગંજી પહેરી અડધી ચાના ટેકે સવારથી સાંજ સુધી કામ ખેંચી નાખે છે.

માળિયા પર ચડવાનું મુહૂર્ત વહેલું કે મોડું, દરેક પતિ નામના પ્રાણના નસીબમાં હોય જ છે. ક્યારેક તો અમુક પતિદેવ જાતે જ માળિયે ચડી જાય છે, કારણ કે ભૂતકાળ ત્યાં ભંડારાયેલો હોય છે. ઘરવાળીના હાથમાં આવી જાય તો વર્તમાનમાં થયેલો ડખો આવનારું ભવિષ્ય ધૂંધળું કરી નાખે તેની બીક સાહજિક હોય છે.

શરદપૂર્ણિમા પછી જેના ઘરમાં સારી વાનગીઓ બનવાનું ચાલુ થઈ જાય તો સમજી લેવું કે ઘરકામનું મુરત વહેલું છે.કામવાળી સંદર્ભે મને એક બ્રહ્મજ્ઞાન થયું હતું કે તમારા ઘરે કામ કરતા હોય તે તમારી સાસુના ઘરે કામ કરતા ન હોવા જોઈએ. અમે દર રવિવારે સાસુને ત્યાં કામ કરતી કામવાળીને ઘર ઝાપટવા માટે કામે રાખી હતી. બે રવિવાર ખૂબ કામ રહ્યું એટલે વેર વાળવા માટે સાસુને ત્યાં ફરિયાદ કરી કે તમારી દીકરીનું ઘર ચોરાના અવેડા જેવું છે. તમારા ઘરની અસ્તવ્યસતાની ચાડી તમારા સાસુના ઘરે જઈને ફરિયાદ સ્વરૂપે રજૂ થાય. સાસુ પણ મહોલ્લામાં બીજે વાત ના પ્રસરે તે માટે થઈ સાંજે દીકરીને ફોન પર ધમકાવે અને ઘર સાફ રહેવું જોઈએ તેવી સૂચના આપે. થોડા રવિવાર મારા ઘરવાળાએ બધું સહન કર્યું.હવે તો એવું થાય છે કે જે રવિવારે કામવાળી આવવાની હોય તો શનિવારે આખું ઘર મારી પાસે સાફ કરાવે છે. કામવાળીએ તો આવી અને ખાલી ઇન્સ્પેક્શન કરવાનું હોય. મને તો એવું લાગે કે હું ઓડિટ કરવાના પૈસા કામવાળીને આપું છું. સાંજે સાસુનો ફોન આવે કે 'વાહ, હવે ઘર સાફ રાખતા તું શીખી ગઈ.' બસ , આટલું સાંભળવા માટે થઈ દર શનિવારે મારે ધરાહાર સફાઈ ઝુંબેશ ચલાવી પડે છે.

ચાલો, આ બધું વાંચવાથી કે લખવાથી ટાઇમપાસ થશે, બાકી માળિયે ચડવાનું તો ફરજિયાત જ છે. ઉપાડો જૂનું પેન્ટ,ચલાવો કાતર, બનાવો બર્મૂડા ને ધારણ કરો જૂનું ટી-શર્ટ કે ગંજી ....

આ બધાનો સરવાળો એટલે 'માળિયામાં ચડતો મનજી' થઈ જાવ.

### વિચારવાયુ:

લોકોને ઘર સાફ જોઈએ છે, પણ તિજોરી 'સાફ' નથી જોઈતી. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં વિરોધી બાબતનું સંતુલન





સ્થાપત્યની રચના નિર્ધારિત કરતા પરિબળોની સંખ્યા વધુ છે અને તેમનું અસ્તિત્વ જટિલ છે. આ દરેક પરિબળ પોતાની વાત કહેવાનો પ્રયત્ન કરે. આ દરેક પરિબળ ચોક્કસ પ્રકારના પરિણામની અપેક્ષા રાખે. આ દરેક પરિબળ સંભાવનાઓ પણ ઊભી કરે અને મર્યાદાઓ પણ સ્થાપિત કરે. વળી, આ પરિબળો પરસ્પર સુસંગતતાથી સહ-અસ્તિત્વ ધરાવે તે જરૂરી નથી. આ બધાં પરિબળો વચ્ચેના સંવાદનો પ્રકાર તથા તેની તીવ્રતા સ્થપતિ એ નક્કી કરવી પડે. આ એક સ્વાભાવિક પણ પડકાર યુક્ત પરિસ્થિતિ છે.

સ્થાપત્યમાં સાવ જ ભિન્ન જણાતી પરિસ્થિતિઓનો સમાવેશ થતો જ હોય છે. અહીં પ્રવાહિતતા પણ જોઈતી હોય છે અને સ્થિરતા પણ, પ્રકાશ પણ જોઈતો હોય છે અને છાયા પણ, બહારનું દ્રશ્ય માણવું પણ હોય છે અને સાથે સાથે બહારથી નજર અંદર ન પહોંચે તેનું ધ્યાન પણ રાખવું જરૂરી ગણાય છે. અહીં મોકળાશ સાથે બંધનનું પણ મહત્ત્વ છે. અહીં અંદરની પરિસ્થિતિ જેટલી અગત્યની ગણાય તેટલું જ અગત્ય બહારની સાથેના સંપર્કનો પ્રકાર નિર્ધારિત કરતી મકાનની ધારનું પણ ગણાય. અહીં કુદરતનાં કેટલાંક પરિબળો માટે આવકાર હોય છે જ્યારે અન્ય કેટલાકને રોકી દેવામાં આવે છે. અહીં તડકો જોઈએ પણ છે અને નથી પણ જોઈતો. અહીં વરસાદને ક્યારેક આવકારવામાં આવે તો ક્યારેક તેને રોકી દેવામાં આવે. મકાનમાં ઠંડક મળવાની પણ મજા છે અને ગરમી પણ - માત્ર સમય અને ઋતુ ભિન્ન ભિન્ન હોય છે. સ્થાપત્યમાં અવકાશ અને દળ-'માસ' વચ્ચે અર્થપૂર્ણ સમીકરણ હોય છે. અહીં આવન જાવનના માર્ગ સાથે સ્થિર જણાતાં સ્થાનો પણ હોય છે. અહીં કુદરતી પરિસ્થિતિ જેટલી મહત્ત્વની ગણાય તેટલું જ મહત્ત્વ કૃત્રિમ બાબતોનું પણ હોઈ શકે. સ્થાપત્યની રચનામાં 'વિસ્તાર' જે પ્રમાણે અસર છોડે તેવી જ કંઈક અસર ઊંચાઈની પણ હોય છે.

અહીં વ્યક્તિ પણ મહત્ત્વનો છે અને સાથે સાથે વ્યક્તિ-સમૂહ કે સમાજ પણ તેટલો જ મહત્ત્વનો છે. અહીં કળાની અભિવ્યક્તિ પણ મહત્ત્વની છે અને ઇજનેરી શાખા જેવું તકનીકી પ્રયોજન પણ એટલું જ ઉપયોગી છે. અહીં કાયદાનું જ્ઞાન પણ જરૂરી છે અને એકત્ર કરેલી માહિતી પણ ઉપયોગી છે. સ્થાપત્યમાં ભૂતકાળનું પ્રતિબિંબ દેખાતું હોય છે અને સાથે સાથે ભવિષ્યના સપનાને આકાર પણ મળતો હોય છે. સ્થાપત્યની રચનાના કેન્દ્રમાં વર્તમાન રહે તે સ્વાભાવિક છે પણ આ વર્તમાનની પરિભાષા વ્યક્તિગત હોઈ શકે. આમ પણ સ્થાપત્યમાં વ્યક્તિગતતાનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ સામૂહિકતાનું પણ છે.

અહીં સ્થપતિએ પોતાની કલ્પનાની સીમાનો વિસ્તાર કરવો પડે છે અને સાથે સાથે પ્રવર્તમાન શૈલીના સમાવેશ માટે કેટલીક મર્યાદાઓ સ્વીકારવી પડે છે. સ્થાપત્ય મકાનને ધ્યાનાકર્ષક બનાવવું પડે અને સાથે સાથે તેની સૌમ્યતા પણ જાળવી રાખવી પડે. અહીં કોઈક બાબતને વધુ મહત્વ આપી પણ શકાય અને સમાનતાના ધોરણે પણ રચના થઈ શકે. અહીં ક્યાંક નાટકીયતા પણ આણી શકાય અને સાથે સાદગી પણ વણી લેવાય. સ્થાપત્યમાં વિરોધી જણાતી બાબતોને એક સાથે પ્રયોજી શકાય, પણ આ માટે સંતુલન મહત્ત્વનું છે.

સ્થાપત્યમાં સંવેદનાઓ છે તો સાથે સાથે સ્પષ્ટ ઉપયોગિતા પણ છે. સ્થાપત્યની રચના સાથે ભાવનાઓ સંકળાતી હોય છે અને સાથે સાથે વ્યવસ્થિત કાર્યક્ષમતાને પણ મહત્ત્વ અપાય છે. અહીં કેટલીક પરંપરા જાળવી રખાય છે તો ક્યાંક વિદ્રોહનો સ્વર પણ ઊઠે છે. સ્થાપત્યના નિર્ધારણ માટે કેટલાંક સ્પષ્ટ નિયમો પણ છે તો ક્યારેક આ નિયમોનું ઉલ્લંઘન પણ પ્રશંસનીય બની જાય છે. સ્થાપત્યમાં વ્યવસ્થિત આયોજનનું જેટલું મહત્ત્વ છે એટલું મહત્ત્વ આકસ્મિક પરિણામોનું પણ છે.

સ્થાપત્યમાં આર્થિક બાબતો વણાય, તકનીકી બાબતો પ્રયોજાય, ગુણાત્મક બાબતો નિખારાય, કળાત્મક બાબતો સમાવાય, ઉપયોગિતાને લગતી બાબતોને કાર્યક્ષમ બનાવાય, સામાજિક મૂલ્યો તથા સામાજિક જીવનશૈલીને આધાર ગણાય, વ્યક્તિગત બાબતોને સામૂહિકતાનાં ધોરણોમાં ચકાસાય, સામૂહિક બાબતોને વ્યક્તિગત ઓપ અપાય - અને આ બધા સાથે સ્થાપત્યને એક વિશેષ આકાર અપાય છે.

સ્થાપત્યમાં સ્વાભાવિક રીતે સ્થાનનું મહત્ત્વ સૌથી વધુ હોય. પણ તેનો અર્થ એ નથી કે સમય મહત્ત્વનો નથી. સ્થાપત્યમાં મૂળભૂત પરિકલ્પના મહત્ત્વની ગણાય અને સાથે સાથે નાનું નાનું વિગતિકરણ પણ સ્થાપત્યને મૂલ્યવાન બનાવી શકે.

ફ્રેમ સ્ટ્રક્ચર હોય કે લોડ બેરિંગ, અહીં માળખાકીય રચનાનું જે મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ વિવિધ સપાટીઓના આખરી ઓપનું છે. આમ સ્થાપત્યમાં વિરોધી જણાતી બાબતો વિરોધી ન રહેતા એકબીજાની પૂરક બની રહે છે. અહીં આવી વિરોધી જણાતી બાબતો એક યુગ્મ તરીકે કામ કરતી હોય છે. બેમાંથી એકની પણ બાદબાકી થતા બીજી બાબત આપમેળે જ લુપ્ત થઈ જાય. બેમાંથી એકને જો મહત્ત્વ વધુ મળે તો આપમેળે બીજી બાબત સ્વયં મહત્ત્વ સ્થાપિત કરી દે. સ્થાપત્યમાં આ પ્રકારનું સંતુલન જો ચોક્કસ વિચારસરણીને આધારિત હોય તો સ્થાપત્યની રચના અનેરી બની રહે.

સંતુલનની પ્રક્રિયા જરૂરી પણ છે અને કુદરતી પણ. સંતુલન વ્યૂહાત્મક પણ હોઈ શકે અને આકસ્મિક પણ. સંતુલનનો આધાર પરિકલ્પના પણ હોઈ શકે કે એક અલગતાવાદી નિર્ણય પણ. સંતુલન જાળવવા પાછળનો હેતુ વ્યવહાર પણ હોઈ શકે અને ભાવનાત્મક પણ. આ સંતુલન પરિસ્થિતિને આધારે પણ નિર્ધારિત કરી શકાય અથવા વ્યક્તિગત પૂર્વ ધારણાને આધારે પણ નિર્ણય લઈ શકાય. સંતુલનથી મકાનની અનુભૂતિમાં એક પ્રકારની ચોકસાઈ અને સ્થિરતા આવે. જો આ સંતુલનને ચોક્કસ હેતુસર વિક્ષિપ્ત કરવામાં આવે તો તે ધ્યાનાકર્ષક બની શકે, પરંતુ એનો અર્થ એ નથી કે અન્ય રચના ધ્યાન ન ખેંચે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પાકિસ્તાનની નાલેશી ટેસ્ટ જગતમાં પ્રથમ, ૫૦૦ રન બનાવ્યા પછી પણ જોવો પડ્યો એક દાવથી પરાજય

## પાકિસ્તાનની સતત ૧૧ ટેસ્ટ વિજય વિનાની, ૫૦ વર્ષના પોતાના જ રેકૉર્ડની કરી બરાબરીઃ કૅપ્ટન મસૂદની સતત છઠ્ઠી ટેસ્ટમાં હાર

મુલતાનઃ શાન મસૂદના સુકાનમાં પાકિસ્તાનની ટેસ્ટ ટીમે શુક્રવારે કદાચ ‘રાહતનો શ્વાસ’ લીધો હશે. કારણ એ છે કે આ ટેસ્ટમાં ઇંગ્લૅન્ડની ટીમે અને એના કેટલાક ખેલાડીઓએ એટલા બધા વિક્રમો ખડકી દીધા કે એ જોઈને પાકિસ્તાનની ટીમ હેરાન-પરેશાન થઈ ગઈ હશે અને શુક્રવારના પાંચમા દિવસે પરાજય જોવો પડ્યો, પરંતુ કાળી રાત સમાન આ ટેસ્ટમાંથી હવે પોતાને છુટકારો મળ્યો એવું યજમાન ટીમના ખેલાડીઓ માનતા હશે. ઇંગ્લૅન્ડે પાંચમા દિવસે એક ઇનિંગ્સ અને ૪૭ રનથી વિજય મેળવ્યો હતો. પાકિસ્તાન ઘરઆંગણે છેલ્લી સતત ૧૧ ટેસ્ટમાંથી એકેય જીતી નથી શક્યું.



ઇંગ્લૅન્ડના ક્રિકેટરોના હાથે ગઈ કાલે પાકિસ્તાનની એની જ ધરતી પર નામોશી થઈ.

પાકિસ્તાને પ્રથમ દાવમાં ૫૫૬ રન બનાવ્યા બાદ ઇંગ્લૅન્ડે હૅરી બ્રૂક (૩૨૨ બૉલમાં ૩૧૭ રન) અને જૉ રૂટ (૩૭૫ બૉલમાં ૨૬૨ રન)ની ચોથી વિકેટ માટેની ૪૫૪ રનની ભાગીદારીની મદદથી બનેલા ૮૨૩/૭ના સ્કોર પર દાવ ડિક્લેર કરી દીધો હતો. શુક્રવારે પાકિસ્તાન ૨૨૦ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું. લેફ્ટ-આર્મ સ્પિનર જૅક લીચે મૅચમાં કુલ સાત વિકેટ લીધી હતી. ૩૧૦ બૉલમાં ટ્રિપલ સેન્ચુરી પૂરી કરીને સેહવાગ (૨૭૮ બૉલમાં ૩૦૦ રન) પછીની બીજા નંબરની ફાસ્ટેસ્ટ ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર બ્રૂકને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

હોમ-ગ્રાઉન્ડ પર પાકિસ્તાન છેલ્લે ૨૦૨૨માં જીત્યું હતું. ત્યાર પછીની ૧૧ ટેસ્ટમાંથી સાત ટેસ્ટમાં પાકિસ્તાન હાર્યું છે અને ચાર ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે.

પાકિસ્તાને સતત છ ટેસ્ટમાં પરાજય જોવો પડ્યો છે. આઠ વર્ષ પહેલાં પણ પાકિસ્તાનના કિસ્સામાં આવું બન્યું હતું અને એણે પોતાના જ રેકૉર્ડની બરાબરી કરી છે.

પાકિસ્તાનની શુક્રવારે સૌથી મોટી નામોશી એ થઈ કે પ્રથમ દાવમાં ૫૦૦ રન બનાવ્યા પછી પણ એણે એક દાવથી પરાજય જોવો પડ્યો છે. આવું ૧૪૭ વર્ષના ટેસ્ટના ઇતિહાસમાં પહેલી જ વાર બન્યું છે અને એ સાથે, ઇંગ્લૅન્ડનું નામ પણ ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ ગયું છે.

ન્યૂ ઝીલૅન્ડનો ભૂતપૂર્વ ઓપનર બ્રેન્ડન મૅકલમ મે, ૨૦૨૨માં ઇંગ્લૅન્ડનો હેડ-કોચ બન્યો ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ઇંગ્લૅન્ડની ત્રણ ટેસ્ટ એવી રહી છે જેમાં હરીફ ટીમે ૫૫૦ રન બનાવ્યા હોવા છતાં ઇંગ્લૅન્ડનો વિજય થયો છે.

શાન મસૂદે છઠ્ઠી ટેસ્ટમાં કૅપ્ટન્સી સંભાળી અને એ તમામ છ ટેસ્ટમાં પાકિસ્તાનની હાર થઈ છે.

એશિયામાં ઇંગ્લૅન્ડની એક દાવથી આ બીજી જીત છે. આ પહેલાં, ૧૯૭૬માં દિલ્હીમાં ઇંગ્લૅન્ડે ભારત સામે એક દાવ અને પચીસ રનથી વિજય મેળવ્યો હતો. ■

# હૈદરાબાદમાં આજે વરસાદના ભય વચ્ચે ભારતને ક્લીન સ્વીપનો મોકો



હૈદરાબાદમાં ગઈ કાલે એક તરફ વરસાદના ભયને કારણે મેદાન અને પિચ ઢાંકવામાં આવ્યા હતા અને સાચવણીનું કામ એકધારું ચાલ્યું હતું. ભારતીય ખેલાડીઓએ ઘણી વાર સુધી પ્રૅક્ટિસ કરી હતી જેમાં ખાસ કરીને કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (નીચે) આગવી સ્ટાઇલમાં રમ્યો હતો. બાંગ્લાદેશ સામે આજે (સાંજે ૭.૦૦ વાગ્યે) છેલ્લી ટી-૨૦ છે જે જીતીને ભારતીય ટીમ ૩-૦થી ક્લીન સ્વીપ કરી શકશે. જોકે બાંગ્લાદેશ પીઢ ખેલાડી અને નિવૃત્તિની જાહેરાત કરી ચૂકેલા મહમુદુલ્લાને આજે વિજયની ભેટ આપવા કોઈ કસર બાકી નહીં રાખે. (પીટીઆઇ)



# મુલતાનમાં ટેસ્ટ-ટીમનું નાક કપાઈ ગયા પછી પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ, બોર્ડે આંચકારૂપ નિર્ણય લીધો

## અમ્પાયર અલીમ દરને સિલેક્શન કમિટીમાં બેસાડી દીધા

કરાચીઃ પાકિસ્તાનની ટીમ ૨૦૨૩ના વન-ડેના વર્લ્ડ કપમાં અમદાવાદમાં ભારત સામે હાર્યું ત્યારથી એના ક્રિકેટરોને માથે તવાઈ આવી છે, વારંવાર કૅપ્ટન બદલાયા છે અને ટીમમાં પણ મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ટી-૨૦ના વર્લ્ડ કપમાં પણ નાલેશી થઈ ત્યાર પછી ઘરઆંગણે બાંગ્લાદેશની ટીમ ટેસ્ટ-શ્રેણીમાં ૦-૨થી હરાવીને જતી રહી એ કારમી હારના આઘાતમાંથી પાકિસ્તાન ક્રિકેટ હજી બહાર આવે એ પહેલાં ઇંગ્લૅન્ડની ટીમે મુલતાનની પ્રથમ ટેસ્ટમાં શાન મસૂદની ટીમનો કચરો કરી નાખ્યો. આ બધા વળાંકો બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ અજબ નિર્ણય લીધો છે. તાજેતરમાં જ નિવૃત્ત થયેલા અમ્પાયર અલીમ દરને સિલેક્શન કમિટીમાં બેસાડી દીધા છે.

મુલતાનમાં પાકિસ્તાનની ટીમે ૫૫૬ રન બનાવ્યા તો ઑલી પૉપના સુકાનમાં ઇંગ્લૅન્ડની ટીમે ૮૨૩ રન ખડકી દીધા. મૅન ઑફ ધ મૅચ હૅરી બ્રૂકે અનેક વિક્રમો સાથે ૩૧૭ રન નોંધાવ્યા



હૅરી બ્રૂકે પ્રથમ દાવમાં ૩૧૦ બૉલમાં ૩૧૭ રન બનાવ્યા હતા.

તો જૉ રૂટે ૨૬૨ રનના રૂપમાં છઠ્ઠી ડબલ સેન્ચુરી ફટકારી એટલે પાકિસ્તાનની ટીમ આ ડબલ-ટ્રબલના બોજ નીચે દબાઈ ગઈ. ઇંગ્લૅન્ડે ૮૦૦-પ્લસના સ્કોર સાથે પાકિસ્તાન સામેનો એ વિક્રમજનક દાવ ત્રણ વિકેટ બાકી રાખીને ડિક્લેર કર્યો અને પછી શુક્રવારે બીજા દાવમાં શાન મસૂદની ટીમને ફક્ત ૨૨૦ રનમાં પૅવિલિયન ભેગી કરીને મૅચ એક ઇનિંગ્સ અને ૪૭ રનથી જીતી લીધી.

ફરી સિલેક્શન કમિટીની વાત પર આવીએ તો ક્રિકેટ બૉર્ડે એવી પરિસ્થિતિ ઊભી કરી છે જેમાં પાકિસ્તાનની ટીમના ઘણા ખેલાડીઓએ ઘેર બેસી જવું પડે એવી હાલત છે. પીસીબીએ નવી સિલેક્શન કમિટી જાહેર કરી છે. એમાં અકિબ જાવેદ, અઝહર અલી અને હસન ચીમાની સાથે અલીમ દરને પણ ગોઠવી દીધા છે. અમ્પાયર તરીકેની લાંબી કારકિર્દી પૂરી કરીને અલીમ દર માંડ ફૅમિલી સાથે સ્થાયી થયા અને આગળના મહિનાઓમાં શું કરવું એની યોજના બનાવી રહ્યા હશે એવામાં પીસીબીએ તેમને સિલેક્શન કમિટીમાં સમાવીને ક્રિકેટ જગતને આંચકો આપ્યો છે.

કહેવાય છે કે હવેથી પાકિસ્તાનમાં ટીમના કોચની કોઈ જ ભૂમિકા ટીમ-સિલેક્શનમાં નહીં હોય.

મહાન ખેલાડીઓ ગૅરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પીને પીસીબીએ કોચ બનાવ્યા છે, પરંતુ તેમનું પાકિસ્તાન ક્રિકેટમાંનું ભાવિ અનિશ્ચિત જણાય છે.

પાકિસ્તાન સામે હાલમાં સૌથી મોટો સવાલ એ છે કે મર્યાદિત ઓવર્સ માટેની ટીમની કૅપ્ટન્સી કોને સોંપવામાં આવશે? બાબર આઝમે સુકાન છોડ્યું ત્યાર બાદ હવે નવો કૅપ્ટન કોણ બનશે? પાકિસ્તાનના ક્રિકેટર્સ એક પછી એક મહત્ત્વની મૅચ અને શ્રેણી હારવા લાગ્યા છે એટલે કૅપ્ટન બનવા કોણ તૈયાર થશે એ સૌથી મોટો મુદ્દો છે. શાન મસૂદ પાકિસ્તાનને ટેસ્ટમાં સફળતા નથી અપાવી શક્યો એટલે તેના માથે પણ લટકતી તલવાર છે. સવાલ એ છે કે મસૂદને હટાવવામાં આવશે તો તેનો અનુગામી બનાવી શકાય એવો મોટા નામવાળો કોઈ ખેલાડી પણ ટેસ્ટ ટીમમાં નથી.

આ બધુ જોતાં પાકિસ્તાન ક્રિકેટ માટે નજીકનું ભાવિ અંધકારમય છે. જોઈએ હવે નવી સિલેક્શન કમિટી આ અંધકાર દૂર કરી શકે છે કે નહીં. ■

# બીસીસીઆઇએ જાહેર કર્યા નવા નિયમો

મુંબઈઃ બીસીસીઆઇએ ગઈ કાલે રણજી ટ્રોફીના આરંભ સાથે શરૂ થયેલી નવી ડોમેસ્ટિક સીઝનથી નવા નિયમો જાહેર કર્યા છે.

જો કોઈ બૅટર ઈજા, બીમારી કે કોઈ અનિવાર્ય કારણસર રિટાયર હર્ટ થાય તો ઠીક છે, પણ આ સિવાયના કોઈ કારણસર રિટાયર હર્ટ થશે તો તેને તાબડતોબ આઉટ થયેલો જાહેર કરાશે.

બૉલ પર હવેથી કોઈ ખેલાડી થૂક નહીં લગાડી શકે. જો તે એવું કરશે તો તેની ટીમને પેનલ્ટી તો થશે જ, થૂકવાળો બૉલ એ મૅચમાં વધુ નહીં વાપરી શકાય.

આ નિયમ પાછળનો હેતુ ખેલાડીઓના સ્વાસ્થ્યને રક્ષણ આપવાનો છે. એ ઉપરાંત, લેવલ-પ્લેઇંગ ફીલ્ડનો પણ ફાયદો છે કારણકે તમામ ટીમોએ આ નિયમો ચુસ્તપણે પાળવા પડશે.

બીસીસીઆઇએ નવી ડોમેસ્ટિક સીઝનથી જ આ નિયમો લાગુ કર્યા છે. ગઈ કાલે રણજી ટ્રોફીનો આરંભ થયો હતો. ■

# શૂટર મનુ બની મૉડલ, રૅમ્પ પર આપ્યો ‘ફાયરિંગ પોઝ’

નવી દિલ્હીઃ થોડાં વર્ષોથી મૉડલિંગ ઇન્ડસ્ટ્રીમાં ભારતની મહિલા ખેલાડીઓ ચમકી રહી છે. મોટી કંપનીઓની જાણીતી બ્રૅન્ડ્સમાં તેઓ જોવા મળી રહી છે એટલે પ્રોફેશનલ મૉડલની કમાણીને અને લોકપ્રિયતાને વિપરીત અસર થઈ છે. એમાં વળી હવે તો મહિલા પ્લેયર્સનો ફૅશન શોમાં પણ પગપેસારો થયો છે. સાનિયા મિર્ઝા, સાઇના નેહવાલ અને પીવી સિંધુ પછી હવે ટૉક ઑફ ધ ટાઉન નિશાનબાજ મનુ ભાકરે રૅમ્પ પર કૅટવૉક કર્યું. મનુએ ગુરુવારે દિલ્હીના એક શોમાં રૅમ્પ પર પ્રોફેશનલ મૉડલની અદાથી કૅટવૉક કરીને સૌને ચોંકાવી દીધા હતા.

મનુ ભાકર જુલાઈમાં પૅરિસ ઑલિમ્પિક્સમાં શૂટિંગમાં બે બ્રૉન્ઝ મેડલ જીતી હતી. તે ત્રીજો બ્રૉન્ઝ જરાક માટે ચૂકી ગઈ હતી. તે શુક્રવારે દિલ્હીમાં અલગ અવતારમાં જોવા મળી હતી.

બાવીસ વર્ષની મનુ ભાકર લેકમે ફૅશન વીકમાં મૉડલ બનીને ઊતરી હતી. તેણે લેધર મોનોક્રોમનો ડ્રેસ પહેર્યો હતો. તેણે લીલા રંગનું શ્રગ ખભા પર રાખ્યું હતું અને તેને આ આઉટફિટ ખૂબ જ કમ્ફર્ટેબલ લાગ્યું હતું.

મનુએ સૌકોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. તેણે સ્ટાઇલમાં એન્ટ્રી કરી હતી, ખાસ અદાથી ઝડપથી ચાલી હતી અને એ દરમ્યાન તેણે જરાક અટકીને નિશાનબાજીની પોતાની સૌથી પ્રિય રમતને રૅમ્પ પર રજૂ કરી હતી. બીજી રીતે કહીએ તો તેણે ‘ફાયરિંગ પોઝ’ આપ્યો હતો અને પ્રેક્ષકો તરફ થોડું સ્માઇલ આપીને ફરી આગળ વધી હતી અને પોતાનો રાઉન્ડ પૂરો કર્યો હતો.

મનુએ પછીથી કહ્યું, ‘આ ડ્રેસ તેની પર્સનાલિટીને એકદમ અનુરૂપ છે અને ખૂબ આરામદાયક પણ છે.’

મનુ ભાકર માટે આ અનુભવ અદભુત હતો. તેણે કહ્યું,



‘હું કૅટવૉક દરમ્યાન થોડી ગભરાયેલી હતી, પણ પોતાને લાઇવ પણ મહેસૂસ કરી રહી હતી. મેં આ બધું ટીવી પર જોયું હતું. હવે ખુદ મેં કૅટવૉક કર્યું એટલે મને બહુ સારું લાગી રહ્યું છે.’ ■

# મેસીના કમબૅક છતાં આર્જેન્ટિનાને જીતવા ન મળ્યું, ચિલીને હરાવવામાં બ્રાઝિલ સફળ

મૅટ્યુરિન (વેનેઝુએલા): ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપના ચૅમ્પિયન આર્જેન્ટિનાને ૨૦૨૬ના વિશ્વ કપ માટેની ગુરુવારની ક્વૉલિફાઇંગ મૅચમાં જીતવા નહોતું મળ્યું અને એણે ડ્રૉના પરિણામથી સંતોષ માનવો પડ્યો હતો. નવાઈની વાત એ છે કે બે વર્ષ પહેલાના સુપરસ્ટાર સુકાની લિયોનેલ મેસીએ ઘણા દિવસ બાદ આર્જેન્ટિનાની ટીમમાં કમબૅક કર્યું હતું અને તે પણ આર્જેન્ટિનાને નહોતો જિતાડી શક્યો. બીજી બાજુ, બ્રાઝિલે વિજય માણ્યો હતો.

મેસી ક્વૉલિફાઇંગ રાઉન્ડની અગાઉની મૅચ ઈજાને લીધે નહોતો રમી શક્યો. ગુરુવારે તેની હાજરીમાં આર્જેન્ટિનાની વેનેઝુએલા સામેની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી.

આર્જેન્ટિનાને નિકોલસ ઑટામેન્ડીએ આર્જેન્ટિનાને ગોલ અપાવ્યો હતો. લગભગ ૫૦ મિનિટ સુધી આર્જેન્ટિનાએ વેનેઝુએલાની ટીમ પર વર્ચસ્વ જમાવી રાખ્યા બાદ ૬૫મી મિનિટમાં પીઢ ખેલાડી સૉલોમન રૉન્ડને હેડરથી બૉલને ગોલપોસ્ટની દિશામાં ફટકાર્યો હતો અને બૉલ આર્જેન્ટિનાના ગોલકીપર જેરોનિમો રુલીના માથાની બાજુમાંથી નેટમાં અંદર જતો રહ્યો હતો અને બન્ને ટીમનો સ્કોર ૧-૧ની



મેસીની વેનેઝુએલાના ખેલાડી સાથે બોલાચાલી થઈ હતી.

બરાબરીમાં થઈ ગયો હતો.

ત્યાર બાદ મેસીની ટીમ વેનેઝુએલાની મજબૂત સંરક્ષણ દીવાલને કારણે વધુ એક પણ ગોલ નહોતી કરી શકી અને મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. જોકે ઓછા પૉઇન્ટ મળવા છતાં આર્જેન્ટિના ૨૦૨૬ની ફાઇનલ્સમાં પહોંચવા માટેની રેસમાં મોખરે રહ્યું છે.

૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં યોજાશે. આગામી વર્લ્ડ કપમાં કુલ ૪૮ દેશની ટીમ રમશે. દક્ષિણ અમેરિકાની ૧૦માંથી ટોચની છ ટીમ મુખ્ય ટૂર્નામેન્ટ માટે ક્વૉલિફાય થઈ શકશે. આર્જેન્ટિના નવ મૅચ રમીને ૧૯ પૉઇન્ટ પર છે. કોલમ્બિયા ૧૬ પૉઇન્ટ સાથે બીજા સ્થાને છે. કોલમ્બિયાનો ગુરુવારે બોલિવિયા સામે ૦-૧થી પરાજય થયો હતો.

બીજી તરફ, આર્જેન્ટિનાના હરીફ બ્રાઝિલે ગુરુવારે ચિલી સામે ૨-૧થી રોમાંચક વિજય મેળવ્યો હતો. છેલ્લા (૧૦મા) નંબરના ચિલીએ બીજી જ મિનિટમાં ગોલ કરી દેતા બ્રાઝિલની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો. એ ગોલ એડુઆર્ડો વૅર્ગાસે કર્યો હતો. જોકે ફર્સ્ટ હાફમાં જ બ્રાઝિલના ઇગોર જીસસે ગોલ કરીને સ્કોર ૧-૧થી લેવલ કરી લીધો હતો. ત્યાર બાદ બન્ને ટીમ વચ્ચે વધુ એક ગોલ માટે જોરદાર રસાકસી થઈ હતી અને મૅચ ૧-૧થી ડ્રૉમાં જવાની પાકી સંભાવના હતી, પરંતુ ૮૯મી મિનિટમાં લુઇઝ હેન્રિકે ગોલ કરીને બ્રાઝિલ માટે વિજયનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. ■



**સિરાજ બની ગયો ડેપ્યૂટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસઃ** ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને ગઈ કાલે હૈદરાબાદમાં ડેપ્યૂટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (ડીએસપી)નો હોદ્દો સોંપાયો હતો.

# મિતેશ પટેલ, અતિત શેઠે મુંબઈ સામે બરોડાને મુસીબતમાંથી ઉગાર્યું

## રણજીમાં ગુજરાત સારી સ્થિતિમાં, પણ સૌરાષ્ટ્ર અને વિદર્ભ વહેલા ઑલઆઉટ

વડોદરાઃ રણજી ટ્રોફીની નવી સીઝન શુક્રવારે શરૂ થઈ હતી જેમાં અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને ઇરાની કપના વિજેતા મુંબઈ સામે બરોડાની ટીમ પહેલાં તો મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી, પરંતુ પછીથી વિકેટકીપર મિતેશ પટેલ (૮૬ રન, ૧૫૯ બૉલ, આઠ ફોર) તથા અતિત શેઠ (૬૦ નૉટઆઉટ, ૧૪૩ બૉલ, બે ફોર)ની જોડીએ ધૈર્યપૂર્ણ ઇનિંગ્સ રમીને બરોડાને વધુ મુસીબતમાં જતું રોક્યું હતું.

બરોડાએ બૅટિંગ લીધા બાદ ૪૯ રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ચાર દિવસીય મૅચમાં પ્રથમ દિવસની રમત પૂરી થઈ ત્યારે ટીમનો સ્કોર છ વિકેટે ૨૪૧ રન હતો. મિતેશ-અતિત વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૧૩૦ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. કૅપ્ટન કૃણાલ પંડ્યા આક્રમક ઇનિંગ્સમાં ૩૮ બૉલમાં બે સિક્સર, એક ફોરની મદદથી ૨૧ રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે સાશ્વત રાવતે પચીસ રન અને વિષ્ણુ સોલંકીએ ૧૮ રન બનાવ્યા હતા. મુંબઈ વતી શમ્સ મુલાની અને તનુષ કોટિયને બે-બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ શાર્દુલ, મોહિત અવસ્થીને મળી હતી.

અન્ય રણજી મૅચોમાં શું બન્યું?: (૧) સિકંદરાબાદમાં હૈદરાબાદ સામે ગુજરાતના આઠ વિકેટે ૩૩૪ રન (મનન હિંગરાજિયા ૧૭૪ નૉટઆઉટ, ઉર્વિલ પટેલ ૬૦ રન, ચમા મિલિંદ ૫૧ રનમાં ત્રણ વિકેટ) (૨) શ્રીનગરમાં મહારાષ્ટ્ર સામે જમ્મુ-કાશ્મીરના પાંચ વિકેટે ૨૬૪ રન (શુભમ કથુરિયા ૧૩૦ નૉટઆઉટ) (૩) દિલ્હીમાં મેઘાલય સામે સર્વિસીઝના ચાર વિકેટે ૨૯૮ રન (રવિ ચૌહાણ ૧૧૩, રજત પાલીવાલ ૮૬ નૉટઆઉટ) (૪) કોઇમ્બતુરમાં તામિલનાડુ સામે સૌરાષ્ટ્ર ૨૦૩ રને ઑલઆઉટ (અર્પિત વસાવડા ૬૨ અણનમ, સોનુ યાદવ ૩૦ રનમાં ત્રણ, મોહમ્મદ ૫૪ રનમાં ત્રણ વિકેટ) (૫) લખનઊમાં ઉત્તર પ્રદેશ સામે બેંગાલના સાત વિકેટે ૨૬૯ રન (સુદીપ ચૅટરજી ૧૧૬ રન, સુદીપ ઘરામી ૯૦ રન, વિપરાજ નિગમ ૫૯ રનમાં ચાર વિકેટ) (૬) નાગપુરમાં આંધ્ર સામે (ડિફેન્ડિંગ ચૅમ્પિયન) વિદર્ભ ૧૧૮માં ઑઆઉટ, કે. વી. શશીકાંત ૩૧ રનમાં ત્રણ વિકેટ) ■

# એફઆઈઆઈની એકધારી વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૨૩૦ પોઈન્ટના ગાબડાં સાથે ૮૧,૪૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના એકંદર નરમાઇના સંકેત સાથે વિદેશી ફંડોની એકધારી વેચવાલીના દબાણને કારણે ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સ ૨૩૦ પોઇન્ટના ગાબડાં સાથે ૮૧,૪૦૦ની નીચે સરકયો હતો. ઇઝરાયલ અને ઇરાનના યુદ્ધ અંગેની અસપ્ષ્ટતા સાથે સ્થાનિકત સ્તરે આઇઆઇપીની જાહેરાત અગ્ાુ બજારમાં સાવચેતીનું માનસ પણ જોવા મળ્યું હતું.

બીએસઇનો ત્રીસ શેરવાળો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૦.૦૫ પોઈન્ટ અથવા ૦.૨૮ ટકા ગબડીને ૮૧,૩૮૧.૩૬ પોઈન્ટના સ્તર પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૩૦૭.૨૬ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૮૧,૩૦૪.૧૫ પોઈન્ટની નીચી સપાટીએ સ્થિર થયો હતો. એ જ રીતે, એનએસઇનો પચટાસ શેરવાળો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી ૩૪.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૨૪,૯૬૪.૨૫ પર સ્થિર થયો છે. સત્ર દરમિયાન તે ૨૪,૯૨૦.૦૫ પોઈન્ટની ઇન્ટ્રાડે નીચી સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઇસીઆઇસીઆઇ બેંક, મારુતિ સુઝુકી ઈન્ડિયા, પાવર ગ્રીડ, એક્સિસ બેંક અને અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. બીજી તરફ, એચસીએલ ટેક્નોલોજી, ટેક મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્દુસ્તાન યુનિલિવર, ઇન્ફોસિસ અને ટાઇટન ટોપ ગેઇનર શેરોની યાદીમાં હતા. સરકાર દ્વારા ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડકશન (આઇઆઇપી)ના ડેટાની સાંજે થનારી જાહેરાત અગાઉ બજારમાં સાવચેતીનું માનસ હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એચસીએલ ટેકનોલોજી ૧.૬૩ ટકા, ટેક મહિન્દ્ર ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૦૨ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૬ ટકા, ઈન્ફોસિસ ૦.૮૩ ટકા, ટાઈટન ૦.૭૯ ટકા, સન ફાર્મા ૦.૭૭ ટકા, ટાટા સ્ટીલ ૦.૬૬ ટકા, લાર્સન ૦.૬૪ ટકા, ભારતી એરટેલ ૦.૫૨ ટકા અને સ્ટેટબેન્ક ૦.૩૮ ટકા વધ્યા હતા.

કલાઉડ સર્વિસિસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજડ આઇટી સેવાઓ પ્રોવાઇડર દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે ધ્યેય કન્સલ્ટિંગ સર્વિસિસમાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદવાની જાહેરાત કરી છે. ધ્યેય કન્સલ્ટિંગ માઇક્રોસોફ્ટ ડાયનેમિક્સ ૩૬૫ અને પાવર પ્લેટફોર્મ સોલ્યુશન્સમાં કુશળતા માટે જાણીતી છે. જ્યારે ટાટા કન્સલ્ટન્સી ૧.૮૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૬૪ ટકા, મારુતિ ૧.૩૦ ટકા, પાવર ગ્રીડ ૧.૩૦ ટકા, એક્સિસ બેન્ક ૦.૮૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૪ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૭૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૭૨ ટકા, આઈટીસી ૦.૭૨ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૪ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૫૦ ટકા ઘટ્યા હતા.




ટાટા ટ્રસ્ટના નવા ચેરમેન તરીકે રતન ટાટાના સાવકા ભાઇ નોએલ ટાટાની વરણી કરવામાં આવી છે. સોલ્ટથી સોફટવેર સુધીના બિઝનેસ સુધી વ્યાપ ધરાવતા આ ઉદ્યોગ ગૃહ સાથે તેઓ પાછલા ચાર દાયકાથી સંકળાયેલા છે. નોએલ ટાટાને ટાટા ગ્રુપની બે સૌથી મહત્વપૂર્ણ ચેરિટેબલ સંસ્થા સર રતન ટાટા ટ્રસ્ટ અને સર દોરાબજી ટાટા ટ્રસ્ટના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અગાઉ તેઓ આ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સંકળાયેલા હતા. નોંધવું રહ્યું કે, રતન ટાટાની ચેરમેનશિપ હેઠળના ૨૧ વર્ષમાં ટાટા જૂથના આવક ૪૬ગણી વધીને રૂ. ૪.૭૫ લાખ કરોડ સુધી પહોંચી, નફો ૫૧ગણો વધ્યો અને માર્કેટ કેપિટલ ૩૩ગણું થઇ ગયું. ટાટા જૂથની નવ કંપનીના શેરમાં પાંચ વર્ષમાં ૫૦૦ ટકાનો વધારો નોંધાયો હતો. દરમિયાન, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ)એ સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં પાંચ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૧,૯૦૯ કરોડનો ચોખ્ખા નફો નોંધાવ્યો છે. સ્ટોક એક્સચેન્જ ફાઇલિંગ ભારતની આ સૌથી મોટી આઇટી સર્વિસ ફર્મની આવક ૭.૬ ટકા વધીને રૂ. ૬૪,૨૫૯ કરોડ નોંધાઇ છે.

ઇરાન અને ઇઝરાયના યુદ્ધ અંગેની અનિશ્ચિતતાને કારણે પણ બજારના સેન્ટિમેન્ટમાં સાવચેતીનું માનસ રહ્યું છે. ઈરાને ઈઝરાયલ પર હુમલો કર્યા બાદ એવી આશંકા સેવાઈ રહી છે કે ઈઝરાયલ ટૂંક સમયમાં ઈરાનની ક્રૂડ ફેસિલિટી પર હુમલો કરશે. ઈઝરાયલના ઈરાનના ક્રૂડ ઓઈલ ફેસિલિટી પર સંભવિત હુમલો અટકાવવા સઉદી અરબ, યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) જેવા ગલ્ફ દેશો અમેરિકા પર દબાણ કરી રહ્યા છે. ઈરાને ગલ્ફ દેશોને ઈઝરાયલની મદદ કરનારા વિરૂદ્ધ જવાબી કાર્યવાહી કરવાની ચીમકી આપતાં ગલ્ફ દેશો અમેરિકા પર દબાણ કરી આ હુમલો અટકાવવા પ્રયાસ કરી રહ્યા છે. ઈઝરાયલનો હુમલો રોકવા માટે અમેરિકા પર દબાણ કરી રહ્યા છે. ગલ્ફ દેશોએ અમેરિકા સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું છે કે જો ઈઝરાયલ ઈરાનના ઓઈલ બેઝ પર હુમલો કરશે તો તેમના ઓઈલ બેઝ ઈરાનના પ્રોક્સી જૂથોના હુમલાનો શિકાર બની શકે છે. ખાડી દેશોના ત્રણ સરકારી સત્તાવાર સૂત્રોને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે કે, સઉદી અરબ, યુએઈ અને કતાર સહિતના ખાડી દેશોએ અમેરિકાને કહ્યું છે કે જો ઈઝરાયલ ઈરાન પર હુમલો કરવા માટે તેમની હવાઈ ક્ષેત્રમાં ઉડ્ડયન કરવા માંગે છે, તો તેને તેમ કરવાની મંજૂરી આપવામાં આવે નહીં.

વૈશ્વિક ઇક્વિટી બજારમાં એકંદર નરમ હવામાન રહ્યું હતું. એશિયન બજારોમાં ટોકિયો અને હોંગકોંગ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જ્યારે શાંઘાઈ અને સિઓલ રેડ ઝોનમાં ગબડ્યાં હતાં. જ્યારે મધ્ય-સત્રના સુધાના અહેવાલ અનુસાર યુરોપિયન બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. યુએસ બજારો ગુરુવારે ઓવરનાઇટ ટ્રેડમાં નીચા મથાળે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૭ ટકા ઘટીને ૭૮.૭૯ ડોલર પ્રતિ બેરલ થયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૪,૯૨૬.૬૧ કરોડની ઇક્વિટી ઑફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૩,૮૭૮.૩૩ કરોડની ઇક્વિટી ખરીદી હતી.

ગુરુવારે સેન્સેક્સ ૧૪૪.૩૧ પોઈન્ટ વધીને ૮૧,૬૧૧.૪૧ પોઈન્ટની સપાટી પર સેટલ થયા હતા, જ્યારે નિફ્ટી ૧૬.૫૦ પોઈન્ટ વધીને ૨૪,૯૯૮.૪૫ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો. દરમિયાન, સપ્ટેમ્બરમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલેકે એસઆઈપી થકી રોકાણનો એક નવો રેકોર્ડ સ્થપાયો છે. ગત એક જ મહિનામાં સર્વાધિક રૂ. ૨૪,૫૦૯ કરોડનું રોકાણ એસઆઈપી દ્વારા કરવામાં આવ્યું છે.

## આઈઆઈપીઃ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધાયો ૦.૧ ટકાનો સાધારણ ઘટાડો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ૮૪.૧૦ની ઐતિહાસિક તળિયે પહોંચ્યો હતો. હાલમાં મધ્યપૂર્વના દેશોની રાજકીય-ભૌગોલિક તણાવની સ્થિતિના ચડાઉ-ઉતારને કારણે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહે તેમ હોવાથી ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં ગત ઑગસ્ટ મહિનામાં ખાસ કરીને ખનન અને પાવર ઉત્પાદન ક્ષેત્રે કામગીરી મંદ પડતાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ૦.૧ ટકા ઘટ્યો હોવાના અહેવાલ હતા. સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૯૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નવા ઐતિહાસિક ૮૪.૧૦ના તળિયા સુધી ગબડ્યા બાદ અંતે સર્વોચ્ચ ૮૪.૧૦ની જ સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ગત આઠમી ઑગસ્ટ, ૨૦૨૪થી ડૉલર સામે રૂપિયો ૮૩.૯૯ સુધીની નીચી સપાટી સુધી રૂપિયાને જાળવી રાખ્યા બાદ આજે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૪૯૨૬.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં રિઝર્વ બૅન્કે ડૉલર સામે રૂપિયાને ૮૪ની સપાટી પાર કરવા દીધો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી વિભાગના હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાલીએ જણાવતાં ઉમેર્યુ હતું કે આગામી ટૂંકા સમયગાળામાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં દરેક ઘટાડે આયાતકારોની ડૉલરમાં લેવાલી, ઈરાન-ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના તણાવને ધ્યાનમાં લેતાં ક્રૂડતેલમાં મક્કમ વલણ રહે તેમ હોવાથી ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ડૉલર સામે રૂપિયામાં ૮૪.૨૫ સુધીની આગેકૂચ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ૧૦૨.૮૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૮.૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૦.૦૫ પૉઈન્ટનો અને ૩૪.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવવાથી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમેરિકામાં રોજગારીના ડેટા નબળા આવતા વિશ્વ બજાર પાછળ સોનું ₹ ૭૮૫ ઝળકીને ફરી ₹ ૭૫,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૬૧૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકામાં બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજી કરનારાઓની સંખ્યામાં અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ જોવા મળવાની સાથે ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હતી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં સુધારો આવ્યો હતો. વધુમાં આજે લંડન ખાતે પણ સત્રના આરંભે સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૨થી ૭૮૫ વધીને ફરી રૂ. ૭૫,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા અને ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૬૧૦નો ચમકારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૧૦ના ઉછાળા સાથે રૂ. ૮૯,૯૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેવા ઉપરાંત સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી તેમ જ આગામી તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા જ્વેલરી ઉત્પાદકોની માગ ખૂલતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૨ વધીને રૂ. ૭૫,૩૨૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૮૫ વધીને રૂ. ૭૫,૬૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હતી.

ગત સપ્ટેમ્બર મહિનામાં અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં અપેક્ષા કરતાં સાધારણ વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ ગત પાંચમી ઑક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીઓની સંખ્યા અપેક્ષિત ૨,૩૦,૦૦૦ સામે વધીને ૨,૫૮,૦૦૦ની સપાટીએ રહી હોવાથી આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં સુધારો આવ્યો હતો. જોકે, હવે રોકાણકારોની નજર આજે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે.

વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૬૩૭.૩૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૨૬૫૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૧ ટકાના સાધારણ ઘટાડા સાથે ઔંસદીઠ ૩૧.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનાવે તેવા સકારાત્મક ડેટા આવ્યા હોવાથી હાલમાં સોનામાં સોનામાં સુધારો જોવા મળ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યુ હતું કે ટેક્નિકલ દૃષ્ટિએ જોઈએ તો વૈશ્વિક સોનામાં આગામી ટૂંકા સમયગાળા માટે ઔંસદીઠ ૨૬૫૭ ડૉલરની સપાટી મહત્ત્વની છે જો ભાવ આ સપાટી કુદાવે તો વધીને પુનઃ ૨૬૮૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચી શકે છે.

જોકે, ગઈકાલના બેરોજગારીના ડેટાની જાહેરાત પશ્ચાત્ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૪.૩ ટકા અને વ્યાજદર યથાવત્ રાખે તેવી ૧૫.૭ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યાના અહેવાલ હતા. જોકે, મધ્યપૂર્વના દેશોમાં પ્રવર્તમાન તણાવમાં વધારો થાય તો સોનામાં ઝડપી તેજીની શક્યતા પણ વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

## સૌરાષ્ટ્રના મથકો પાછળ સિંગતેલમાં ₹ ૩૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે સૌરાષ્ટ્રના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૦નો ઉછાળો આવ્યો હતો, જ્યારે કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૧૯ રિંગિટ, ૧૧૭ રિંગિટ અને ૧૨૦ રિંગિટ વધી આવ્યા હતા. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના ઑક્ટોબર વાયદામાં ૬૧ સેન્ટનો, ડિસેમ્બર વાયદામાં ૭૦ સેન્ટનો અને જાન્યુઆરી વાયદામાં ૬૭ સેન્ટ વધી આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિલરી અને સેલરિસેલ ધોરણે વેપાર ખપપૂરતા રહેતાં આયાતી તેલમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૧૫ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે અલાના, ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ અનુક્રમે રૂ. ૧૨૭૫થી ૧૨૮૦, રૂ. ૧૨૯૫ અને રૂ. ૧૨૯૩ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા બે-ચાર ટ્રક આરબીડી પામોલિનના વેપાર થયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સનરિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સિંગતેલના રૂ. ૧૫૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.

## ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનનાં નાણાં મંત્રાલયે સ્ટિમ્યુલસ પેકેજની વિગતો આપવા માટે આવતીકાલે પત્રકાર પરિષદનું આયોજન કર્યું છે. આ પરિષદમાં જાહેર અને ખાનગી વપરાશ વૃદ્ધિ માટેનાં પગલાં જાહેર કરવામાં આવે તેવા આશાવાદ સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સતત ત્રણ સત્રમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે ઘટાડાને બ્રેક લાગી હતી અને ટીન તથા નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હતો.



પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ટનદીઠ ૯૭૭૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮ વધીને રૂ. ૨૮૮૫ અને રૂ. ૧૪ વધીને રૂ. ૧૪૯૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં જે ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૮૬૮ અને રૂ. ૨૯૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૨૪૫, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૧૨ અને રૂ. ૫૭૩ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૦૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં એકંદરે માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૨૦ અને રૂ. એક ઘટીને રૂ. ૧૮૯ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## રિઅલ્ટી શેરોમાં જોરદાર વેચવાલી અને ધોવાણ, મેટલ શૅરોમાં લેવાલી અને સુધારો

મુંબઇ: શેરબજારમાં એકંદર નિરસ અને સુસ્ત હવામામાં રિઅલ્ટી શેરોમાં જોરદાર વેચવાલી અને ધોવાણ જોવા મળ્યું હતું, જ્યારે ફાર્મા ઓઇલ અને મેટલ શેરોમાં લેવાલી અને સુધારો રહેતા રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો, જ્યારે મેટલ, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં સુધારો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૧,૬૧૧.૪૧ના બંધથી ૨૩૦.૦૫ પોઈન્ટ્સ (૦.૨૮ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૦.૨૯ લાખ કરોડ વધીને રૂ. ૪૬૨.૨૯ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૮૧,૪૭૮.૪૯ ખૂલીને ઊંચામાં ૮૧,૬૭૧.૩૮ સુધી અને નીચામાં ૮૧,૩૦૪.૧૫ સુધી જઈને અંતે ૮૧,૩૮૧.૩૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૫ સ્ક્રિપ્સ ઘટી હતી.


એક્સચેન્જમાં ૪,૦૧૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૪૩ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૭૫૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૨૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૪૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૪ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૯ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૧ ટકા વધ્યો હતો. સેકટરલ ઈન્ડાયસીસમાં મેટલ ૧.૨૫ ટકા, હેલ્થકેર ૦.૮૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૫૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫ ટકા, એનર્જી ૦.૪૯ ટકા, કોમોડિટીઝ ૦.૪૮ ટકા, ટેક ૦.૪૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૬ ટકા અને એફએમસીજી ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૦.૭૪ ટકા, યુટિલિટીઝ ૦.૬૮ ટકા, બેન્કેક્સ ૦.૬૧ ટકા, ઓટો ૦.૪૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૨ ટકા, પાવર ૦.૩૮ ટકા ઘટ્યા હતા. સર્વિસીસ ઈન્ડેક્સ સ્થિર રહ્યો હતો.

## મથકો પાછળ ખાંડમાં પીછેહઠ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સતત બીજા સત્રમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આગળ ધપતા વેપાર રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી છનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકોના નિરુત્સાહી અહેવાલ અને માગ મર્યાદિત રહેતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. બે ઘટીને રૂ. ૩૭૪૦થી ૩૮૦૦માં થયા હતા.

# અનોખા એમ્બિયન્સ વચ્ચે સહારા સ્ટારમાં જામ્યો ફાઈનલ રાઉન્ડ

**નવ દિવસથી પેટ ન ભરાયું ખેલૈયાઓનું, વધુ એક દિવસનું આયોજન કરવાની કરી અપીલ**











દુર્ગા માતાજીનું નવમું રૂપ એટલે મા સિદ્ધિદાત્રી. નવરાત્રિના નવમે દિવસે અષ્ટ સિદ્ધિ ધરાવતી સિદ્ધિદાત્રી માતાની પૂજા સાથે ભગવાન શ્રીરામની પણ પૂજા કરવામાં આવે છે. માતા તમામ સિદ્ધિઓ અને મહાવિદ્યા પ્રદાન કરે છે. માતા કમળ પર બિરાજમાન છે અને તેમના હાથમાં કમળ, શંખ, ગદા, સુદર્શન ચક્ર હોય છે. મા સિદ્ધિદાત્રી સરસ્વતી માતાનું સ્વરૂપ છે.

પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લા પાટીદાર મંડળ દ્વારા આયોજિત સહારા સ્ટાર નવરાત્રિ જલસો-૨૦૨૪ની નવમી અને આ વર્ષની અંતિમ રાત્રિની શરૂઆત માતાજીની ભવ્ય આરતી સાથે કરવામાં આવી હતી. સંપૂર્ણ હોલનું વાતાવરણ ભક્તિમય થઇ ગયું હતું. નવમા દિવસના જાંબળી રંગમાં ખેલૈયાઓ પણ આકર્ષક જણાઇ રહ્યા હતા. આયોજકો ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલાએ પ્રથમ દિવસથી શુક્રવારે છેલ્લા દિવસની છેલ્લી ઘડી સુધી ખેલૈયાઓની સુવિધાનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો હતો. વરસાદ કહો કે ટાઇમની મર્યાદા આવી કોઇ અડચણ ખેલૈયાઓને નડી નહોતી અને તેઓ નવે-નવ દિવસ ઝૂમ્યા હતા. પાટીદાર સ્વજન દ્વારા આયોજિત સહારા સ્ટારની નવરાત્રિનું આયોજન એટલું જબરદસ્ત કરાયું હતું કે ખેલૈયાઓ નવ દિવસની નવરાત્રિથી સંતોષ થઇ નહોતો રહ્યો એટલે આયોજકોને વધુ એક દિવસ નવરાત્રિનું આયોજન કરવાની વિનંતી કરી હતી. શુક્રવારે અથિતિ વિશેષ તરીકે ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયા હાજર રહ્યા હતા.

સહારા સ્ટારના બોલરૂમમાં ફાઈવ સ્ટાર સુવિધા ઉપલબ્ધ હતી. અનોખું એમ્બિયન્સ, સ્વચ્છ સેનિટાઈઝ્ડ વોશરૂમ, વેલે પાર્કિંગ અને વેન્યુના પ્રવેશદ્વાર સુધી વાહનમાં આવવાની ફેસિલિટી વગેરે સુવિધાઓ અન્ય કોઇ નવરાત્રિ આયોજનમાં જોવા મળતી નથી. સહારા સ્ટારમાં નવરાત્રિનું આયોજન ભવ્ય તો છે જ સાથે સાથે અહીં રોજેરોજ ઈનામો પણ આકર્ષક રાખવામાં આવ્યાં હતા.

દિવ્ય ધ્વનિ બેન્ડના લીડ સિંગર મનીષા સાવલા, સ્વપ્નિલ મિસ્ત્રી, સ્ટાર સિંગર આરતી વારા, આશિષ શાહ અને પ્રશાંત શાહના સૂરના સંગાથે ખેલૈયાઓને ખબર જ ના પડી કે નવરાત્રિના નવ દિવસ પૂરા થઇ ગયા.

શુક્રવારે પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસો-૨૦૨૪નો ફાઈનલ રાઉન્ડ હતો અને અને એ જ દિવસે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ પણ રાખવામાં આવ્યો હતો. આકર્ષક ઇનામોની વણજાર જોઇને ખેલૈયાઓનો ઉત્સાહ વધુ જોવા મળ્યો હતો. વધુ નવ દિવસ આવી સ્પર્ધા યોજાવી જોઇએ એવી ખેલૈયાઓએ ઇચ્છા વ્યક્ત કરી હતી.

## કુમ કુમ પગલે પધાર્યા

### રાજાવાડી નવરાત્રિ મંડળની સાંસ્કૃતિક ૧૦૮ કુંવારિકાની આરતી

રાજાવાડી નવરાત્રિ મંડળ જે છેલ્લાં ૫૬ વર્ષથી પારંપરિક નવરાત્રિ મહોત્સવ ઊજવે છે. આ મંડળની સ્થાપના અરૂણભાઈ સોમૈયા અને નરોત્તમભાઈ સોમૈયાએ કરી હતી. આ રાજાવાડી ચોકની નવરાત્રિ મુંબઈમાં સૌથી પહેલી નવરાત્રિમાંની એક છે. આ મંડળનું મુખ્ય આકર્ષણ છે. ૧૦૮ કુમારિકાઓની આરતી, જે પરંપરા વર્ષોથી ચાલે છે. આ આરતીમાં કુંવારીકાઓને દાતા પરિવાર દ્વારા વિવિધ પ્રકારની ભેટ આપવામાં આવે છે. આ માતાજીની આરતી નિહાળવા માજી વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતા, નગરસેવિકા બિન્દુબેન ત્રિવેદી પધાર્યા હતા.





ગિરગાંવની પીંપળવાડીના શ્રી નવદુર્ગા નવરાત્રૌત્સવ મંડળ (રજી.)ના ચાર ભૂજાવાળી સિંહ પર બિરાજમાન અંબે માતા.

## ઓનલાઈન ગુનાઓ સામે લડવા માટે સરકારે આધુનિક સાયબર સેન્ટર શરૂ કર્યું

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે આધુનિક સાયબર કમાન્ડ સેન્ટરનું નવી મુંબઈ ખાતે ઉદ્‌ઘાટન કર્યું હતું અને તેમણે કહ્યું હતું કે આને કારણે રાજ્યમાં ઓનલાઈન સિક્યોરિટીમાં વધારો થશે.

ફડણવીસે કહ્યું હતું કે વધતી જતી છેતરપિંડીની યોજનાઓ જે પ્લેટફોર્મ પર થઇ રહી છે એ વ્હોટ્સએપ અને ફેસબુક તેમ જ અન્ય સાયબર ધમકીઓનો સામનો કરવા માટે આ પ્રોજેક્ટને તરતો મૂકવામાં આવ્યો છે અને આ કેન્દ્ર રાજ્યમાં પરિવર્તનશીલ બની રહેશે. અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ કેન્દ્ર સાયબર હુમલાઓની આસપાસના લોકોના ભયને નોંધપાત્ર રીતે દૂર કરશે. તેમણે આ પહેલને સાયબર ધમકીઓથી નાગરિકોને સુરક્ષિત રાખવા માટે એક વ્યાપક પ્રયાસ હોવાનું જણાવ્યું હતું.

લોન્ચના ભાગરૂપે સાઈબર કમાન્ડ સેન્ટર ૧૪૪૦૭ની સમર્પિત હેલ્પલાઈન જાહેર કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેન્દ્ર ૧૫મી ઓક્ટોબરથી સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરવાનું શરૂ કરશે.

સાયબર સિક્યોરિટી પ્રોજેક્ટનો ઉદ્દેશ વાર્ષિક પાંચ હજાર પોલીસ કર્મચારીઓને તાલીમ આપવાનો છે, જે રાજ્યની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવે છે. ભારતમાં મહારાષ્ટ્ર રાજ્ય ટેક્નોલોજી ક્ષેત્રે મોખરે છે અને આ પ્રોજેક્ટ અન્ય રાજ્યો માટે તેમના સાયબર સુરક્ષા માળખાને વધારવા માટે એક મોડેલ તરીકે સેવા આપવી જોઇએ. (પીટીઆઈ) ■

## કાશીમીરામાં ૩,૫૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું

મીરા ભાયંદરઃ મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને લાખો રૂપિયાની પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત કરી હતી, જેને એક પિક-અપ જીપમાં કાશીમીરા લઈ જવામાં આવી રહી હતી. આ અગાઉ કાર્યકરોએ આક્ષેપ લગાવ્યો હતો કે નાગરિક સંસ્થા પ્લાસ્ટિકના જોખમનો સામનો કરવા માટે નિવારક પગલાં લેવાથી દૂર રહી છે. એક સૂચનાના આધારે, એમબીએમસીના સ્વચ્છતા વિભાગની એક ટીમે કાશીમીરામાં એક જીપને અટકાવી હતી, જેમાં ૩,૫૦૦ કિલોગ્રામથી વધુ વજનની સિંગલ-યુઝ પ્લાસ્ટિક (એસયુપી) પેકેજિંગ સામગ્રી ધરાવતી ડઝનેક મોટી થેલીઓ હોવાનું જણાયું હતું. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, વેપાર, સ્ટોકિંગ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સેનિટેશન વિભાગમાંથી પ્રાપ્ત આંકડાઓ મુજબ, આ વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચેના છ મહિનામાં જોડિયા-શહેરમાં ૪૮૧ વિક્રેતાઓ પાસેથી ૪,૫૦૦ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિકની થેલીઓ જપ્ત કરવામાં આવી છે અને રૂ. ૨૪ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે. ■

# ભૂલો રે પડ ભગવાન તું થાણે રાસ રંગમાં જિતુ મહેતા તને વૈકુંઠ ભુલાવી દેશે

કેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪ હનીફ અસલમ સંગ આયોજનમાં પ્રથમ દિવસથી રંગરસિયાઓ મા અંબેમાની ભક્તિ ભાવથી કરે છે. આખા વર્ષની એનર્જી ભેગી કરે કરીને ભારે જહેમત ઉઠાવે છે. થાણે રાસ રંગના પટાંગણમાં બૃહદ્ મુંબઈ અને થાણેની મોસ્ટ પોપ્યુલર નવરાત્રિના સહભાગી થવા આયોજક જિતુભાઈ મહેતાના મિત્રો, શુભેચ્છકો, સંબંધીઓ અને સરકારી અધિકારીઓ અને થાણે તેમ જ મુંબઈના રાજકારણીઓ મુલાકાત લે છે. પટાંગણના અંબે માના ભવ્ય મંદિરમાં માતાજીનાં દર્શન પ્રસાદ બાદ તરત તેમને નવરાત્રિના ભવ્ય વિશાળ સ્ટેજની બાજુમાં વિશાળ આલીશાન એસી વ્યુ ગેલેરીમાં બેસાડવામાં આવે છે. ત્યાં તરત તેમને શ્રીરથ કેટરર્સ મીતેષ પલાણનો વિનયી-વિવેકી સ્ટાફ સ્યોર ફ્રેશ ફ્રૂટ જ્યુસ વેરાયટી સ્ટારર - ક્વોલિટી ડ્રાયફ્રૂટ, કૂકીથી સરભરા કરે છે. વીઆઈપી મહેમાનગતી સાથે આવેલ મહેમાનોએ નવરાત્રિના સુંદર આયોજનની મજા માણી હતી.

નવરાત્રિના નવેનવ દિવસ હનીફ-અસલમ અને તેના બેન્ડના સાજિંદાઓ દરરોજ પ્રથમ દિવસ હોય તેમ ઉત્સાહ-ઉમંગથી સંગીતની સુરાવલી રેલાવે છે અને તેમને સાથ આપે છે સોરઠિયો સાવજ ઉમેશ બારોટ, ફિરોઝ લાકડા, રૂપાલી કશ્યપ, હેલી મઝમુદાર, દ્રવિતા ચોકસી. આ ગાયકો જ્યારે કોરસમાં 'ડમ્મર વાગ્યા રે માના, વેણા વાગ્યા, ચોટીલા ડાકલા વાગ્યા, મોતી વેરાણા થાણે રાસ રંગમાં ત્યારે પટાંગણમાં અંબે માના ભક્તો ઝૂમી ઊઠે છે. મેદાનમાં ગરબે ઝૂમતા ખેલૈયાઓમાં બેસ્ટ ડાન્સરની પસંદગી કરવા માટે જજ જય ઠક્કરની નિયુક્ત કરાયેલી ટીમ બેસ્ટ ખેલૈયાઓ પર નજર રાખતી થઇ જાય છે.

થાણેના ઓક્ટ્રોય મેદાનમાં ગરબે ઘૂમવા આવેલા ખેલૈયાઓ માટે રાહતના સમાચાર એ હતા કે બે દિવસ મેઘરાજાએ મન મૂકીને વરસ્યા બાદ આજે પોરો ખાધો હતો. જોકે બે દિવસ પડેલા વરસાદમાં પણ ખેલૈયાઓએ રેઈન ડાન્સની મજા લૂંટી હતી અને મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા.









### આશર ગ્રુપનો ઘણો સહકાર સાંપડ્યોઃ શિંદેસાહેબે કોઇ કચાશ ન રાખી

નવરાત્રિના મેગા આયોજનમાં મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા, આશર ગ્રુપના અજયભાઈ આશરનો ખૂબ ખૂબ સહકાર પ્રાપ્ત થયો હતો. અજયભાઈ આશરે થાણેનો વિકાસ કરવામાં ઘણી સ્કીમોને તરતી મૂકી છે. તેઓ તેમની રાજકીય વગથી થાણેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ખૂબ વેગ આપી રહ્યા છે. આ ઉપરાંત થાણે રાસરંગમાં કોઇ પણ પ્રકારના ખલેલને પહોંચી શકાય એ માટે શિંદેસાહેબના જમણા હાથ સમા યુવા નેતા વિકાસ રેપાલે અને મેડમ નમ્રતા ભોસલે તેમની ટીમ સાથે ગેટ પર સતત વોચ રાખી રહ્યા છે. તેમના કાર્યકર જીત મોરે અને અશોક બોધને પણ સક્રિય રહે છે. આ કારણસર નવરાત્રિના નવ દિવસ વિશાળ માનવમેદની હોવા છતાં કોઇ અવ્યવસ્થા થઇ નહોતી.

### ૧૧-૧૦-૨૪ ફાઈનલ રાઉન્ડના જજની યાદી

પૂર્વી પલણ, જય ઠક્કર અને સીમરન આહુજા.

### થાણે રાસરંગના ડાન્સિંગ ફોટોગ્રાફર - વીડિયોગ્રાફર



ભાવિક-બન્ટી (જિનલ સ્ટુડિયો) થાણે રાસરંગ ઘર ઘર સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય જિનલ સ્ટુડિયોના ભાવિક-બન્ટી અને તેની ટીમ કરી રહી છે. બન્ટીના ફોટા પાડવાની સ્ટાઈલ આગવી છે, જ્યારે પણ કોઇ સેલિબ્રિટી આવી હોય ત્યારે તેઓ ભાવિક અને બન્ટીથી પ્રભાવિત થઇ જાય છે. જિનલ સ્ટુડિયોની શરૂઆત બન્ટીભાઈએ ૧૯૮૪માં કરી હતી. તેઓ ૧૯૯૮થી જિતુ મહેતા સાથે જોડાયેલા છે. ૨૦૧૭થી થાણે રાસરંગનું કામ સંભાળે છે. તેઓ પૂજ્ય ગુરુદેવ નમ્ર મુનિ મહારાજ સાહેબના દરેક પ્રોગ્રામનું કાર્ય સંભાળે છે. તેઓ વીડિયો શૂટિંગ ડ્રોન દ્વારા ૨૦૧૨થી કરી રહ્યા છે. થાણે રાસરંગ-૨૦૨૪માં જે.પી.વી. ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ વેડિંગ શૂટિંગના સ્પેશિયાલિટી ધરાવે છે.

